بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**રબ્બે ઝિદ્‌ની ઈલ્મા વર્ઝુકની ફહ્‌મા.** رَبِّ زِدْنِي عِلْمًا وَارْزُقْنِي فَهْمًا

**અર્થ : અય મારા પાલનહાર ! મારું ઈલ્મ વધાર અને મને સમજદારીની રોઝી આપ.**



**સરપરસ્ત**

પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)




અખિલ ગુજરાત શીઆહ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

વર્ષ : ૩૨ ❖ અંક : ૫ ❖ જાન્યુઆરી—૨૦૧૩

૨૭, સફર, હિ.સન—૧૪૩૪ ❖ સળંગ અંક : ૩૭૭



**આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા**

**માનદ તંત્રી**

કાસમભાઈ વિજાપુરા (મોબા. : ૯૪૨૬૫ ૪૧૪૭૨)

સહતંત્રી : માસૂમ મહેરપુરી
મો.૯૬૮૭૬૭૯૫૧૩

વ્યવસ્થાપક : ઈબ્રાહીમ ડી. વાઘ
✆ ૨૨૭૨૯૬ મો.૯૪૨૮૬૪૬૪૭૬

સહ વ્યવ. : અકબરઅલી એ. મસી
મો.૯૮૨૫૪૯૭૧૭૮
અનવરઅલી એચ. મતિયા

મશાયખ કમ્પ્યૂટર : જાફરી આવાઝ ૯૯૨૫૭૩૦૧૦૭

**સલાહ અને માર્ગદર્શન**

મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી(સિધ્ધપુર)

**મુખપૃષ્ઠ સજાવટ**

શબ્બીરઅલી ગુલામમહંમદ રેવાસીયા(જેઠીપુરા)

**કાર્યાલયનું સરનામુ**

'જાફરી આવાઝ'(માસિક)
મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન-૩૮૩ ૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬

Website : www.jafariaawaz.com
Email : jafariaawaz@gmail.com



વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-
(મોહર્રમ માસથી જ ગ્રાહક થવાય છે.)


## લેખ સૂચિ


| | |
|---|---|
| ❊ ઊઘડતે પાને............................ | ૦૧ |
| ❊ કુરઆન શિક્ષણ......................... | ૦૪ |
| ❊ અહાદીસ ............................... | ૦૬ |
| ❊ સુપરમેન ઈન ઈસ્લામ : હ.ઈમામ જાફર સાદિક(અ.) | ૦૯ |
| ❊ ગડમથલ................................ | ૧૨ |
| ❊ વસીલો : એક ઇલાહી નેઅમત............ | ૧૩ |
| ❊ ચીન દેશમાં ઈસ્લામ ધર્મ .................... | ૨૫ |
| ❊ નહજુલ અસરાર......................... | ૨૯ |
| ❊ મશાયખવાણી........................... | ૩૩ |
| ❊ જાફરી પંચાંગ........................... | ૩૬ |
| ❊ અલ ઈર્શાદ ............................. | ૩૭ |
| ❊ હિજાબ ................................. | ૪૦ |
| ❊ કુરઆને મજીદના સૂરાઓનો પરિચય .... | ૪૩ |
| ❊ સર્વશ્રેષ્ઠ સ્મરણ ........................ | ૪૫ |
| ❊ બ્લૉગ .................................. | ૪૭ |
| ❊ શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ ..... | ૪૯ |
| ❊ નબવી અદાલત.......................... | ૫૧ |
| ❊ જ્ઞાનગોષ્ઠિ............................... | ૫૪ |
| ❊ આપણા ઘરની વાતો ..................... | ૫૯ |
| ❊ 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન....... | ૬૨ |


## ઊઘડતે પાને...

પયગમ્બરે ઈસ્લામ (સ.).

હઝરત મોહંમદ મુસ્તફા (સ.).

એક વખત પયગમ્બરે ઈસ્લામ (સ.) જિહાદ કરવા માટે બની મસ્તલકની વિરૂધ્ધ નીકળ્યા તો આપ (સ.)એ જાહેર રસ્તાથી જવાનું મુનાસિબ ન માન્યું. સફર દરમિયાન

જ રાત પડી ગઈ. તો આપ (સ.)એ જંગલની ખીણમાં રોકાવાનો હુકમ કર્યો. જ્યારે અડધી રાત પસાર થઈ ગઈ તો જિબ્રઈલ (અ.) આવ્યા અને આં હઝરત (સ.)ને માહિતગાર કર્યા કે કાફ્ર જિન્નાતોનું એક ટોળું આ ખીણમાં મોજૂદ છે. તેમનો નાપાક ઈરાદો એવો છે કે આં હઝરત (સ.)ને અને આપના સાથીઓને નુકસાન પહોંચાડે.

આં હઝરત (સ.)એ અલી (અ.)ને બોલાવ્યા અને તેમને ફરમાવ્યું,

"આ ખીણમાં જાઓ અને એ જિન્નાતો કે જે અલ્લાહના કટ્ટર દુશ્મન છે અને આપણા ઉપર હુમલો કરવા ઈચ્છે છે, તેમને તમારી કુવ્વતથી કે જે ખુદાએ તમને ખાસ કરીને અર્પણ કરી છે, પાછા ધકેલી દો. અલ્લાહ તમારો નિગેહબાન છે. તમને અલ્લાહે દરેક પ્રકારનું ઈલ્મ પણ આપ્યું છે."

આં હઝરત (સ.)એ આપની સાથે એકસો માણસોની ટુકડી પણ મોકલી. એ લોકોને આં હઝરત (સ.)એ એવો હુકમ આપ્યો,

"તમે આપ (અ.) (એટલે કે હઝરત અલી (અ.)ની સાથે જાઓ અને તેમના હુકમનું પાલન કરો."

અમીરુલ મોમિનીન (અ.) એ લોકોને લઈને નીકળ્યા. જ્યારે આપ ખીણની નજીક પહોંચ્યા તો આપે પોતાના એકસો સાથીઓને હુકમ કર્યો કે તે લોકો ત્યાં રોકાય અને પોતાના તરફથી કોઈ કાર્યવાહી ન કરે જ્યાં સુધી કે આપના તરફથી કોઈ હુકમ આપવામાં ન આવે. આપ એકલા જ આગળ વધ્યા અને ખીણના મુખ ઉપર ઊભા થઈ ગયા. આપે અલ્લાહની મદદ માટે દુઆ કરી જેથી દુશ્મનને ઝેર કરી શકાય.

આપે પોતાના સાથીઓને ઈશારો કરીને આગળ આવવાનું કહ્યું. તે લોકો આપની નજીક આવી ગયા. આપના અને તે લોકોની વચ્ચે ખૂબ ઓછું અંતર રહી ગયું.

ત્યાર પછી આપ જાતે જ ખીણમાં દાખલ થયા. એકાએક તોફાની હવાઓ ચાલવા લાગી. હવાઓ એટલી બધી ઝડપી હતી કે લોકો મોઢા વરાણે નીચે પડવા લાગ્યા. માણસોના પગ જમીન ઉપર જામેલા ન રહી શક્યા. અમીરુલ મોમિનીન (અ.)એ ગર્જના કરતા હોય એવા અવાજમાં કહ્યું,

"હું અલી (અ.) ઈબ્ને અબીતાલિબ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ છું. હું રસૂલલ્લાહ (સ.)નો વસી છું, અને ભાઈ છું. મારો મુકાબલો કરવા નીકળી આવો."

આપનો અવાજ સાંભળીને ઘણા બધા લોકો હબશી (ભટકતા લોકોની શકલમાં) નીકળી આવ્યા, જેવી રીતે કે તેમના હાથોમાં મશાલો હતી. તે લોકો ખીણના ખૂણે ખૂણામાં ફેલાઈ ગયા.

અમીરુલ મોમિનીન (અ.) ખીણની અંદર

ચાલ્યા જતા હતા. આપ મોટા અવાજે કુરઆને મજીદની તિલાવત કરી રહ્યા હતા અને જમણી અને ડાબી બાજુએ પોતાની તલવારથી પ્રહારો કર્યે જતા હતા. હજુ તો કંઇ વાર પણ લાગી નહતી એટલામાં તો તેઓ કાળા ધુમાડાના વાદળોમાં ફેરવાઇ ગયા. અમીરુલ મોમિનીન (અ.)એ તકબીરનો નાઅરો બુલંદ કર્યો. ત્યાર પછી આપ પાછા ફર્યા. આપ પોતાના સાથીઓની પાસે ઊભા થઇ ગયા. તે સ્થળ પીળા રંગથી ઢંકાયેલું જોવા મળ્યું. રસૂલ (સ.)ના અસ્હાબોએ અમીરુલ મોમિનીન (અ.)ને કહ્યું,

"અય અબુલ હસન ! અમે લોકો તો ડરના માર્યા મરી જાત. અમને તો આપની ખૂબ જ ચિંતા થતી હતી. અમને તો આવું ખતરનાક દ્રશ્ય કદી જોવા મળ્યું નહોતું."

આપ (અ.)એ તેમને બતાવ્યું,

"જ્યારે દુશ્મનો મારી સામે આવ્યા તો મેં 'અલ્લાહુ અકબર'નો નાઅરો લગાવ્યો કે એકાએક તે લોકોનાં કદ ખૂબ નાનાં થઇ ગયાં અને મેં જોયું કે તે લોકો ડરના માર્યા ધ્રુજી રહ્યા છે. આ પરિસ્થિતિ જોઇને હું દુર્રાના ખીણની મધ્યમાં પહોંચી ગયો. મને જરા પર ડર લાગતો ન હતો. જો તે લોકો પોતાની અસલ સૂરતોમાં રહ્યા હોત તો હું તેમના ઉપર હુમલો કરત. અલ્લાહે આપણી મદદ કરી અને તેમના નાપાક મન્સુબાને ધૂળમાં મિલાવી દીધો. તે જ મુસલમાનોનો મદદગાર છે. તેમનામાંથી એક મોટું ટોળું મારી સાથે આવ્યું છે જેથી તે બધા રસૂલલ્લાહ (સ.)ની ખિદમતમાં જઇને ઈમાન કબૂલ કરે."

અમીરુલ મોમિનીન (અ.) પોતાના સાથીદારોની સાથે રસૂલિલ્લાહ (સ.)ની ખિદમતમાં આવ્યા. આપે આં હઝરત (સ.)ને બધા પ્રસંગોની ખબર આપી. રસૂલલ્લાહ (સ.) ખૂબ જ ખુશ થયા અને આપના માટે દુઆ ફરમાવી, ત્યારે આં હઝરત (સ.)એ આપને કહ્યું,

"અય અલી ! તમારા પહેલાં તેમનામાંથી ઘણા બધા જિન્નાત મારી પાસે આવી ચૂકયા છે. તે લોકો તમારા ડરથી ધ્રુજી રહ્યા હતા. પછી તેમણે અલ્લાહના દીનને અપનાવી લીધો છે. મેં તેમની ઈતાઅતનો સ્વીકાર કરી લીધો છે."

ત્યાર પછી બધા જ મુસલમાનો પોતાની મંઝિલની તરફ ચાલ્યા ગયા.

(મોહંમદ બિન અબી અસરી તમીમીએ એહમદ બિન ફર્જના હવાલાથી, તેમણે હસન બિન મૂસા નહદીના હવાલાથી અને તેમણે તેમના બાપના હવાલાથી અને તેમણે તેમના બાપના હવાલાથી અને તેમણે વબરા બિન હારિસના હવાલાથી અને તેમણે ઈબ્ને અબ્બાસના હવાલાથી આ પ્રસંગ કહ્યો છે.)

(સંદર્ભ : 'અલ ઈર્શાદ', પેજ–૩૨૬)

**ઈસ્લામી કવીઝ નં. ૨૨૯ના જવાબો**

(૧) જનાબે ફાતેમા ઝહરા (સ.) (૨) નિશાની (૩) કૌમે આદ (૪) હકકુલઈબાદ (૫) હઝરત કાસિમ (અ.) (૬) તે દિવસે રોઝા રાખવાના સિલસિલાને તોડી દેવામાં આવે છે.

# કુરઆન શિક્ષણ

અઝ
આકાએ નામદાર
પીર સૈયદ મોહંમદ
મુશાહિદહુસૈન
જાફરી(મદ્દે.)

## નબીઓ અને ઈમામો વિષેની આયતો

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

وَلَقَدۡ قَالَ لَهُمۡ هٰرُوۡنُ مِنۡ قَبۡلُ يٰقَوۡمِ اِنَّمَا فُتِنۡتُمۡ بِهٖ ۚ وَاِنَّ رَبَّكُمُ الرَّحۡمٰنُ فَاتَّبِعُوۡنِىۡ وَ اَطِيۡعُوۡۤا اَمۡرِىۡ ﴿۹۰﴾

✪ અને હારૂને તેમને પ્રથમથી જ કહી દીધું હતું કે હે મારી કોમ ! આ વાછરડા વડે તમારી કસોટી જ કરવામાં આવી છે અને નિ:સંશય તમારો પરવરદિગાર તે જ દયાળુ અલ્લાહ છે, માટે તમે મારી તાબેદારી કરો અને મારી આજ્ઞા માનો.

(પારો–૧૬, સૂરએ તા–હા, આયત–૯૦)

---

قَالُوۡا لَنۡ نَّبۡرَحَ عَلَيۡهِ عٰكِفِيۡنَ حَتّٰى يَرۡجِعَ اِلَيۡنَا مُوۡسٰى ﴿۹۱﴾

✪ તેમણે કહ્યું કે અમે તેની ઈબાદત કરતાં હરગિઝ અટકીશું નહીં જ્યાં સુધી કે મૂસા અમારી પાસે પાછો ફરીને ન આવે.

(પારો–૧૬, સૂરએ તા–હા, આયત–૯૧)

---

فَقُلۡنَا يٰۤاٰدَمُ اِنَّ هٰذَا عَدُوٌّ لَّكَ وَلِزَوۡجِكَ فَلَا يُخۡرِجَنَّكُمَا مِنَ الۡجَنَّةِ فَتَشۡقٰى ﴿۱۱۷﴾

✪ જેથી અમોએ કહ્યું કે હે આદમ ! નિ:સંશય આ તારો અને મારી પત્નીનો દુશ્મન છે જેથી એમ ન થાય કે તે તમો બન્નેને જન્નતમાંથી કાઢી મૂકે, જેથી તું આપત્તિમાં આવી પડે.

(પારો–૧૬, સૂરએ તા–હા, આયત–૧૧૭)

---

اِنَّ لَكَ اَلَّا تَجُوۡعَ فِيۡهَا وَلَا تَعۡرٰى ﴿۱۱۸﴾

✪ જો કે આ વાત ચોક્કસ છે કે તું તેમાં ન ભૂખ્યો રહેશે ન નાગો:

(પારો–૧૭, સૂરએ તા–હા, આયત–૧૧૮)

وَاَنَّكَ لَا تَظْمَؤُا فِيْهَا وَلَا تَضْحٰى ﴿١١٩﴾

❂ અને ન તેમાં કદી તરસ્યો થશે અને ન તને તડકો લાગશે.

(પારો–૧૭, સૂરએ તા–હા, આયત–૧૧૯)

---

فَوَسْوَسَ اِلَيْهِ الشَّيْطٰنُ قَالَ يٰٓاٰدَمُ هَلْ
اَدُلُّكَ عَلٰى شَجَرَةِ الْخُلْدِ وَمُلْكٍ لَّا يَبْلٰى ﴿١٢٠﴾

❂ હવે શયતાને તેના મનમાં વસવસો નાખ્યો અને કહ્યું કે હે આદમ ! શું હું તને અમર રહેવાનું વૃક્ષ દેખાડું ? અને એવી સલ્તનત (દેખાડું) કે જે કદી જૂની ન થાય ?

(પારો–૧૭, સૂરએ તા–હા, આયત–૧૨૦)

---

قَالُوْٓا ءَاَنْتَ فَعَلْتَ هٰذَا بِاٰلِهَتِنَا يٰٓاِبْرٰهِيْمُ
﴿٦٢﴾

❂ (પછી જ્યારે ઈબ્રાહીમને હાજર કરવામાં આવ્યો ત્યારે આ લોકો) બોલ્યા કે હે ઈબ્રાહીમ ! શું તેં જ અમારા દેવતાઓની આવી દશા કરી છે ?

(પારો–૧૭, સૂરએ અંબિયા, આયત–૬૨)

---

قَالَ بَلْ فَعَلَهٗ ۖ كَبِيْرُهُمْ هٰذَا فَسْـَٔلُوْهُمْ اِنْ
كَانُوْا يَنْطِقُوْنَ ﴿٦٣﴾

❂ ફરમાવ્યું, નહીં, (કદાચને) તેઓમાંથી આ જે સૌથી મોટો છે તેણે જ આવું કર્યું હશે, માટે અગર તે બોલતા હોય તો તેમને જ પૂછી જુઓ.

(પારો–૧૭, સૂરએ અંબિયા, આયત–૬૩)

---

قُلْنَا يٰنَارُ كُوْنِيْ بَرْدًا وَّسَلٰمًا عَلٰٓى اِبْرٰهِيْمَ ﴿٦٩﴾

❂ (સારાંશ કે જ્યારે ઈબ્રાહીમને ભડભડતી આગમાં નાખવામાં આવ્યો ત્યારે) અમોએ કહ્યું કે હે આગ ! તું ઈબ્રાહીમ ઉપર ટાઢી અને સલામતી આપનારી થઈ જા;

(પારો–૧૭, સૂરએ અંબિયા, આયત–૬૯)

**જાફરી આવાઝનું કુરિઅર સરનામુ** મશાયખ કમ્પ્યૂટર, જાફરી આવાઝ(માસિક), આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ. આઈ.સી. ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર. મો.૯૯૨૫૭૩૦૧૦૭



# અહાદીસ

અનુવાદક : જનાબ સૈયદ ઓવેસઅેહમદ ઝેડ. જાફરી

કિતાબ
**ઈર્શાદાતે રસૂલ(સ.)**

## ૧૭ નિખાલસતા અને યકીન વિષે

قُلْ اِنِّیْۤ اُمِرْتُ اَنْ اَعْبُدَ اللّٰهَ مُخْلِصًا لَّهُ الدِّیْنَ ﴿۱۱﴾

હે પયગમ્બર ! એ લોકોથી કહી દો કે મને તો અલ્લાહ તરફથી એ જ હુકમ મળ્યો છે કે હું ફકત અલ્લાહના હુકમોને નજર સમક્ષ રાખી ફકત તેની ઈબાદત કરું.

(સૂરએ ઝુમ્ર, આયત-૧૧)

(૨૨૭) જ્યારે તમે કોઇ અમલ બજાવી લાવો તો ફકત અલ્લાહના માટે નિખાલસતાથી બજાવી લાવો કારણ કે અલ્લાહ તેના બંદાઓના તે જ અમલ કબૂલ કરે છે કે જે ફકત તેના માટે જ હોય. (બિહારૂલ અન્વાર, જિલ્દ–૭૭, સફા–૧૦૩)

(૨૨૮) અલ્લાહ તમારા ચહેરાઓ અને તમારા કાર્યોને નથી જોતો પરંતુ તે તમારા દિલોને અને નિય્યતોને જુએ છે.
(જામેઅ અલ અખબાર, સફા–૧૧૭)

(૨૨૯) જે બંદો નિખાલસતાથી બે રકાત નમાઝ પઢે છે કે જેને અલ્લાહ અને તેના ફરિશ્તાઓ સિવાય બીજું કોઇ જોતું નથી તો તે બંદાને જહન્નમથી આઝાદી મળી જાય છે.
(મજમુઆ વરામ, જિલ્દ–૧, સફા–૫)

(૨૩૦) નિખાલસતા દરેક ઈતાઅતને કબૂલ કરવા પાત્ર બનાવે છે. (તરાએફુલ હિકમ, જિલ્દ–૨, સફા–૨૨૩)

(૨૩૧) જે બંદો અલ્લાહ માટે ચાલીસ દિવસ સુધી નિખાલસ ઈબાદત કરે છે અલ્લાહ તેને ઈલ્મ અને હિકમત એનાયત કરે છે. (સફીનતુલ બિહાર, જિલ્દ–૧, સફા–૨૯૧)

(૨૩૨) જે ઈબાદતો છૂપી રીતે ફકત અલ્લાહ માટે કરવામાં આવે તેમનો બદલો ઘણો વધારે છે. (સફીનતુલ બિહાર, જિલ્દ–૧, સફા–૪૦૪)

(૨૩૩) અલ્લાહે હઝરત મૂસા (અ.)ને વહી મોકલી કે હે મૂસા ! જેનું બાહ્ય રૂપ તેના આંતરિક રૂપ કરતાં સારું હોય તેવો બંદો મારો હકીકી દુશ્મન છે. જેનું બાહ્ય રૂપ અને આંતરિક રૂપ એક સમાન હોય તે હકીકી મોમિન છે. અને જેનું આંતરિક રૂપ (બાતિન) તેના બાહ્ય રૂપ (જાહેર રૂપ) કરતાં વધારે સારૂં હોય તે મારો હકીકી વલી છે.
(જામેઅ અલ અખબાર, સફા–૨૧૭)

(૨૩૪) સબ્ર અડધું ઈમાન છે અને યકીન સંપૂર્ણ ઈમાન છે. (ઈસ્ના અશરીયા, સફા–૮)

(૨૩૫) યકીન સુધી પહોંચનારની છ નિશાનીઓ છે. (૧) અલ્લાહની તૌહીદ પર યકીન (૨) મોત પર યકીન અને તેનાથી ડર (૩) ફરી સજીવન થવાનું યકીન અને કયામતનો ડર (૪) જન્નત બરહક છે તેના માટે ઉત્સુકતા (૫) જહન્નમ બરહક છે તેના પર યકીન અને તેનાથી મુકિતની કોશિશ કરતો રહે. (૬) હિસાબ કિતાબ પર યકીન અને આત્મનિરીક્ષણ કરતો રહે.

(તુહાફુલ ઉકૂલ, મવાએઝુન્નબી)

## ૧૮ નેક લોકો અને અવલિયા અલ્લાહ વિષે

اَلَآ اِنَّ اَوْلِيَآءَ اللّٰهِ لَا خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُوْنَ ﴿٦٢﴾

જાણી લો કે તેમાં જરાય શંકા નથી કે વલી અવલિયાને ન તો કોઇ ડર હશે અને ન તો તેઓ દુ:ખી હશે. (સૂરએ યૂનુસ, આયત-૬૨)

(૨૩૬) તમારામાંથી સૌથી ઉત્તમ, બુધ્ધિશાળી લોકો છે. આપને પૂછયું, "હે રસૂલલ્લાહ! બુધ્ધિશાળી કોને કહેવાય?" આપે જવાબમાં ફરમાવ્યું, "સારી રીતભાત અને સ્વાભિમાન ધરાવનારને અને સગાં વહાલાંથી સારી વર્તણૂક કરનારને, અને મા બાપથી નેકી કરનારને અને ફકીરો, મોહતાજો અને પડોશીઓની ખબર અંતર પૂછનારને અને બીજાને ખવડાવનાર અને તે વખતે નમાઝ પઢનારને કે જયારે લોકો બેદરકારી દાખવતા હોય."

(ઉસૂલે કાફી, જિલ્દ–૩)

(૨૩૭) રસૂલ (સ.)ને પૂછવામાં આવ્યું, "શ્રેષ્ઠ બંદાઓ કોણ છે ?" આપે જવાબમાં ફરમાવ્યું, "તે એવા લોકો છે કે જે જયારે નેક અમલ કરે છે ત્યારે ખુશ થાય છે અને જયારે ગુનાહ થઇ જાય છે ત્યારે માફી માગે છે, જયારે તેમને કશું આપવામાં આવે છે ત્યારે આભાર માને છે, જયારે કોઇ કસોટીમાંથી પસાર થાય છે ત્યારે સબર કરે છે, જયારે તેમને ગુસ્સો આવે છે ત્યારે માફ કરે છે." (આમાલી સદૂક, મજલિસ–૩, હદીસ–૪)

(૨૩૮) દુનિયામાં જે લોકો ઈબાદતગુઝાર અને પરહેઝગાર છે હકીકતમાં તે જ લોકો અવલિયા અલ્લાહ છે. (બિહારુલ અન્વાર, જિલ્દ–૭૭, સફા–૮૭)

(૨૩૯) મોમિન અલ્લાહનો વલી (દોસ્ત) છે અને અલ્લાહ તેના દોસ્તને બરબાદ નથી કરતો.

(જામેઅ અલ અખબાર, સફા–૨૧૭)

(૨૪૦) ત્રણ ગુણો અવલિયા અલ્લાહની નિશાનીઓ છે. દરેક બાબતમાં અલ્લાહ પર ભરોસો કરવો અને અલ્લાહના ભરોસે દરેક બાબતથી નિશ્ચિંત રહેવું, અને દરેક આવશ્યકતા માટે તેના પર

જ નિર્ભર રહેવું. (સફીનતુલ બિહાર, જિલ્દ–૨, સફા–૩૨૭)

(૨૪૧) રસૂલ (સ.)ને પૂછવામાં આવ્યું, "હે રસૂલલ્લાહ ! અલ્લાહના તે દોસ્ત કોણ છે કે જેમને ડર કે દુ:ખ નથી ? આપે ફરમાવ્યું, તે લોકો કે જેઓ દુનિયાની આંતરિક બાબતો પર ત્યારે ધ્યાન આપે છે કે જ્યારે બીજા લોકો તેમની જાહેરી શોભાથી અંજાઇ જતા હોય છે. આ તે જ લોકો છે કે જેઓ આખેરતના લાભ ખાતર સાહસ દાખવતા હોય છે જ્યારે બીજા લોકો દુન્યવી બાબતોની ખેંચતાણમાં વ્યસ્ત હોય છે. તે લોકો નુકસાનકારક ઈચ્છાઓનો ત્યાગ કરે છે અને એવી બાબતોનો ત્યાગ કરે છે કે જેના વિષે તેઓ જાણતા હોય છે કે તે નાશવંત છે.

દુનિયાની મોટાઇ માટે પ્રલોભન આપનારી કોઇ ચીજ એમને લાલચમાં ફસાવી શકી નથી. તેમના અભિપ્રાયમાં દુનિયા તુચ્છ છે અને તેઓ તેને નવી નથી બનાવવા માગતા. તેમની આંતરિક આંખોમાં દુનિયા વેરાન થઇ ગઇ છે અને તેઓ તેનું સમારકામ નથી કરતા. તેઓ દુનિયાને દિલથી દુશ્મન ગણે છે પછી કેવી રીતે તેનાથી મોહબ્બત કરી શકે? તેઓ તેનો સર્વનાશ કરીને તેના વડે આખેરતને બનાવે છે. તેને વેચી નાખે છે અને તે વસ્તુ ખરીદે છે કે જે તેમના માટે કાયમી બાકી રહેનાર છે. તે લોકોએ જ્યારે દુનિયાવાળા પર નજર નાખી તો એમને આમ તેમ વિખરાયેલા જોયા. અને નસીહત આપનાર કિસ્સાઓ તેમની સાથે બન્યા. તેમને અહીં કશી શાંતિ દેખાઇ નહીં, સિવાય કે અલ્લાહની રહમત. અને જે બાબતથી તે દૂર રહે છે તેના સિવાય તેમને કોઇ ડર નથી સિવાય કે અલ્લાહનો અઝાબ.

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૭, સફા–૧૮૧)

(૨૪૨) જ્યારે અવલિયા અલ્લાહ મૌન રહે છે ત્યારે તેમનું મૌન અલ્લાહનો ઝિકર બની જાય છે. જ્યારે તેઓ અવલોકન કરે છે ત્યારે તેમનું અવલોકન ચેતવણી બની જાય છે. જ્યારે બોલે છે ત્યારે તેમનું બોલવું શાણપણ બની જાય છે અને જ્યારે ચાલે છે તો તેમનું ચાલવું લોકો માટે બરકત થઇ જાય છે. જો મોતનો કોઇ ચોકકસ સમય ન હોત તો તેમની રૂહો અઝાબના ડરથી અને સવાબના ઉત્સાહમાં શરીરમાં ન રહેત. (ઉસૂલે કાફી, જિલ્દ–૩, બાબુલ મોમિન વ અલામાત વ સફાત, હદીસ–૨૫)

# Superman In Islam

# સુપરમેન ઈન ઈસ્લામ

## ❋ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) ❋

અનુવાદક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)

### કિબ્લો બદલવાનો પ્રશ્ન

જાબિરે કહ્યું કે આપે કિબ્લાનું નામ લીધું છે એટલે એક પ્રશ્નના ઉકેલ માટે આપને એક સવાલ કરું છું. ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું કે જે કંઈ પૂછવું હોય તે પૂછો. જાબિરે વિચાર વ્યક્ત કર્યો કે હું એ પૂછવા માગું છું કે રસૂલિલ્લાહ (સ.) એ મુસલમાનો માટે કિબ્લાને કેમ બદલી દીધો ? અને તેમને કા'બા તરફ નમાઝ પઢવાનું શા માટે કહ્યું જ્યારે કે તેના પહેલાં તેઓ એક અન્ય દિશામાં નમાઝ પઢતા હતા ?

ઈમામ જાફર સાદિક (અ.)એ જવાબ આપ્યો, રસૂલિલ્લાહ (સ.)એ અલ્લાહના હુકમથી મુસલમાનોનો કિબ્લો બદલ્યો છે. જાબિરે પૂછ્યું, અલ્લાહ તઆલાએ મુસલમાનોનો કિબ્લો કેમ બદલ્યો છે ? શું અલ્લાહ તઆલા પ્રખર બુધ્ધિશાળી નથી ? ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, તે દાનાએ મુત્લક(પ્રખર બુધ્ધિશાળી) છે. જાબિરે કહ્યું, તે દાનાએ મુત્લક છે અને ભવિષ્યમાં આવનારી દરેક વસ્તુને જાણે છે તો તેણે પોતાના પહેલા નિર્ણયને બદલી નાખવો જોઈતો ન હતો કારણ કે આપણે માણસો પોતાની અબૂઝપણાના કારણે પોતાના જીવનમાં નિર્ણય બદલી નાખીએ છીએ. આજે આપણે નિર્ણય કરીએ છીએ અને પછી એના ઉપર અમલ કરીએ છીએ અને કેટલાક મહિના અથવા વર્ષો થયા પછી અનુભવ મેળવીએ છીએ અને જાણી લઈએ છીએ કે આપણે ભૂલ કરી છે. પછી આપણે પોતાના નિર્ણયને બદલી નાખીએ છીએ અને કોઈ બીજું કાર્ય કરવાનું શરૂ કરી દઈએ છીએ. પરંતુ અલ્લાહ તો દાનાએ મુત્લક છે તે ભૂલ કરતો નથી અને સ્વયં માણસોની જેમ તે અનુભવથી શીખતો નથી. તે ભવિષ્યમાં થનારા બધા પ્રસંગોથી વાકેફ છે અને તેનો નિર્ણય અવિચળ અને અબદી છે તો પછી તેણે પોતાનો નિર્ણય શા માટે બદલી નાખ્યો? અને રસૂલિલ્લાહ (સ.) દ્વારા મુસલમાનોને શા માટે એવું કહ્યું કે બયતુલ મુકદ્દસના બદલે કા'બા તરફ મોઢું કરીને નમાઝ પઢો જ્યારે કે પહેલાં મુસલમાનોને હુકમ કરવામાં આવ્યો હતો કે બયતુલ મુકદ્દસની તરફ મોઢું કરીને નમાઝ પઢે?

આપે ફરમાવ્યું, અય જાબિર ! તમારી દલીલનું એક પલ્લુ યોગ્ય છે પરંતુ બીજું પલ્લુ યોગ્ય નથી અને તેનાથી વધીને એ છે કે તમે બીજા પલ્લા તરફ ધ્યાન જ નથી આપ્યું. જાબિરે પૂછ્યું, બીજું પલ્લુ કયું છે ? ઈમામ જાફર સાદિક (અ.)એ જવાબ આપ્યો, બીજું પલ્લુ માનવજાત છે. તમે ધ્યાન આપ્યું નથી કે અલ્લાહ તઆલાના હુકમો માનવજાત માટે આપવામાં આવે છે, એ મખ્લૂક માટે નહીં કે જેમના જીવનમાં કોઈ પરિવર્તન આવતું નથી એટલે કે ખનીજ પદાર્થ. આ જ કારણે મૂસા (અ.) દ્વારા માનવજાત માટે મોકલવામાં આવેલા હુકમો આપણા નબી (સ.)

દ્વારા મોકલવામાં આવનારા હુકમો કરતાં જુદા છે.

અલ્લાહ તઆલાને અઝલથી ખબર હતી કે તે એક દિવસ મુસલમાનોને બયતુલ મુકદ્દસ તરફ મોઢું કરીને નમાઝ પઢવાનો હુકમ આપશે અને અલ્લાહ તઆલા એ પણ જાણતો હતો કે થોડા સમય પછી તે મુસલમાનોને કા'બાને કિબ્લો બનાવી દેવાનું કહેશે. અલ્લાહના હુકમમાં હું અને તમે જે પરિવર્તન જુઓ છો તે અલ્લાહની નજીક અવિચળ નિયમોમાંથી છે કારણ કે અલ્લાહ તઆલાએ અઝલથી આની ભવિષ્યવાણી કરી દીધી છે. પરંતુ આપણે તો એમ વિચારીએ છીએ કે અલ્લાહ તઆલાના હુકમોમાં પરિવર્તન આવ્યું છે. પરંતુ અલ્લાહ જાણે છે કે તેના હુકમોમાં કોઈ પરિવર્તન આવતું નથી. આના માટે હું બે ઉદાહરણ આપું છું કે જેથી તમે તેને વધારે સારી રીતે સમજી શકો.

એ મધમાખી કે જે વસંતઋતુના અડધા મહિના દરમિયાન પેદા થાય છે તે જો શિયાળાના મહિનામાં જીવિત રહે અને શિયાળાની ઋતુને જુએ તો તેને એવું લાગશે કે દુનિયાના નિયમોમાં પરિવર્તન આવી ગયું છે. પરંતુ શું તેનો અર્થ એવો છે કે મારા અને તમારા માટે પણ દુનિયાના નિયમો પરિવર્તિત થઈ ચૂક્યા છે ? જાબિરે કહ્યું, ના. ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, મેં અને તમે ભવિષ્યવાણી કરી હતી કે ઉનાળા પછી શિયાળો આવશે અને આપણી દૃષ્ટિમાં દુનિયાના નિયમોમાં કોઈ પરિવર્તન આવ્યું નથી. એક અન્ય ઉદાહરણ આપું છું.

માની લો કે તમારી પાસે થોડી જમીન છે અને આજે તમે તેમાં ખેતી કરવા માટે મજૂરને નક્કી કરો છો અને તમે ઈચ્છો છો કે તે મજૂર ફક્ત એક વર્ષ સુધી તમારી જમીનમાં ખેતી કરશે. એક વર્ષ પછી તમે તેને છૂટો કરીને કોઈ બીજાને તેની જગ્યાએ રાખી લો છો. જ્યારે એક વર્ષ થઈ જાય છે તો તમે એ માણસને જાણકારી આપો છો કે હવે તેની સેવાની તમારે જરૂર નથી. તે માણસને તમારા નિર્ણયથી આશ્ચર્ય થશે અને તે વિચારશે કે તમે તમારા પહેલા નિર્ણય કરતાં ઉલ્ટું કરી રહ્યા છો. પરંતુ શું તમે તે મજૂરને છૂટો કરી અન્ય મજૂરને રાખીને તમારા નિર્ણયને પરિવર્તિત કર્યો છે ? કદીય નહીં કારણ કે તમે પહેલા જ દિવસે નિર્ણય કરી લીધો હતો કે એક વર્ષ પછી તેને છૂટો કરીને તેની જગ્યાએ બીજા મજૂરને રાખી લઈશ.

અલ્લાહ તઆલાના હુકમો પણ જે આપણી દૃષ્ટિમાં વિરોધાભાસી દેખાય છે તે આવી જ રીતે છે. અલ્લાહ તઆલાએ જેટલા નિયમો ઘડવાના હતા તેમની અઝલથી જ ભવિષ્યવાણી કરી લીધી હતી અને તેના માટેના નિર્ણયમાં વિરોધાભાસ હોવાનો કોઈ જ અર્થ નથી.

જાબિર બિન હૈયાને કહ્યું, મારા પ્રશ્નનો ઉકેલ મળી ગયો કારણ કે મુસલમાનોના કિબ્લાના પરિવર્તનનો મસઅલો મારા મગજ ઉપર એક બોજ બની ચૂક્યો હતો. હવે આ વિશે મારા મનમાં કોઈ શંકા રહી ગઈ નથી. એમ છતાંય હું આ વિષય ઉપર એક સવાલ કરું છું.

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું કે પૂછો. જાબિરે પૂછ્યું, એ વાતમાં શી મસ્લેહત હતી કે અલ્લાહ તઆલાએ રસૂલિલ્લાહ (સ.) ને હુકમ આપ્યો કે હવે પછી કા'બાની તરફ મોઢું કરીને નમાઝ પઢો ? ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, જ્યારે રસૂલિલ્લાહ (સ.)એ રિસાલતની તબ્લીગ શરૂ કરી ત્યારે મુસલમાનો ઓછા હતા અને કમજોર હતા જ્યારે યહૂદીઓ અને ઈસાઈઓ બહુમતી ધરાવતા હતા અને શક્તિશાળી હતા અને મુસલમાનોને ખતમ કરી શકતા હતા. માટે એ જમાનામાં અલ્લાહ તઆલાએ મુસલમાનોને

બયતુલ મુકદ્દસ તરફ મોઢું કરીને નમાઝ પઢવાનો હુકમ આપ્યો કારણ કે યહૂદી અને ઈસાઈ બન્ને બયતુલ મુકદ્દસનો એહતેરામ કરતા હતા. આવી રીતે આ બન્ને કોમો મુસલમાનોને દુશ્મનની નજરે જોતી ન હતી અને તેમને નુકસાન પહોંચાડવાનો વિચાર તેમને આવતો ન હતો.

બયતુલ મુકદ્દસ તરફ મોઢું કરીને નમાઝ પઢવાનો આશય યહૂદીઓ અને ઈસાઈઓને નરમાશ દેખાડવાનો હતો અને આ વર્તન ઘણું પ્રભાવશાળી રહ્યું કારણ કે જ્યારે યહૂદીઓ અને ઈસાઈઓએ મુસલમાનોમાં દુશ્મનીના કોઈ સંકેત જોયા નહીં તો તેમને તકલીફ ન પહોંચાડી. પરંતુ તે પછી તમે જાણો છો તેમ મુસલમાનો અને યહૂદીઓ વચ્ચે વિવાદ શરૂ થઈ ગયો.

જાબિર બિન હૈયાને કહ્યું, જેવું આપ ફરમાવી રહ્યા છો એવું જ થયું હશે અને મુસલમાનો બયતુલ મુકદ્દસ તરફ નમાઝ પઢી રહ્યા હતા તેનાથી યહૂદીઓ અને ઈસાઈઓને સંતોષ થયો હશે પરંતુ અલ્લાહ તઆલાના એ હુકમમાં શી મસ્લેહત હતી કે મુસલમાનો કા'બા તરફ નમાઝ પઢે ? શું આવું બની શકતું ન હતું કે અલ્લાહ તઆલા કોઈ અન્ય જગ્યાએ મુસલમાનોનો કિબ્લો બનાવી દે? ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, તમને ખબર છે કે રસૂલિલ્લાહ (સ.)એ મદીનાથી આવીને મક્કા ઉપર ફતેહ મેળવી તે પહેલાં કા'બાની કેવી હાલત હતી ? જાબિરે કહ્યું, હું જાણું છું. બુતખાનું બની ચૂક્યું હતું. ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, એ બુતોની ઈબાદત કોણ કરતું હતું ? જાબિરે કહ્યું, સમગ્ર અરબસ્તાનના લોકો. ઈમામ જાફર સાદિક (અ.)એ પૂછ્યું, આખા અરબસ્તાનમાં કયા લોકો બુતપરસ્ત ન હતા ? જાબિરે કહ્યું, યહૂદીઓ અને થોડા ઘણા ઈસાઈઓ સિવાય કોઈ પણ એવો માણસ ન હતો કે જે બુતપરસ્ત ન હોય.

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, કા'બાની અંદર સમગ્ર અરબના કબીલાઓના બુત રાખવામાં આવ્યા હતા અને આ જ કારણે કા'બાનું સન્માન બધા અરબ લોકો પણ કરતા હતા. જ્યારે રસૂલિલ્લાહ (સ.)એ મુસલમાનોને કહ્યું કે કા'બાની તરફ મોઢું કરીને નમાઝ પઢો તો તેમને માત્ર આશ્ચર્ય જ ન થયું પરંતુ હું તો એટલે સુધી કહી શકું છું કે કા'બાની તરફ નમાઝ પઢવી એમના માટે બયતુલ મુકદ્દસ તરફ નમાઝ પઢવા કરતાં વધારે સહેલી હતી અને આ જ કારણે અરબસ્તાનના મુસલમાનોએ કિબ્લાના પરિવર્તનને રાજીખુશીથી સ્વીકારી લીધું. જાબિરે કહ્યું, પરંતુ ઈસ્લામ અરબસ્તાન સુધી સીમિત રહ્યો નથી પરંતુ તેનાથી આગળ પણ ફેલાયો છે અને પૂર્વ અને પશ્ચિમ સુધી છવાઈ ગયો છે. (ક્રમશઃ)


શૌકતભાઈ – ૯૪૨૮૩ ૮૪૨૮૬
ફૈઝઅહેમદ – ૯૭૧૪૭ ૬૪૧૯૪
દુકાન – ૯૭૨૨૯ ૦૧૪૬૦

દશાવાડાવાળા
અપના
કટલરી સ્ટોર

હોલસેલર : કટલરી, હોઝયરી, રમકડાં, વિગેરે

ઈ–૧૫, મહાવીર કોમ્પલેક્ષ, યશ હોસ્પિટલ નજીક, વાલીયા ચોકડી, જી.આઇ.ડી.સી.
અંકલેશ્વર – ૩૯૩ ૦૦૨

# ગ ડ મ થ લ ૨૪૬

:::::: સંપાદક::::::
મો. કાસમભાઈ વિજાપુરા
(મહેરપુરા)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ | ■ | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | |
| ૬ | | | ■ | | ■ | ૭ | ■ | | ■ |
| ■ | | ■ | ૮ | ■ | ૯ | | | ■ | ૧૦ |
| ૧૧ | ■ | ૧૨ | | | ■ | | ■ | ૧૩ | ■ |
| ૧૪ | | ■ | | ■ | ૧૫ | ■ | ૧૬ | | |
| | ■ | ૧૭ | ■ | ૧૮ | | | ■ | | ■ |
| ■ | ૧૯ | | | ■ | | ■ | ૨૦ | ■ | ૨૧ |
| ૨૨ | ■ | | ■ | ૨૩ | ■ | ૨૪ | ■ | ૨૫ | |
| ૨૬ | | ■ | ૨૭ | ■ | ૨૮ | | | ■ | |
| | ■ | ૨૯ | | | ■ | | ■ | ૩૦ | ■ |

**::::: આડી ચાવીઓ :::::**

(૨) વ્યવસ્થા, માર્ગ, પાણીની પરબ (૩)
(૪) શબ્દકોષ, ભાષા (૩)
(૬) સમુદ્ર કે દરિયાનો કિનારો (૩)
(૯) સાચો, છઠ્ઠા ઈમામનું ઉપનામ (૩)
(૧૦) તરફ, બાજુ, દિશા (૧)
(૧૨) ધૈર્ય, ધીરજ (૩)
(૧૪) વફાદારી (૨)
(૧૫) મોટું (અરબી શબ્દ) (૩)
(૧૮) અજ્ઞાની, અબુઝ (૩)
(૧૯) દિવસમાં પાંચ વખત પઢાય (૩)
(૨૦) દીન (ધર્મ)નું લઘુ સ્વરૂપ (૧)
(૨૫) ચંદ્ર, માહતાબ (૨)
(૨૬) દારૂનું માટલું, ગર્દીરે.......... (૨)
(૨૮) ફરિશ્તો, દેવતા (૩)
(૨૯) આરામ, સુગમતા, શાંતિ (૩)

**::::: ઊભી ચાવીઓ :::::**

(૧) સંસાર ત્યાગ કરનાર ખ્રિસ્તી ભક્ત (૩)
(૩) કૂવો (અરબી શબ્દ) (૨)
(૫) ગુફા (૨)
(૭) શક્તિમાન (૩)
(૮) સમાચાર, માહિતી (૩)
(૧૧) ચોખા, ડાંગર ખાંડીને તૈયાર કરવામાં આવેલ દાણા (૩)
(૧૩) સુપ્રસિધ્ધ મરસિયા કહેનાર (૩)
(૧૫) પવિત્ર, પાક (૩)
(૧૭) સૌંદર્ય, સુંદરતા (૩)
(૨૧) વુઝૂનું તૂટી જવું (૩)
(૨૨) નાવિક, કપ્તાન (૩)
(૨૩) અલિફ પછી આવે તે (૧)
(૨૪) આકાશ, આસમાન (૩)
(૨૭) અનુરાગ, પ્રેમ, પ્યાર (૨)
(૩૦) 'ખૂન'નું લઘુ સ્વરૂપ (૧)

**ગડમથલ નં.૨૪૫નો ઉકેલ**

<u>આડી ચાવીઓ :</u> (૨) સબીલ (૪) લુગાત (૬) સાહિલ (૯) સાદિક (૧૦) સૂ (૧૨) સબર (૧૪) વફા (૧૫) કબીર (૧૮) જાહિલ (૧૯) નમાઝ (૨૦) દીં (૨૫) ચાંદ (૨૬) ખુમ (૨૮) મલક (૨૯) રાહત

<u>ઊભી ચાવીઓ :</u> (૧) રાહિબ (૩) બીર (૫) ગાર (૭) કાદિર (૮) ખબર (૧૧) ચાવલ (૧૩) દબીર (૧૫) તાહિર (૧૭) જમાલ (૨૧) હદસ (૨૨) નાખુદા (૨૩) બે (૨૪) ફલક (૨૭) ચાહ (૩૦) ખૂં

# વસીલો : એક ઇલાહી નેઅમત

લેખન : જનાબ સૈયદ નદીમએહમદ ડી. જાફરી (અમદાવાદ)

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

બાળકનો જન્મ આપણને ઘણી બધી બાબતોની જાણકારી આપી શકે છે. બાળક તેની માતા દ્વારા જન્મ પામે છે અને તેના જીવનની શરૂઆતમાં **બેથી ત્રણ વર્ષો સુધી તે તેણીની સુરક્ષિત દેખરેખ હેઠળ રહે છે.** જો બાળકને તેણીની પાસેથી દૂર લઈ જવામાં આવે તો રડવા માંડે છે આ રીતે **તેની માતા તેના માટે સલામતીનો સતત સ્ત્રોત હોય છે.** જ્યારે **તે બોલવા માટે અને પોતાની લાગણીને વ્યક્ત કરવા માટે સક્ષમ હોતો નથી ત્યારે તેણી તેનું રક્ષણ કરે છે** અને તેને ધવડાવે છે. આ રીતે માતા પોતાના બાળકને સલામતી પૂરી પાડે છે અને **તેણી** બાળક માટે **અલ્લાહની રહમત અને દેખરેખ** સુધી પહોંચવાનો **વસીલો** છે.

એક વાર બાળક જ્યારે ચારથી પાંચ વર્ષનું થઈ જાય છે તો તેનાં મા–બાપ તેને નિશાળે મોકલે છે જેથી તે કેળવળી અને ઈલ્મ પ્રાપ્ત કરે છે. આ તબક્કે **મા–બાપ એ નક્કી કરે છે કે કઇ શાળા તેમના બાળક માટે સર્વશ્રેષ્ઠ છે.** કેમકે તેઓ તેના માટે પૃથ્વી ઉપર **અલ્લાહ દ્વારા નિયુક્ત થયેલાં સૌથી સારી કાળજી લેનારાં છે** જ્યારે **શાળા બાળક માટે કેળવણી અને ઇલ્મ મેળવવાનો વસીલો હોય છે.**

એક વાર જ્યારે તે મોટો થઈ જાય છે તો તેણે જે કેળવણી અને ઈલ્મ પ્રાપ્ત કર્યું હોય છે તેનો ઉપયોગ કરીને તે પોતાની આજીવિકા કમાય છે. તેનો વ્યવસાય **તેના માટે તેની આજીવિકાનો વસીલો** બની જાય છે.

→ આથી એવું કહી શકાય કે **માતાવિહોણું** બાળક **તેના બાળપણમાં અલ્લાહની રહેમતથી વંચિત** રહી જાય છે. જો તે શાળાએ ભણવા જવા માટે અસમર્થ હોય તો **તે કેળવણીથી અને ઇલ્મથી વંચિત રહી જાય છે.** ઈલ્મ અને કેળવણી વગર **તે કમાણી કરવા માટે અસમર્થ હોય છે** અને **આ રીતે તે સારી કમાણી કરવાથી વંચિત રહી જાય છે** કે જેનો **અલ્લાહે વાયદો કર્યો છે.** આ રીતે અલ્લાહની રહેમતમાં વધારો કરવાના અથવા તો જ્ઞાન મેળવવાના અથવા તો આજીવિકા કમાવા માટેના **જુદા જુદા વસીલાઓ છે કે જેમના સુધી પહોંચવું જોઇએ** નહિતર માણસ તેમનાથી વંચિત રહી જાય છે.

સાચા વસીલા સુધી પહોંચ્યા વગર કંઇ પણ પ્રાપ્ત કરી ન શકાય આ એક સાર્વત્રિક હકીકત છે કે જે જીવનના દરેક પાસાને સ્પર્શે છે. તેથી જ તો કુરઆન આ દિશામાં પ્રયત્ન કરવાનો હુકમ કરે છે અને ફરમાવે છે :

8 "અય ઈમાન લાવનારાઓ ! ખુદાથી ડરતા

રહો **<u>અને તેના તકર્રૂબના (નજીક જવાના) વસીલાની શોધમાં રહો</u>** અને તેના માર્ગમાં જિહાદ કરો જેથી તમે સફળ થઇ જાઓ.''

(સૂરએ માએદા, આયત–૩૫)

ઉપરની આયત આપણને તેની નજીક પહોંચવાના વસીલાઓની સતત શોધ કરતા રહેવાના પ્રયત્ન કરવાની આજ્ઞા ફરમાવે છે. તેનો અર્થ એ થયો કે **<u>અલ્લાહ (સુ.વ.ત.) સર્વવ્યાપી છે તેમ છતાં સાચા વસીલા સુધી પહોંચ્યા વગર તેના સુધી પહોંચાય નહી</u>** અને જો આપણે એવું ન કરીએ તો આપણે તેને કદી પણ રાજી નહીં કરી શકીએ અને આપણે આલોક અને પરલોક બન્ને જગ્યાએ અસફળ રહીશું.

આ બાબતના મહત્વને વધારે સમજવા માટે ચાલો આપણે એક વધુ આયત જોઇએ :

8 ''અય રસૂલ (સ.) ! એ લોકોને કહી દો કે હું તમારી પાસે તબ્લીગે રિસાલતની કંઇ પણ મજદૂરી માગતો નથી પરંતુ તમન્ના એ છે કે **જો ઇચ્છો તો તમારા પરવરદિગાર સુધી પહોંચવાનો રસ્તો પકડી લો.**''

(સૂરએ ફુરકાન, આયત–૫૭)

ઉપરની આયત અનુસાર **મુસલમાનોની ઉમ્મત પોતાના પ્યારા પયગમ્બર (સ.)ને** ૨૩ વર્ષોની તેમની સખત મહેનતનો **સર્વોત્તમ બદલો એ આપી શકે કે તેઓ અલ્લાહ (સુ.વ.ત.) સુધી પહોંચવાનો માર્ગ અપનાવી લે.**

→ **સૂરએ માએદાની આયત** આપણને **<u>અલ્લાહ (સુ.વ.ત.) સુધી પહોંચવાનો વસીલો</u>** શોધવાનો હુકમ કરે છે જ્યારે **સૂરએ ફુરકાનની આ આયતમાં** અલ્લાહ (સુ.વ.ત.) આપણા પયગમ્બરે પાક (સ.)ને રિસાલતના બદલા તરીકે **<u>અલ્લાહ (સુ.વ.ત.) સુધી પહોંચવાના રસ્તાને અપનાવવાનો</u>** હુકમ કરે છે. આ બાબત એવું સમજાવે છે કે અલ્લાહ (સુ.વ.ત.)એ **<u>એવા સાચા રસ્તાનું સર્જન કર્યું જ હોવું જોઈએ કે જે તેના સુધી પહોંચે</u>** અને જો આપણે સાચા અર્થમાં સફળ થવા માગતા હોઈએ તો આપણે તેને શોધી કાઢવાની જરૂર છે.

આપણા પ્યારા પયગમ્બર (સ.)ની પવિત્ર હાજરીએ આપણને 'તૌહીદ'ના નૂરનું માર્ગદર્શન આપ્યું છે અને આપણને કુરઆને પાક આપી છે અને આ રીતે **પયગમ્બરે પાક (સ.) સાચો વસીલો છે** કે **<u>જેણે અલ્લાહ (સુ.વ.ત.)ના પયગામ દ્વારા આપણને વાકેફ કર્યા છે</u>** અને આપણને સાચા મોમિનો બનાવ્યા છે. તેથી ચાલો આપણે બધા આપણા જીવનમાં તેમના મહત્વને સમજીએ. જેમકે કુરઆન ફરમાવે છે :

8 ''અને અય રસૂલ (સ.) ! અમોએ તમને **સઘળા આલમો (દુનિયાઓ) માટે રહમત બનાવીને મોકલ્યા છે.**''

(સૂરએ અંબિયા, આયત–૧૦૭)

અલ્લાહ (સુ.વ.ત.)એ **સઘળી દુનિયાઓ માટેની રહમત** તરીકે આપણા પયગમ્બરે પાક (સ.)નું સર્જન કર્યું છે. એ વ્યક્તિ કે જે અલ્લાહ

(સુ.વ.ત.)ની રહમત મેળવવાની ઈચ્છા ધરાવતી હોય તેણે પયગમ્બરે પાક (સ.)ની તરફ આવવું જોઈએ, તેમની અવગણના કરનારો ઈલાહી રહમતથી વંચિત રહેવાનો. આ રીતે **પયગમ્બરે પાક (સ.) એવો વસીલો છે** કે **<u>અલ્લાહની રહમતને શોધવા માટે તેમની પાસે જવાની જરૂર છે.</u>**

ઉપરના તારણને વધુમાં સૂરએ નિસામાંથી નીચેની આયતની રોશનીમાં સમજાવી શકાય :

8 "અને (અય રસૂલ (સ.) !) જ્યારે તે **લોકોએ (નાફરમાની કરીને) પોતાના નફસો ઉપર જુલ્મ કર્યા** અગર **તમારી પાસે ચાલ્યા આવ્યા હોત** અને **ખુદાથી માફી માગત** અને **<u>રસૂલ ! (તમે) પણ તેમની મગ્ફેરતની ઇચ્છા કરત</u>** તો બેશક **તે લોકો ખુદાને મહાન તૌબા કબૂલ કરવાવાળો, મહેરબાન પામત.**"

(સૂરએ નિસા, આયત–૬૪)

અહીં ઉપરોક્ત આયતમાં અલ્લાહની રહમત અને માફીને તલબ કરવાની રીત આપણને બતાવવામાં આવી છે. આયતના કહેવા પ્રમાણે જે મુસલમાનોએ પોતાની જાત ઉપર જુલમ કર્યો હોય, જો તેમણે અલ્લાહ (સુ.વ.ત.)ની માફી અને રહમત માગવાની ઈચ્છા કરી હોત તો તેમણે પયગમ્બરે પાક (સ.)ની પાસે પહોંચી જવાની અને અલ્લાહ (સુ.વ.ત.) સમક્ષ તેની માફી માગવાની જરૂર હતી. પરંતુ **<u>જ્યાં સુધી પયગમ્બરે પાક (સ.)એ પણ એવી ઇચ્છા ન કરી</u>** ત્યાં સુધી અલ્લાહ (સુ.વ.ત.)એ પણ **<u>પોતાની માફીની બાંયધરી આપી નહી.</u>**

આ બાબત સ્પષ્ટતા કરે છે કે **અલ્લાહ (સુ.વ.ત.)ની રહમત સુધી પહોંચવા માટે પયગમ્બરે પાક (સ.)ના વસીલાની આવશ્યકતા છે કે જેના વગર અલ્લાહની રહમતને કદી પણ મેળવી ન શકાય.** શું એનો અર્થ એવો થાય છે કે પયગમ્બરે પાક (સ.)નો વસીલો મુસલમાનો માટે દરેક પરિસ્થિતિમાં કામ લાગશે ? ચાલો આપણે નીચેની આયત જોઈએ :

8 "(અય રસૂલ !) ભલેને તમે તેમના (મુનાફિકોના) માટે મગ્ફેરતની દુઆ માગો કે તેમના માટે મગ્ફેરતની દુઆ ન માગો (તેમના માટે બરાબર છે) **<u>તમે તેમના માટે સિત્તેર વખત પણ બક્ષિસની દુઆ માગશો તો પણ ખુદા કદાપિ નહી બક્ષે</u>** આ (સજા) એ કારણે છે કે **<u>તે લોકોએ ખુદા અને તેના રસૂલની સાથે કુફ્ર કર્યું</u>** અને ખુદા બદકાર લોકોને મંઝિલે મકસુદ સુધી પહોંચાડયા કરતો નથી."

(સૂરએ તૌબા, આયત–૮૦)

ઉપરની આયત મુનાફિકોનો સંદર્ભ આપે છે કે જે જાહેરમાં તો ઈસ્લામનો સ્વીકાર કરતા હતા પરંતુ દિલથી તો કાફિર જ રહેતા. **<u>અલ્લાહ (સુ.વ.ત.)એ તેમને પોતાની રહમતથી વંચિત રાખ્યા કેમકે તેઓ અલ્લાહ અને તેના પયગમ્બરે પાક (સ.)માં ઇમાન ધરાવતા નહોતા.</u>** અને આયત વધુમાં ફરમાવે છે કે જો

પયગમ્બરે પાક (સ.)એ તેમના વતીથી સિત્તેર વખત મગ્ફેરતની દુઆ માગી પણ હોત તો પણ અલ્લાહ તેમને માફ ન કરત. આ આયત બતાવે છે કે અલ્લાહ (સુ.વ.ત.)ને મુનાફિકો પ્રત્યે કેટલી બધી નફરત છે.

પયગમ્બરે પાક (સ.)ના જમાનામાં મુનાફિકો જાહેરમાં તો મુસલમાનોના જેવી સામાન્ય જિંદગી જીવતા હતા અને ઈસ્લામી વિધિઓ બજાવી લાવતા હતા. આવી પરિસ્થિતિમાં તેમને ઓળખી કાઢવા અને સાચા મોમિન (ઈમાનદાર)થી જુદા પાડવા અઘરું કાર્ય હતું. પરંતુ તેમને ઓળખવું અગત્યની બાબત હતી અને તેથી જ તો પયગમ્બરે પાક (સ.) એ આપણને **તેમને ઓળખી કાઢવાનો એક માપદંડ આપ્યો છે** કે જેને આજે પણ અમલમાં મૂકી શકાય :

8 આપ (સ.)એ ફરમાવ્યુ છે કે **"અય અલી! તમારી મોહબ્બત ઇમાન છે અને તમારી તરફ નફરત કરવી નિફાક (કપટ) છે."**

મુનાફિકોને મોમિનથી અલગ પાડવા માટેની ઉપરની હદીસને મૌલા અલી (અ.)એ આ રીતે વધુમાં સમજાવી છે. આપ (અ.)એ ફરમાવ્યું છે :

8 એ અલ્લાહની કસમ કે જેણે મને પેદા કર્યો, નિ:સંદેહ પયગમ્બર (સ.)એ એવી પ્રતિજ્ઞા લીધી કે **મોમિન સિવાય મારી સાથે કોઇ પણ મોહબ્બત નહી કરે** અને **મુનાફિક સિવાય મારા તરફ કોઇ વેરભાવ નહી રાખે.**"

(સંદર્ભ : સહીહ મુસ્લિમ, રિવાયત–૨૪૦, સનન તિરમિઝી, ૮૪૯/૩૭૩૬, સનન નિસાઇ ૮/૧૧૬/૫૦૩૩, મસ્નદ એહમદ, ૧/૮૩/૬૪૨ અને ૯૫/૭૩૧ અને ૧૨૮/૧૦૬૨ અને ૬/૨૯૨/૨૭૦૪૦, મિશ્કાત, ૨/૫૦૩/૬૦૮૮ અને અને બીજી ઘણી બધી કિતાબોમાં)

જાબિર અને અબૂઝર, રસૂલે પાક (સ.)ના પ્રખ્યાત સહાબીઓ, હંમેશાં કહેતા હતા :

8 પયગમ્બર (સ.)ના જીવનકાળ દરમિયાન **"અમે મુનાફિકને તેની અલી (અ.) પ્રત્યેની દુશ્મનાવટ દ્વારા ઓળખી લેતા હતા."**

(સંદર્ભ : ઈબ્ને અબ્દ અલબિર અલ ઈસ્તિઆબ, ભાગ–૨, પેજ–૪૭૪, ૪૭૭, એહમદ ઈબ્ને હમ્બલ, અલ મસ્નદ, જિલ્દ–૧, પેજ–૫૪, ૭૭, ૧૩૮, જિલ્દ–૫, પેજ–૩૫૦, ૩૬૬, સવાએકે મોહર્રેકા, પ્રકરણ–૯, ફસલ–૨, યનાબેઉલ મોવદ્દત પ્રકરણ–૬, પેજ–૭૪, કન્ઝુલ અમ્માલ, જિલ્દ–૬, પેજ–૩૯૦)

**આ રીતે મૌલા અલી (અ.) પ્રત્યેની અદાવત મોમિનોમાંથી મુનાફિકને ઓળખી કાઢવાનો માપદંડ છે.** તેનો અર્થ એ થાય કે મુસલમાન ગમે તેટલો સમર્પિત થયેલો (પરહેઝગાર) દેખાતો હોય તેમ છતાં જો તે મૌલા અલી (અ.) પ્રત્યે નફરત રાખતો હોય તો તેને મોમિન ગણી શકાય નહીં અને તેવો માણસ હંમેશના માટે અલ્લાહની રહમતથી વંચિત રહેવાનો.

→ અલ્લાહ (સુ.વ.ત.) પોતાની રહમત ફક્ત એવા મુસલમાન ઉપર નાઝિલ કરશે, જો પયગમ્બર પાક (સ.) પણ એવું જ ઈચ્છતા હોય પરંતુ દરેક પરિસ્થિતિમાં અલ્લાહ (સુ.વ.ત.) મુનાફિકોને પોતાની રહમતથી બાકાત રાખશે. મુનાફિકોને મૌલા અલી (અ.) પ્રત્યેની તેમની નફરત દ્વારા ઓળખી કાઢી શકાય, આથી આપણે એવું કહી શકીએ કે **અલ્લાહ (સુ.વ.ત.) એવા લોકોને કદી પણ માફ નહી કરે કે જેઓ મૌલા અલી (અ.) પ્રત્યે નફરત ધરાવે છે.** તેથી જ તો **<u>મૌલા અલી (અ.) પ્રત્યેની મોહબ્બત જ અલ્લાહ (સુ.વ.ત.)ની રહમત સુધી પહોંચવાનો માર્ગ છે.</u>**

આપણે હમણાં જ જોયું કે મૌલા અલી (અ.)ની મોહબ્બત જ અલ્લાહ (સુ.વ.ત.)ની રહમત સુધી પહોંચવાનો રસ્તો છે. આનો અર્થ એવો થાય કે મૌલા અલી (અ.) પણ સિફારિશ કરી શકે છે અને નજાત માટેનો વસીલો બની શકે છે. આ બાબતને ચાલો આપણે કુરઆનની મદદથી મજબૂત બનાવીએ. આ હેતુ માટે આપણે નીચેની બે આયતોને જોઈશું :

8 **"અને જે વ્યક્તિ માટે તેઓ ઇજાઝત અતા ફરમાવશે** તેના સિવાય કોઈની પણ સિફારિશ તેની બારગાહમાં કામ નહીં આવે."

(સૂરએ સબા, આયત–૨૩)

આ આયત અનુસાર અલ્લાહ (સુ.વ.ત.) કોઈની પણ ભલામણને માન્ય નહીં ગણે **સિવાય એ લોકોની કે જેમને તેના દ્વારા ભલામણ કરવાની પરવાનગી આપવામાં આવી છે.** ઉપરોક્ત આયતની રોશનીમાં ચાલો આપણે સૂરએ બકરાની નીચેની આયત ઉપર ચિંતન–મનન કરીએ.

8 "અને લોકોમાંથી ખુદાના કેટલાક બંદાઓ એવા છે કે **<u>જેઓ ખુદાની ખુશનુદી પ્રાપ્ત કરવા માટે પોતાનો જીવ સુધ્ધાં વેચી નાખે છે</u>** અને ખુદા એવા બંદાઓ ઉપર મહા મહેરબાન છે."

(સૂરએ બકરા, આયત–૨૦૭)

સૂરએ સબાની આયત એવા લોકો વિષે વાત કરે છે કે **જેમને સિફારિશ કરવાની પરવાનગી આપવામાં આવી છે** જ્યારે સૂરએ બકરાની ઉપરની આયત એવી વ્યક્તિનો સંદર્ભ આપે છે કે જેણે **<u>અલ્લાહની મરજી</u>** (مَرۡضَاتِ اللّٰهِ) ખરીદવા માટે પોતાની જાતને વેચી દીધી છે. પરવાનગી અને મરજી વચ્ચે ખૂબ જ મોટો તફાવત છે. **<u>જ્યારે તમે કોઇને પરવાનગી આપો તો તે હુકમ છે અને તે હંમેશાં શરતી હોય છે.</u>** વ્યક્તિએ નિયમોનું અને ધારાધોરણોનું પાલન કરવાનું હોય છે અને **જેવી પરવાનગી આપવામાં આવી હોય તે પ્રમાણે અનુસરવાનું હોય છે.** પરંતુ **<u>જ્યારે તમે કોઇનાથી ખુશ થઇ ગયા હો તો જે મરજી હોય તે બિનશરતી હોય છે અને તમે સંપૂર્ણપણે તેનાં કાર્યોથી ખુશ હો છો.</u>**

ઈમામ ગિઝાલી પોતાની કિતાબ તારીખે

ખમીસમાં લખે છે કે સૂરા બકરાની ઉપરની આયત **મૌલા અલી (અ.)એ આપેલી કુરબાનીની** પ્રશંસામાં પ્રગટ થઇ હતી જયારે કે **આપ (અ.) 'હિજરત'ની રાત દરમિયાન પયગમ્બરે પાક (સ.)ની પથારી ઉપર સૂઇ રહ્યા હતા.** આવી જ એક હદીસનો ઉલ્લેખ પણ મુસ્તદ્રકમાં ઈબ્ને અબ્બાસના હવાલાથી ઈમામ હાકિમે કર્યો છે. (સંદર્ભ : તારીખે ખમીસ, ઈમામ ગિઝાલી, મુસ્તદ્રક, જિલ્દ–૩, પેજ–૪, ઈમામ હાકિમ)

મૌલા અલી (અ.)ની નિ:સ્વાર્થતા અને ઈસ્લામ અને પયગમ્બરે પાક (સ.) પ્રત્યેની તેમની વફાદારી અલ્લાહ (સુ.વ.ત.)ને એટલી બધી પસંદ પડી છે કે **અલ્લાહે મૌલા અલી (અ.)ને પોતાની મરજીની ભેટ આપી દીધી**. તેથી જે કોઇ બાબતથી મૌલા અલી (અ.) ખુશ થાય છે તેનાથી અલ્લાહ (સુ.વ.ત.) પણ ખુશ થાય છે. ઉપર દર્શાવેલી બન્ને આયતો ઉપર ચિંતન–મનન કરતાં આપણે એવું અનુમાન કરી શકીએ તેમ છીએ કે શફાઅત કરવાનો અધિકાર એવી વ્યકિતને આપવામાં આવશે કે જેને અલ્લાહ (સુ.વ.ત.) પરવાનગી આપશે પરંતુ મૌલા અલી (અ.) તો અલ્લાહની મરજીના માલિક છે તેથી **માત્ર મૌલા અલી (અ.) પોતે જ નહી, પરંતુ મૌલા અલી (અ.) જેને પરવાનગી આપશે તે પણ સફળતાપૂર્વક સિફારિશ કરવા માટે શકિતમાન બનશે.**

→ પયગમ્બરે પાક (સ.)ને સઘળી દુનિયાઓ ઉપર રહમત બનાવીને પેદા કરવામાં આવેલ છે અને મુસલમાન ઉમ્મત ઉપર અલ્લાહની રહમતથી પયગમ્બરે પાક (સ.)ની શફાઅતની બક્ષિસ કરવામાં આવી છે. મૌલા અલી (અ.)એ અલ્લાહની મરજી મેળવી લીધી છે તેથી **આ રહમતની બક્ષિસ માત્ર એવા લોકો ઉપર કરવામાં આવશે કે જેમને મૌલા અલી (અ.) પરવાનગી આપશે.**

પયગમ્બર (સ.)ની અહલેબૈતને અલ્લાહ (સુ.વ.ત.)એ આયત ૩૩:૩૩ અનુસાર પાક બનાવી દીધેલ છે અને પયગમ્બરે પાક (સ.)એ એવું ફરમાવ્યું હતું કે અહલેબૈતની મોહબ્બત ઉપર ઈસ્લામીની બુનિયાદ આવેલી છે. તેથી ચાલો આપણે એવી એક આયત જોઇએ કે જે આવી ગૌરવવંતી અહલેબૈતનો સંદર્ભ આપતી હોય :

૪ "એ કંદીલ એવા ઘરોમાં રોશન છે કે **જેમના વિષે ખુદાએ હુકમ આપ્યો છે કે તેમની તા'ઝીમ કરવામાં આવે અને તેમનામાં તેનું નામ લેવામાં આવે** કે જેમાં સવાર–સાંજ તે **લોકો તેનો ઝિક્ર કર્યા કરે છે.**"

(સૂરએ નૂર, આયત–૩૬)

ઉપરની આયતમાં અલ્લાહ (સુ.વ.ત.) ફરમાવે કે તેનું **નૂર અમુક ઘરોમાં રોશન છે કે જ્યાં તેના નામનું રટણ સવાર – સાંજ કરવામાં આવે છે.** તે (અલ્લાહ) આ **ઘરોમાં રહેનારાઓની પ્રશંસા કરે છે** અને **જે રીતે**

**<u>તેમણે તેના નામનો ઝિક્ર કર્યો છે તે રીત તેને એટલી બધી પસંદ પડી ગઇ છે કે તેણે આ ઘરોની તાં'ઝીમ કરવાનો હુકમ આપી દીધો છે.</u>**

સલા'બીએ અનસ બિન માલિક અને બુરૈદાનું કથન ટાંકયું છે કે જયારે પયગમ્બરે પાક (સ.)એ આ આયતની તિલાવત કરી તો અબુ બક્ર ઊભા થઇ ગયા અને **<u>અલી (અ.) અને ફાતેમા (અ.)ના ઘર તરફ ઇશારો કરતાં પૂછયું</u>** કે શું આ ઘરનો સમાવેશ પણ સંદર્ભ કરવામાં આવેલા ઘરોમાં થાય છે ? પયગમ્બરે પાક (સ.) એ એવું કહીને જવાબ આપ્યો, **<u>હા, અને સંદર્ભ આપવામાં આવેલાં બીજાં ઘરો કરતાં તે ઘર બેહતર છે.</u>**

(સંદર્ભ : દુર્રે મન્સૂર, જિલ્દ–૫, પેજ–૫૦)

અલ્લાહ (સુ.વ.ત.)એ ઉપરની આયતમાં **મૌલા અલી (અ.) અને જનાબે ફાતેમા (સલા.) ના પરિવારની નિ:સ્વાર્થ ઇબાદતની પ્રશંસા કરી છે** અને તેથી જ તો તેણે આ ઘરોની તા'ઝીમ કરવાનો હુકમ આપ્યો છે. તેમનું ઘર એવું સર્વોત્તમ છે કે જેને અલ્લાહ (સુ.વ.ત.)એ ગૌરવવંતુ બનાવ્યું છે. હવે ચાલો આપણે બન્ને આયતો ઉપર ચિંતન કરીએ :

8 "એ દિવસે કોઇની ય સિફારિશ કામ નહીં આવે **પરંતુ (એમની કે ) જેમને ખુદાએ ઇજાઝત આપી હોય અને તેમના વાણીને પસંદ કરે.**" (સૂરએ તા–હા, આયત–૧૦૯)

ઉપરની આયત જણાવે છે કે **તે દિવસે કોઇની પણ સિફારિશ** કામ નહીં લાગે સિવાય એ લોકોની કે **જેમને અલ્લાહે પરવાનગી આપી હોય અને તેમના શબ્દોથી રાજી થયેલો હોય.** હવે અગાઉની સૂરએ નૂરની આયતમાં અલ્લાહ (સુ.વ.ત.)એ મૌલા અલી (અ.)ના ગૌરવવંતા પરિવારની નિ:સ્વાર્થ ઈબાદતોનો સ્વીકાર કર્યો છે. **<u>આમ તેને તેમની ઇબાદતો ગમી ગઇ છે અને તેથી જ તો આપણે એવું કહી શકીએ છીએ કે તેમના ગૌરવવંતા ઝિક્રના શબ્દોની તેણે પ્રશંસા કરી છે. અલ્લાહ (સુ.વ.ત.)એ તેમના ઘરોની તાં'ઝીમ કરવાનો હુકમ આપ્યો છે</u>** જે બાબત તેમના પ્રત્યેની મોહબ્બત દર્શાવે છે. તેથી જ તો આપણે એવું અનુમાન કરી શકીએ કે **<u>મૌલા અલી (અ.)ના પરિવારની સિફારિશ</u>** એટલે કે મૌલા અલી (અ.)ની પોતાની, જનાબે ફાતેમા (સ.અ.)ની, ઈમામ હસન (અ.)ની, ઈમામ હુસૈન (અ.)ની અને તેમનાં બીજાં સંતાનો અને તેમના વંશના ઈમામોની સિફારિશ, **<u>કાયદેસરની છે અને કયામતના દિવસે સાચી પૂરવાર થશે.</u>**

એ કારણે જ તો આપણા પ્યારા પયગમ્બર (સ.)એ ફરમાવ્યું છે :

8 "**આલે મોહંમદ** (મોહંમદ (સ.)ના સંતાનો) **નો સ્વીકાર** એટલે કે (જહન્નમની) આગમાંથી મુકિત અને તેમની મોહબ્બત છે પુલે સિરાતને પાર કરવાનો પરવાનો અને **તેમની ઇતાઅત છે**

**અલ્લાહના ગઝબથી રક્ષણ."**

(સંદર્ભ : 'શિફા' લેખક કાઝી અયાઝ, ભાગ–૨, પેજ–૪૦)

→ પયગમ્બરે પાક (સ.) **સઘળી દુનિયાઓ માટે રહમત.** મૌલા અલી (અ.)એ **અલ્લાહ (સુ.વ.ત.)ની મરજી** કમાઇ લીધી અને **<u>પંજેતન પાક(અ.)</u>** કયામતના દિવસે **<u>કાયદેસરની સિફારિશ (શફાઅત) કરનારા છે.</u>** જો આપણે તેમની સાથે મોહબ્બત રાખીશું તો આપણી નજાત થશે એવું ખાતરીપૂર્વક માની શકીશું.

આ લેખમાં આપણે અગાઉ જોઇ ગયા કે મુનાફિકોને અલ્લાહની રહમતથી દૂર રાખવામાં આવ્યા છે અને તેમની મગ્ફેરત માટેની કોઇ દુઆનો અલ્લાહ કદી સ્વીકાર નહીં કરે. ઇમાનદાર મોમિનો જ ફક્ત એવા છે કે જેમને અલ્લાહ (સુ.વ.ત.) ચાહે છે અને તેમની દુઆઓને તે ચોકકસપણે સાંભળશે જ. તેથી ચાલો હવે આપણે એ જોઇએ કે અલ્લાહ (સુ.વ.ત.) મોમિનો વિષે શું ફરમાવે છે :

8 "તો પછી સમજી લો કે ખુદાના સિવાય કોઇ માઅબૂદ નથી અને **<u>(અમારી પાસે) તમારી અને ઇમાનદાર પુરૂષો અને ઇમાનદાર સ્ત્રીઓના ગુનાહોની માફી માગતા રહો</u>** અને ખુદા તમારા ચાલવા, ફરવા અને રોકાઇ જવાથી (ખૂબ) વાકેફ છે." (સૂરએ મોહંમદ, આયત–૧૯)

ઉપરની આયતમાં અલ્લાહ (સુ.વ.ત.)એ ઈમાનદાર (મોમિન)ને તેની પોતાની **મગ્ફેરત માટે અને સાથે સાથે તેના સાથીદાર ઇમાનદાર પુરૂષો અને સ્ત્રીઓની મગ્ફેરત માટે દુઆ કરવાનો** હુકમ કર્યો છે. આનો સ્પષ્ટપણે અર્થ એવો થાય છે કે આ દુનિયામાં અલ્લાહ (સુ.વ.ત.)એ માત્ર ઈમાનદારોનો તેમના ઈમાનદાર ભાઈઓ અને બહેનોની સિફારિશનો સ્વીકાર જ કર્યો નથી પરંતુ નિયમિતપણે તેમને આવું કરવાની સૂચના આપી છે. તેથી જ્યારે તેણે એક મોમિનની બીજા મોમિનો માટેની સિફારિશને આ દુનિયામાં માન્ય ગણી છે તો પછી શું આપણે એવું ના કહી શકીએ કે આ બાબત કયામતના દિવસે પણ સાચી ઠરે ?

હવે મૌલા અલી (અ.) અમીરુલ મોમિનીન (ઈમાનદારોના અમીર) છે અને વિવિધ હદીસો ઉપરથી આપણે આવું જાણી પણ લીધું છે કે મૌલા અલી (અ.)ની મોહબ્બત વગર મોમિનની વ્યાખ્યા આપી શકાય તેમ નથી.. આ કારણે જ તો પયગમ્બરે પાક (સ.)એ ફરમાવ્યું છે કે :

8 **"<u>મોમિનના</u> આમાલનામાનું શિર્ષક <u>અલી (અ.) પ્રત્યેની લાગણીસભર મોહબ્બત</u>** છે."

(સંદર્ભ : સવાએકે મોહર્રકા, પેજ–૭, તારીખ અલ બગદાદ, પેજ–૧૭૭)

જ્યારે આપણે ઉપરની હદીસને ઉપર દર્શાવેલી આયત સાથે મિલાવીએ તો આપણે એવા તારણ પર આવી શકીએ કે **સાચો ઇમાનદાર મૌલા અલી (અ.)નો ચાહક હોય છે અને તેની બીજા મોમિનો માટેની દુઆઓનો સ્વીકાર**

**અલ્લાહ (સુ.વ.ત.) આ દુનિયામાં  કરે છે.** અને જો એવું જ હોય તો પછી મૌલા અલી (અ.)નો અને તેમના વંશમાંથી ઉતરી આવેલા ઈમામોનો ચાહક કયામતના દિવસે બીજા મોમિનો વતીથી તેમની નજાત માટેની સિફારિશ કરી શકે ખરો? શું આવી સિફારિશનો સ્વીકાર અલ્લાહ (સુ.વ.ત.) કરશે ખરો ?

૪ "તે દિવસે તે (ગુનેગાર) લોકો સિફારિશ કરવા સમર્થ નહીં હોય **પરંતુ હા, જે શખ્સે ખુદાથી સિફારિશનો અધિકાર લઇ લીધો હોય.**" (સૂરએ મરયમ, આયત–૮૭)

ઉપરની આયત જણાવે છે કે કોઇ પણ માણસ સિફારિશ કરવા પર કાબૂ નહીં ધરાવે સિવાય એવા થોડાકના કે જેમણે અલ્લાહ (સુ.વ.ત.) સાથે સોદો કર્યો હોય. આનાથી એ બાબત વધારે મજબૂત બને છે કે કયામતના દિવસે એવા લોકો હશે કે જેમની સિફારિશ અન્ય લોકોને નજાત અપાવશે.

પ્રખ્યાત ઈસ્લામી તફસીરકારોએ લખ્યું છે કે **અલ્લાહ સાથે સોદો કરી દેવાની ક્રિયા પયગમ્બરે પાક (સ.)ની અહલબૈતમાંથી ઉતરી આવેલા ઇમામોને ચાહવાનો અને અનુસરવાનો સોદો છે** કે જેને ઈમાનદારોએ અલ્લાહ (સુ.વ.ત.) સાથે કર્યો છે. (સંદર્ભ : તફસીર દુર્રે મન્સૂર, જિલ્દ–૪, સવાએકે મોહર્રકા અને બીજી ઘણી કિતાબો)

→ કોઇ પણ સાચો મોમિન એવો હોય છે કે જે મૌલા અલી (અ.) અને તેમના વંશમાંથી ઉતરી આવેલા ઈમામોને ચાહતો હોય છે અને તેમની ઈતાઅત કરતો હોય છે. ઈમામો પ્રત્યેની આ મોહબ્બત અલ્લાહ સાથે તેણે કરેલો સોદો હોય છે અને આ સોદાના બદલામાં અલ્લાહ (સુ.વ.ત.)એ કયામતના દિવસે મોમિનને સિફારિશ કરવાનો અધિકાર આપ્યો છે. **હા, મોમિન તે દિવસે બીજા મોમિનોને નજાત અપાવી શકે છે.**

આ લેખની શરૂઆતના ભાગમાં આપણે એવી આયત જોઇ ગયા હતા કે જેમાં અલ્લાહ (સુ.વ.ત.)એ આપણને તેની પાસે પહોંચવાના વસીલાને શોધવાનો હુકમ કર્યો છે. સૂરએ ફુરકાનની બીજી એક આયતમાં પયગમ્બરે પાક (સ.)ની રિસાલતના બદલા તરીકે અલ્લાહ (સુ.વ.ત.) એવું ઈચ્છે છે કે મુસલમાનો એવો માર્ગ અપનાવે કે જે તેની તરફ દોરી જતો હોય. ત્યાર પછી આપણે એવું અનુમાન તારવ્યું હતું કે પયગમ્બરે પાક (સ.) અને તેમની પવિત્ર આલને ચાહવી તે એક એવો સોદો છે કે જે આપણે અલ્લાહ (સુ.વ.ત.) સાથે કર્યો છે અને તેથી જ તો તે બધા નજાતના વસીલા છે અને માત્ર તેમની સિફારિશ દ્વારા જ આપણે બદલો મેળવવાની આશા રાખી શકીએ તેમ છીએ. **તેનો અર્થ એવો થયો કે તેઓ અલ્લાહ (સુ.વ.ત.) સુધી પહોંચવાના વસીલા છે અને તેઓ એવા માર્ગો છે કે જે તેના સુધી પહોંચે છે.**

આમ સૂરએ ફુરકાનની અગાઉ ચર્ચાઇ ગયેલી આયત (નંબર–૫૭)ની રોશનીમાં સર્વોત્તમ બદલો કે જે કોઇ મુસલમાન પયગમ્બરે પાક (સ.)ને આપી શકે તે છે એવો રસ્તો અપનાવવો કે જે અલ્લાહ (સુ.વ.ત.)ને જઇને મળતો હોય, અને આ રસ્તો છે પયગમ્બરે પાક (સ.) અને તેમની આલ સાથેની મોહબ્બત. અને તેથી જ તો કુરઆન ફરમાવે છે :

8 "અય રસૂલ (સ.) ! તમે કહી દો કે હું મારી તબ્લીગે રિસાલતનો બદલો **મારા કરાબતદારોની મોહબ્બત** સિવાય તમારી પાસે કંઇ માગતો નથી." (સૂરએ શુરા, આયત–૨૩)

ઉપર દર્શાવેલ આયત પ્રખ્યાત તફસીરકારો અને લેખકોના અભિપ્રાયોની સર્વાનુમતીમાં પયગમ્બર (સ.)ના સગા વહાલાંનો સંદર્ભ આપે છે. અને 'અલ કુર્બા' શબ્દ **અલી (અ.) અને ફાતેમા (અ.) અને તેમની ઓલાદનો** સંદર્ભ આપે છે.

(સંદર્ભ : સ'લાબી, સુયુતિ, બૈઝાવી, બુખારી, મુસ્લિમ, એહમદ ઇબ્ને હમ્બલ, અલ્લામા ઝમખશરી, જિલ્દ–૩, પેજ–૬૮)

પયગમ્બરે પાક (સ.) અને આપની પવિત્ર અહલેબૈત (અ.) અલ્લાહની મહેરબાની છે કે જેમની અલ્લાહ (સુ.વ.ત.)એ આપણા ઉપર બક્ષિસ ઉતારી છે કેમકે તેઓ માન્ય વસીલાઓ છે અને અલ્લાહ (સુ.વ.ત.) સુધી પહોંચવાનો અને નજાત મેળવવાનો આપણો રસ્તો છે. આ લેખનું સમાપન કરતાં પહેલાં આ બાબતને વધારે સારી રીતે સમજવાના હેતુથી ચાલો આપણે ઇમામ જાફરે સાદિક (અ.)ની હદીસ જોઇએ :

ઇમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું,

8 "અલ્લાહે અમારું સુંદર સ્વરૂપોમાં સર્જન કર્યું. તેણે અમને તેના બંદાઓ ઉપર તેની આંખ બનવા, સમગ્ર માનવજાત તેના બોલેલા શબ્દો બનવા સર્જ્યા છે, **તેનો કૃપાળુ હાથ કે જે તેના બંદાઓ ઉપર રહમત અને હમદર્દી વરસાવે છે, તેનો ચહેરો કે જેના દ્વારા તેની ઇબાદત કરવામાં આવે છે, તેનો દરવાજો કે જે તેની તરફ અને પૃથ્વી ઉપરના અને આસમાનોના તેના ખજાનાઓ તરફ દોરી જાય છે,** અમારા વડે વૃક્ષોએ ફળ આપ્યાં, અનાજ પાક્યું અને નદીઓ વહેવા લાગી. અમારા દ્વારા આસમાનો વરસાદ વરસાવે છે અને બીજ ઉગે છે. **અમારી ઇબાદત દ્વારા અલ્લાહની ઇબાદત થાય છે અને જો અમારા માટે એવું ન થયું હોત તો અલ્લાહની કદી પણ ઇબાદત ન થઇ હોત.**"

(સંદર્ભ : અલ કાફી, જિલ્દ–૧, પેજ–૧૪૪, અલ મોહાતઝિર પેજ–૧૫૪, અલ તૌહીદ પેજ–૧૫૧, અલ બિહારુલ અન્વાર, જિલ્દ–૨૪, પેજ–૧૯૭, અલ સકલૈન નૂર તફસીર જિલ્દ–૧, પેજ–૬૫૦)

આમ લેખનું સમાપન કરતાં આપણે એવું કહી શકીએ કે અલ્લાહ (સુ.વ.ત.)એ પયગમ્બરે પાક (સ.)નું સર્જન આલમીન માટે રહમત

તરીકે કર્યું. તેથી આપણા જીવનમાં આપ (સ.) નું મહત્વ  દેખરેખ રાખનારી માતા સમાન છે. જ્યારે કોઇ બાળક પોતાના મા–બાપની આજ્ઞાનું પાલન કરે છે અને શાળાએ જાય છે તો તે ઈલ્મ અને કેળવણી પ્રાપ્ત કરે છે પરંતુ જો તે આજ્ઞા ન પાળે તો તે અજ્ઞાની (જાહિલ) રહે છે એવી જ રીતે જો કોઇ મુસલમાન પયગમ્બરે પાક (સ.)ની ઈતાઅત કરતો નથી અને આપની પવિત્ર અહલેબૈત (અ.) સાથે મોહબ્બત રાખતો નથી તો તે જાહિલ તેમજ નજાતથી વંચિત રહે છે. ઉપરના તારણને પયગમ્બરે પાક (સ.)ની એ હદીસની રોશનીમાં વધારે સંગીન બનાવી શકાય કે જેને પ્રખ્યાત કિતાબો જેવી કે **સહીહ બુખારી, મસ્નદ ઇબ્ને હમ્બલ** અને અન્ય કિતાબોમાં નોંધવામાં આવી છે જે આ મુજબ છે :

**“એ કે જે પોતાના જમાનાના ઇમામની માઅરેફત પ્રાપ્ત કર્યા વગર મરી જાય છે તે જાહેલિયતની મોતે મરે છે.”**

પરંતુ આપણે ચિંતા કરવાની જરૂર નથી કેમકે આપણે નસીબદાર છીએ કે અલ્લાહ (સુ.વ.ત.)એ આપણને સાચા રસ્તાની હિદાયત કરી છે, તેથી ચાલો આપણે તેનો આભાર માનીએ અને તેની આગળ દુઆ માગીએ કે તે આપણને અડગ રાખે અને આપણને બન્ને દુનિયાઓની સફળતાઓથી નવાઝે, આમીન.

*

?

તમારું દીની જ્ઞાન ચકાસો.

## ઈસ્લામી કવીઝ નં. ૨૨૬

**(૧) સૌથી પહેલાં ‘અલ્લાહુ અકબર’નો અવાજ નીચેનામાંથી કોના ઘરમાં બુલંદ થયો હતો ?**
(A) જનાબે ફાતેમા ઝહરા (સ.)ના
(B) જનાબે સલમાન ફારસી (રઝી.)ના
(C) જનાબે બિલાલ હબશી (રઝી.)ના

**(૨) આપણે બધા વારંવાર કુરાન શરીફની ‘આયત’ એવો શબ્દ વાપરીએ છીએ તો ‘આયત’નો અર્થ શું થાય ?**
(A) વાક્ય (B) નિશાની (C) પંક્તિ

**(૩) હઝરત હૂદ (અ.)ને અલ્લાહ તઆલાએ કઇ કોમની હિદાયત માટે મોકલ્યા હતા?**
(A) કૌમે સમૂદ (B) કૌમે આદ
(C) કૌમે બની ઈસરાઈલ

**(૪) મુસલમાને આમ લોકોના જે હક બજાવવાના હોય છે તેને ઇસ્લામી પરિભાષામાં શું કહેવાય છે ?**
(A) હકકુલ્લાહ (B) હકકુલઈબાદ
(C) હકકુન્નિસા

**(૫) હઝરત ફાતેમા ઝહરા (સલા.)ના સગા બે ભાઇઓમાંથી એકનું નામ હતું–**
(A) હઝરત ઈબ્રાહીમ (અ.)
(B) હઝરત કાસિમ (અ.)
(C) હઝરત મોહસિન (અ.)

**(૬) રમઝાન ઇદને ‘ઇદુલ ફિત્ર’ એટલા માટે કહેવામાં આવે છે કે –**
(A) તે દિવસે ફિતરાની ખેરાત કરવામાં આવે છે.
(B) તે દિવસે રોઝા રાખવાના સિલસિલાને તોડી દેવામાં આવે છે.
(C) તે દિવસે ફિત્રતન બધા ખુશાલી મનાવે છે.

# ચીન દેશમાં ઇસ્લામ ધર્મ

ચીનમાં ઈસ્લામ ધર્મનો ઈતિહાસ ખૂબ જૂનો પુરાણો છે. ઈસ્લામનો ઝુહૂર થયા પછી તરત જ ઈસવી સન–૬૫૦ માં ચીનમાં ઈસ્લામી તાલીમની શરૂઆત થઈ ગઈ હતી. એ જમાનામાં ચીનના બાદશાહ અમીર અતૂર ઝાંગ વી એ ઈસ્લામની તાલીમનું સન્માન કર્યું હતું અને મસ્જિદોનું નિર્માણકાર્ય કરવાની પરવાનગી આપી હતી. ત્યાં જે મસ્જિદોનું નિર્માણકાર્ય કરવામાં આવ્યું હતું તેનું નામ શૂંગ યે રાખવામાં આવ્યું. ચૌદ સદીઓ પસાર થઈ ગયા પછી હજુ પણ એ મસ્જિદ બાકી છે.

ઈ.સ. ૯૬૦થી લઈને ઈ.સ. ૧૨૭૯ સુધી શૂંગ વંશની હુકૂમત રહી હતી અને તેમાં પણ થોડા મુસલમાનોને આઝાદી હતી. ઈ.સ. ૧૩૬૮થી લઈને ઈ.સ. ૧૬૪૪ સુધી માયાન્ગ વંશના બાદશાહોની હુકૂમત રહી હતી. આ જમાનો ચીનમાં ઈસ્લામ ધર્મ માટે સુવર્ણ યુગ હતો. આ સમયગાળામાં કેટલાક ચીની કબીલાઓએ ઈસ્લામી સંસ્કારો અને રહેણી કરણી, શિષ્ટાચાર અને આચરણ ઈસ્લામી પોષાક તેમજ ખાવા–પીવાના અને રહન સહનના ઈસ્લામી આદાબને ગ્રહણ કરી લીધા.

ઈ.સ. ૧૯૧૧માં સૂન–યાત–સીન દ્વારા માનશૂ સલ્તનતનો ખાત્મો થઈ ગયો અને ચીન દુનિયાના નકશા પર પ્રજાસત્તાક ચીનના નામથી જાહેર થયું. સૂન–યાત–સીને એવી જાહેરાત કરી દીધી કે ચીનમાં દરેક સંપ્રદાયના લોકો વસે છે અને બધાને મસાવી અધિકારો પ્રાપ્ત થશે. અને તેણે મુસ્લિમ અને બિનમુસ્લિમ વર્ગના લોકો સાથે બેહતરીન સંબંધો સ્થાપિત કર્યા.

પરંતુ ઈ.સ. ૧૯૪૮માં માવ–ઝી–તુંગની તહરિક સફળ થઈ અને તેણે ચીનમાં Socialist Communist (સમાજવાદી કમ્યુનીસ્ટ) સરકારની સ્થાપના કરી તો ઈ.સ. ૧૯૫૩ સુધી ચીનમાં મુસલમાનો અને બીજા લોકો થોડીક મુશ્કેલીઓના શિકાર બની ગયા. મુસલમાનોએ મુસ્લિમ બહુમતિવાળા પ્રદેશોમાં પ્રવૃત્તિઓ શરૂ કરી દીધી જેથી મુસ્લિમ વસ્તીવાળા પ્રદેશોમાં મુસ્લિમ હુકૂમત કાયમ થઈ જાય. તેમની આ ચળવળને વહશી (ઝનૂની) ચીની લશ્કરપસંદોએ નિષ્ફળ બનાવી દીધી અને તેનું ખૂબ તીવ્રતાથી વર્ચસ્વ તોડી નાખ્યું અને મુસલમાનોના મુકાબલામાં ઉદારમતનો વિકાસ કર્યો. મુસલમાનોની માત્ર ચળવળને જ દબાવી ન દીધી પરંતુ તેમણે ચીનમાંથી ઈસ્લામનાં ચિહ્નો ભૂસી નાખવાની કોશિશ કરી એટલે સુધી કે અરબી ભાષાની કિતાબો, પુસ્તકાલયો અને અન્ય સંસ્થાઓનો નાશ કરવાની કોશિશ કરવામાં

આવી. અને એવી જાહેરાત કરી કે આ વતન ચીનની પોતાની જ તાલીમ આપવામાં આવશે તેથી ઈસ્લામી મદ્રેસાઓને બંધ કરી દેવામાં આવ્યા અને ત્યાંના વિદ્યાર્થીઓને બીજા જ પ્રકારના મદ્રેસાઓમાં Marxism (માર્કસવાદ) નું શિક્ષણ અપાવા લાગ્યું. મદ્રેસાઓને બંધ કરવા સુધી બાબત સીમિત ન રહી પરંતુ ૨૯,૦૦૦ કરતાં ય વધારે મસ્જિદોને પણ બંધ કરી દેવામાં આવી. માઓના અવસાનના પંદર વર્ષ સુધી માર્કસવાદનું જોર કાયમ રહ્યું. ત્યાર પછી સમાજવાદી હુકૂમતે માર્કસવાદથી આઝાદી પ્રાપ્ત કરી અને તેણે ખૂબ જ હદ સુધી મુસલમાનોની સાથે રાજકીય સંબંધો સ્થાપિત કર્યા. ચીનમાં ફરી એક વાર ઈસ્લામી તાલીમ ચાલુ થઈ ગઈ. તેની સાથે સાથે ચીન અને મુસ્લિમ મુલ્કોના પરસ્પરના સંબંધો મજબૂત બન્યા. મુસલમાનોની ચીનમાં વેપાર અને બીજાં કાર્યો માટે આવન જાવન ચાલુ થઈ ગઈ જેના લીધે ચીનમાં ઈસ્લામની બૌધ્ધિક સહાયતા તેમજ પ્રચાર થયો. આ કારણે જ આજે ચીનમાં મુસલમાનોની સંખ્યા બે કરોડની નજીક છે.

**ચીનમાં મુસલમાનોની બૌધ્ધિક ઓળખ :**

ચીનમાં મુસલમાનો વયગૂર અને અરબી ભાષાઓમાં તાલીમ પ્રાપ્ત કરે છે. તેની સાથે સાથે ફારસી પણ શીખવાડવામાં આવે છે. ઈ.સ. ૧૯૭૮માં ધાર્મિક સ્વતંત્રતાની જાહેરાત થયા પછી ચીની મુસલમાનોએ સમય બગાડયા વગર ઈસ્લામી તાલીમ આપવા ઉપર કામ ચાલુ કરી દીધું. અત્યારે ચીનમાં ૨૮,૦૦૦ મસ્જિદો છે; ૧૨,૦૦૦ જેટલી મસ્જિદો તો શીન–યાંગમાં છે. ચીનમાં શીન–યાંગને મુસલમાનોનું મર્કઝ (કેન્દ્ર) ગણવામાં આવે છે. અહીંયાં ખૂબ જ પ્રમાણમાં ઈસ્લામી સંસ્થાઓ છે કે જે ઈસ્લામી પ્રચાર માટેનાં કાર્યો કરે છે. અત્યારે ચીની ભાષામાં કુરાન શરીફના વિવિધ પ્રકારના આઠ જેટલા અનુવાદો થઈ ચૂકયા છે.

**ચીનમાં મોહિબ્બાને અહલેબૈત :**

ચીનમાં અહલેબૈતના મઝહબ ઉપર ચાલનારાઓનો ઈતિહાસ અસ્પષ્ટ છે. પરંતુ ઈતિહાસ લેખકોએ એ બાબતનું વર્ણન કર્યું છે કે બે સદીઓ પહેલાં ચીનમાં અહલેબૈતની ઈતાઅત કરવાવાળાઓની સંખ્યા લગભગ ત્રીસ લાખ સુધીની હતી. આ લોકો પૂર્વ તુર્કસ્તાન, તિબેટ અને બર્મામાં વસેલા છે. અને સીંક–યાનમાં પણ તેમની ખાસ્સી સંખ્યા છે. ચીનમાં શીઆહ મઝહબના ઝુહૂરની બાબતમાં જુદી જુદી રિવાયતો અને કથનો છે. અલબત્ત ગઈ સદીના આઠમા દસકામાં એક નવજવાન આલિમ તશઝ શૂંગે એક લખાણ લખેલું છે કે જેમાં તેણે ચીનમાં શીઆહ લોકોનાં ચિહ્નો તરફ ઈશારો કર્યો છે કે ચીનના શહેર તશીવાન

તશુની મસ્જિદોમાંથી એક મસ્જિદ એવી છે કે જેના ઉપર એક યાદગાર લખાણ મોજુદ છે કે જેમાં લખેલું છે કે આ મસ્જિદનું નિર્માણ કાર્ય હિજરી સન ૭૧૦માં પૂર્ણ થયું હતું અને તે ઈ.સ. ૧૩૧૦ અથવા તો ઈ.સ. ૧૩૧૧નો જમાનો હતો. આના ઉપરથી જાણવા મળે છે કે ચીનમાં છ સદીઓ પહેલાં શીઆહ મઝહબનું અસ્તિત્વ હતું.

**તિબ્બત શહેર :**

ચીનના જે શહેરોમાં શીઆહ લોકો જોવા મળે છે તેમાંથી એક શહેર તિબ્બત પણ છે. આ શહેરમાં શીઆહ લોકોના હોવાની અસલ બુનિયાદ એ છે કે આ ઈલાકાઓ હિન્દુસ્તાન અને પાકિસ્તાન નજીક આવેલા છે.

અલ્લામા કાઝી નૂરૂલ્લાહ શુસ્તરી લખે છે કે હિજરી સન – ૧૦૦૦માં હું મીર અલી રાયએ કે જે એ વખતે તિબ્બતના શાસક હતા તેમણે તિબ્બતને ફતેહ કર્યું અને કાફર રહેવાસીઓને કતલ કર્યા અને તેમના બુતકદાઓને તોડી નાખ્યા અને ઘણો બધો માલે ગનીમત પ્રાપ્ત કર્યો, જે સમયગાળામાં મીર શમ્સુદ્દીન ઈરાકી અહીં તશરીફ લાવ્યા તો ઈલાકાના લોકો તેમની બરકતથી મુસલમાન બન્યા અને તેમના પ્રયત્નોથી તે સમગ્ર ઠંડા પ્રદેશમાં શીઆહ મઝહબને ઉન્નતિ પ્રાપ્ત થઈ અને તે સમયથી આજ સુધી ત્યાંના સઘળા અમીર અને ગરીબ લોકો બાદશાહ હોય કે ભિખારી, બધા શીઆહ છે.

**બર્મા શહેર :**

આ શહેર ચીનની પશ્ચિમ દિશામાં આવેલું છે. તે શહેરમાં પણ શીઆહ લોકોની વસ્તી જોવા મળે છે. આ શહેરમાં મોટા ભાગના લોકો ભારતીય અને ઈરાની મુસલમાનો છે. તેની ચારેય તરફના વિસ્તારમાં તેમણે એક ખાસ શહેર બનાવ્યું છે કે જેનું નામ કરબલા રાખવામાં આવ્યું છે. આ શહેરમાં દૂર દૂરથી લોકો મોહર્રમુલ હરામના દિવસોમાં આવે છે. અહીં આવીને તે લોકો ઈમામ હુસૈન (અ.)ની અઝાદારી બરપા કરે છે.

**ચીનમાં મસ્જિદો :**

જો કે ચીનમાં સાતમી સદીમાં ઈસ્લામ દાખલ થઈ ગયો હતો પરંતુ તેમ છતાંય મસ્જિદો અને મઝહબી ઈમારતો ઉપર કોઈ નિશાન અથવા તો લખાણ, વગેરે મોજુદ નથી જેના ઉપરથી એ જાહેર થઈ શકે કે તેમનો પાયો ક્યારે નાખવામાં આવ્યો હતો કેમકે ચીનમાં શરૂ શરૂમાં જે મુસલમાનોએ મસ્જિદો બનાવી હતી તેઓ રિયાકારીથી (લોકોને બતાવવાથી) બચવા માટે નામ વગેરે લખતા ન હતા. તેમનો હેતુ તો માત્ર ઈબાદતે ઈલાહી રહ્યા કરતો હતો. અલબત્ત જે મસ્જિદો અગિયારમી સદીમાં અથવા તો બારમી સદીમાં બાંધવામાં આવી છે તેમના ઉપર કુત્બે વગેરે લખવામાં આવતા હતા. ચીનમાં મસ્જિદ માટે વિવિધ નામો છે

તેમાંથી કેટલાક આ મુજબ છે :

(૧) **તાન્ગા** : તેનો અર્થ થાય છે પવિત્ર ઓરડો

(૨) **લી બાયી** : અર્થાત નમાઝ (પઢવાનો) ઓરડો

(૩) **હુઇ હુઈ ટાંગ** : ઓરડો

(૪) **લી બાઇ સી** : અર્થાત મુસલ્લી, નમાઝ પઢવાની જગ્યા

(૫) **તશન્ગા તશી સી** : અર્થાત સફા અને હક

આ મસ્જિદોમાં દીની તાલીમની સાથે સાથે મુસલમાનોની સમસ્યાઓને પણ હલ કરવામાં આવતી હતી.

– શેખ ઈફ્તેખારઅલી

(**'રૌઝએ હુસૈન'** નામના કરબલાથી પ્રગટ થતા એક ઉર્દૂ સામયિકમાંથી અનુવાદિત)


## રક્ષણ ફેબ્રીકેશન ગૃપ

ગ્રીન હાઉસ, ખેતર, પ્લોટ, વાડી, વગેરેની ફેન્સીંગ જાળી અને ફેન્સીંગ તારની વાડનું કામ માલસામાન સાથે સંતોષકારક રીતે કરી આપવામાં આવશે.

:::::: **સંપર્ક** ::::::

મહંમદઅલી વી. ગોદડ – ૯૫૫૮૯૦૦૯૭૦

સાજીદઅલી એમ. ગોદડ – ૯૪૨૭૩૬૫૧૪૭

૯૬૬૨૦૯૫૫૮૮

**મુ.પો. હરિપુરા, પો.અરોડા, તા. ઇડર, જી.સાબરકાંઠા.**

## મલેશિયા અને સિંગાપોરમાં અભ્યાસ માટે

- ૧૦૦% વિઝા
- ભણવા સાથે કમાવવાની ઉત્તમ તક
- સિંગાપોર મલેશિયામાં ભણતર કર્યા પછી U.K., U.S.A. અને European વિઝાની પૂરી તકો
- કોલેજ ફીઝ વિઝા પછી
- 10 પાસ અને કોઇ પણ દેશમાં રિજેક્ટ હોય તો પણ એપ્લાય કરી શકશે.
- કોઇ પણ ઇન્ટરવ્યુઝ કે એકસ્ટ્રા પરીક્ષા વગર ૧૦૦% વિઝા



**હુસૈનમહંમદ એસ. ચૌધરી (ભાંગરોડીયા)**

મોબાઇલ : ૯૯૨૪૯૮૫૨૪૭

Email : hschaudhary786@yahoo.com

hschaudhary786@gmail.com

## હદીસે નૂરાની

સલમાન અને અબુઝરે નૂરાની માઅરેફત સંબંધી પ્રશ્ન પૂછવાથી હઝરત અલી (અ.) એ ફરમાવ્યું કે આં હઝરત (સ.)એ ફરમાવ્યું કે નૂરાનિયતની સાથે માઅરેફત ખુદાવંદે ઈઝઝોજલની માઅરેફત છે અને નૂરાનિયતની સાથે ખુદાની માઅરેફત દીને ખાલિસ (વિશુધ્ધ ધર્મ) છે.

પછી ફરમાવ્યું,

જેણે મારી વિલાયતને કાયમ કરી, તેણે નમાઝને કાયમ કરી, કસોટીમાંથી પાર ઊતરેલો મોમિન અમારા આદેશથી કોઈ પણ વસ્તુને રદ કરતો નથી પરંતુ એ કે તેનો સ્વીકાર કરવા માટે ખુદા તેની છાતીને ખોલી નાખે છે અને તે ન તો શંકા કરે છે કે રદ કરે છે અને જેણે **'ના'** અથવા **'કેવી રીતે'** એવું કહ્યું તો પછી તે કાફિર થયો. પછી અલ્લાહે આદેશને સંપૂર્ણ કરી દીધો અને અમે ખુદાના અમ્ર (આદેશ) છીએ. જાણી લો કે હું ખુદાએ ઈઝઝોજલનો બંદો છું અને તેણે પોતાના બંદાઓ પર અને પોતાના શહેરમાં મને પોતાનો ખલીફા બનાવ્યો અને જમીનમાં મને તેની મખ્લૂક પર તેનો અમીન ગણવામાં આવ્યો છે. તમે અમને રબ ન ગણો બાકી તમે અમારી ફઝીલતમાં જે ઈચ્છો તે કહી દો. નિ:સંદેહ કે તમે અમારામાં જે છે તે વસ્તુના કિનારા સુધી કે અંત સુધી પહોંચી નહીં શકો. બેશક ખુદાએ ઈઝઝોજલે, અમારાં ગુણગાન ગાઈ શકે, અને તમારામાં કોઈનાય મનમાં વિચાર ઉદભવી શકે અને ઓળખવાવાળા એને ઓળખી શકે, એના કરતાં ય વધારે અમને અર્પણ કર્યું છે. પછી જ્યારે તમે અમારી માઅરેફત આવી રીતે પ્રાપ્ત કરશો તો તમે મોમિન છો. અને મોહંમદ (સ.) ખુદાના નૂરમાંથી છે અને એક જ નૂર છે. પછી અલ્લાહે એ નૂરને હુકમ કર્યો કે બે ટુકડા થઈ જા અને અડધા ટુકડાને એવો હુકમ કર્યો કે **'મોહંમદ'** થઈ જા તો તે **'મોહંમદ'** થઈ ગયો અને બીજા અડધા ટુકડાને હુકમ કર્યો કે **'અલી'** થઈ જા તો તે **'અલી'** થઈ ગયો. મોહંમદ (સ.) નાતિક (બોલતા) હતા અને હું સામિત (મૂંગો) રહ્યો. પછી હઝરતે પોતાના એક હાથને બીજા હાથ પર મારીને ફરમાવ્યું, મોહંમદ સાહેબુલ જમ્અ છે અને હું સાહેબે નશ્ર અને સાહેબે લૌહે મહેફુઝ છું. ખુદાએ મને ઈલહામ ફરમાવ્યું એ વસ્તુઓનું કે જે તેનામાં છે. મોહંમદ ખાતેમુન્નબીય્યીન (છેલ્લા) નબી છે અને હું ખાતેમુલ વસી (છેલ્લો વસી) છું. મોહંમદ (સ.) નબીએ કરીમ છે અને હું સિરાતે મુસ્તકીમ છું. મોહંમદ રઉફુર્રહીમ છે અને હું અલીય્યુલ અઝીમ અને મહા સમાચાર

છું. હું એ છું જેણે નૂહને અલ્લાહના હુકમથી કશ્તીમાં સવાર કર્યા. હું એ છું કે જેણે યૂનુસને માછલીના પેટમાંથી બહાર કાઢયા. હું એ છું કે જેણે મૂસા બિન ઈમરાનને પોતાના રબના હુકમથી દરિયો પાર કરાવ્યો. હું એ છું કે જેણે ઈબ્રાહીમ (અ.)ને આગમાંથી બહાર કાઢયા. યવ્મે ઝલ્લાનો અઝાબ મોકલનારો હું છું. નજીકના મકાનમાંથી પોકાર કરવાવાળો હું છું. મૂસા (અ.)નો ઉસ્તાદ ખિઝર હું છું. હું દાવૂદ અને સુલયમાનનો શિક્ષક છું. હું ઝુલ્કરનૈન છું, અને હું ખુદાએ ઈઝઝોજલની કુદરત છું. હું મોહંમદ, અને મોહંમદ હું, ખુદાએ ફરમાવ્યું કે એ બન્ને સમુદ્રોને મીલાવી દો કે જેમની વચ્ચે આડ છે. તે એક બીજા પર અત્યાચાર (અધિકતા) નથી કરતા. હું છું સરદાર દરેક મોમિન પુરૂષ અને મોમિન સ્ત્રીનો કે જેઓ ગુજરી ગયા છે અને જેઓ બાકી છે. મહાન રૂહ (રૂહે અઝમત) દ્વારા મારું સમર્થન કરવામાં આવ્યું. મેં ઘોડિયામાં ઈસા ઈબ્ને મરયમની જીભે વાતો કરી. હું ઈબ્રાહીમ છું, હું મૂસા છું, હું ઈસા છું અને હું મોહંમદ છું. હું ઈચ્છું એની સૂરતમાં મારી જાતને બદલી દઉં છું. જેણે મને જોયો તેણે એ સૂરતોને જોઈ અને અમે અલ્લાહનું એ નૂર છીએ કે જેમાં કદી પણ પરિવર્તન થતું નથી. હું એક બંદો છું, ખુદાના બંદાઓમાંથી. હું ખુદાની આયતો અને તેની દલીલો અને હુજ્જત તેમજ તેનો ખલીફા અને અલ્લાહની આંખ અને તેની જીભ છું. અમારા જ કારણે ખુદા પોતાના બંદાઓ ઉપર અઝાબ કરશે અને અમારા જ કારણે સવાબ પણ. અગર કોઈએ અમારા વિષે **'શા માટે ?'** અથવા તો **'ના'** એવું કહ્યું તો તે કાફિર થઈ ગયો અને તેણે શિર્ક કર્યો. હું જીવતા કરું છું અને મારું છું મારા રબની પરવાનગીથી. હું તમારા દિલમાં રહેલાં રહસ્યોને જાણવાવાળો છું અને વળી મારી ઓલાદમાંથી ઈમામો (પણ) જ્યારે ઈરાદો કરે છે અને ઈચ્છે છે તો તેઓ પણ (રહસ્યો) જાણી લે છે અને સમજી જાય છે. પરિચિત થઈ જાઓ કે નિ:શંકપણે અમે બધા એક જ છીએ. અમારો પહેલો મોહંમદ, અમારો વચલો મોહંમદ અને અમારો અંતિમ મોહંમદ છે અને અમે બધા જ મોહંમદ છીએ. તેથી અમારી વચ્ચે તફાવત ન કરો. અમે દરેક જમાનામાં, દરેક સમયે જે ચહેરામાં ઈચ્છીએ ખુદાની ઈચ્છાથી જાહેર થઈએ છીએ અને જ્યારે અમે ઈચ્છીએ છીએ ત્યારે ખુદા પણ ઈચ્છે છે અને જે વસ્તુને અમે મકરૂહ સમજીએ છીએ તેને અલ્લાહ પણ મકરૂહ સમજે છે. નાશ થાય તેનો, સંપૂર્ણપણે નાશ થાય કે જેણે અમારી ફઝીલતોથી અને અમારી વિશેષતાઓથી ઈન્કાર કર્યો. ખુદાએ ઈઝઝોજલે અમને 'ઈસ્મે આઝમ' અર્પણ કર્યું છે. જો અમે ઈચ્છીએ તો આસમાન, જમીન અને જન્નતો જહન્નમમાં ઉથલપાથલ કરી દઈએ. આ ઈસ્મે આઝમના કારણે આસમાનો પર ચઢી જઈએ, જમીનની અંદર ચાલ્યા

જઈએ અને પૂર્વ અને પશ્ચિમમાં ચાલ્યા જઈએ અને તેના કારણે એટલા બધા આગળ આગળ વધી જઈએ કે છેક અર્શ પર અલ્લાહની સામે બેસી જઈએ. દરેક વસ્તુ એટલે સુધી કે આસમાનો, જમીન, સૂર્ય અને ચંદ્ર, તારા, પહાડો, સમુદ્રો, વૃક્ષો, ચોપગાં પ્રાણીઓ, જન્નત અને જહન્નમ અમારી તાબેદારી કરે છે. આવા બધા ફઝાઈલ હોવા છતાંય અમે ખાઈએ છીએ, પીએ છીએ, બજારોમાં ચાલીએ છીએ, આ બધું અમે અમારા રબના હુકમથી જ કરીએ છીએ અને અમે અલ્લાહના એ નિકટવર્તી બંદાઓ છીએ કે અલ્લાહની એક વાળ જેટલી પણ અવગણના નથી કરતા અને તેના હુકમ ઉપર જ અમલ કરીએ છીએ. અમે મા'સૂમ અને પવિત્ર છીએ. તેણે અમને પોતાના ઘણા બધા મોમિન બંદાઓ પર ફઝીલત આપી છે. સઘળી પ્રશંસા એ અલ્લાહના માટે જ છે કે જેણે અમારી હિદાયત કરી. જો અલ્લાહ અમારી હિદાયત ન કરત તો અમે હિદાયત ન મેળવત. કાફિરો માટે અર્થાત્ અલ્લાહે અમને અર્પણ કરેલા ફઝાઈલનો જાણી બુઝીને ઈન્કાર કરનારાઓ માટે અઝાબ સાબિત થઈ ગયો.

અય સલમાન અને અય જન્દલ ! નૂરાનિયતની સાથે આ મારી માઅરેફત છે તેની સાથે ચુસ્ત રીતે જોડાયેલા રહો. અમારા શીઆઓમાંથી કોઈ પણ જ્યાં સુધી મને નૂરાનિયતની સાથે ન ઓળખી લે ત્યાં સુધી ડહાપણની હદ સુધી પહોંચી શકતો નથી. જ્યારે આવી રીતે મારી માઅરેફત પ્રાપ્ત કરશો તો દિવ્ય દ્રષ્ટિવાળા, પુખ્ત અને સંપૂર્ણ બની જશો, ઈલ્મના સમુદ્રથી ફૈઝ મેળવશો અને ફઝલના દરજ્જાઓ પર બુલંદ થશો અને અલ્લાહના ગુપ્ત ખજાનાઓ અને ભેદોથી પરિચિત થશો. (મશારેકુલ અન્વાર)

## હઝરત અલી (અ.)નું નામ

હઝરત સલમાને સવાલ કર્યો કે યા સૈયદી! આપનું નામ શું છે ? હઝરત (અલી)(અ.)એ જવાબ આપ્યો કે હું એ છું કે જેના ઉપર ન તો નામનો ઉપયોગ થાય છે કે ન સિફતનો. મારું ઝાહેર ઈમામત છે અને મારું બાતિન ગૈબ છે કે જેને પ્રાપ્ત કરવું શકય નથી.

(શર્હે ઝિયારત જામેઅ, જિલ્દ-૩)


ત્રીજા વર્ષમાં પ્રવેશ

**Spark IT Solution**



**::::: Product, service, softwere :::::**

**Hardware dealer :** All Type Computers ,Leptop and Printer Sales and All Kind of Computer Parts

**Network :** Lane , Wan, Man, Cabling and Routing

**Softwere :** Linux, Unix, Mac, Microsoft, Tally, Antivirus, Data recovery and All type of License Softwere

**Printer :** All Type Printer Repairing and Refilling

**::::: Contact :::::**

**abid momin:-9725757614(sales)**

**Hasan Momin:-8347310601(service)**

Web:-www.sparkitsolution.co.in

E-mail:-ab_momin@ymail.com

Add:-F.F-10, Sagar Avenue- A,
N/r. Amber tower, Sarkhej – juhapura Road,
Ahmedabad-380055.



હઝરત પીર મશાયખ બાવા(રહે.અ.) કૃત.....

# મશાયખવાણી

## મક્તૂલનામા

● સત ગુરૂ પીર મશાયખ વાચા ●

### બયાન નં.૧

**સુનો બીબી ફાતેમા[૧], ઉમ્મત શેહઝાદી,**
**જે સૈયદુ કેરી બુઝો રે દાદી.**

(હઝરત પીર મશાયખ બાવા (રહેમતુલ્લાહ અલૈહે) ફરમાવે છે કે તમે બધા સાંભળો કે હઝરત બીબી ફાતેમા ઝેહરા (અ.) ઉમ્મતની શેહઝાદી છે કે જે બધા જ સૈયદોની દાદી છે એવું સમજજો.)

**બીબી સાહેબ કે ફરજંદ, સૈયદ[૨] કેલાએ,**
**સહી આતશ સેતી પીછે રે રખાએ.**

(હઝરત બીબી ફાતેમા (અ.)ના ફરઝંદો આ જ કારણે સૈયદ કહેવાય છે અને સૈયદોને (જહન્નમની) આગથી દૂર રાખવામાં આવેલા છે.)

**હો ફરજંદ કરશે બીબી સાહેબકી રીતા,**
**કે દીન હો સેતી વેસી કરેગા પીતા.**

(હઝરત બીબી ફાતેમા (અ.)ના ફરઝંદો એટલે કે સૈયદો બીબી સાહેબની જ રીત અપનાવશે અને તેઓ પણ બીબી સાહેબની માફક દીને ઈસ્લામ સાથે પ્રીત રાખશે.)

**વે ફરજંદ બીબી સાહેબ કેરા,**
**રબે દોઝખસુ ઉસકુ દુર કીયા રે સવેરા.**

(આવા હઝરત બીબી ફાતેમા (અ.) ના ફરઝંદોને અલ્લાહ તઆલાએ દોઝખ(ની આગ)થી દૂર કરી દીધા છે.)

**કભી ફરજંદ હોકર નાંહી દીન રે ચાવે,**
**સુનો વે રે કીસ રીત, ઇસ માંહી રે ગણાવે.**

(જો કોઈ બીબી સાહેબનો ફરઝંદ હોય અને તે દીને ઈસ્લામ સાથે મોહબ્બત ન ધરાવે તો તે બીબી સાહેબનો ફરઝંદ કેવી રીતે ગણાશે?)

**સુનો નુહ નબી કેરા બેટા, પાણી માંહી ડુબાયા,**
**વે ડુબતા નુહને આપ નેનુ રે જોયા.**

(હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) હઝરત નૂહ પયગમ્બર (અ.)ના બેટાનું ઉદાહરણ આપીને સમજાવે છે કે નૂહ (અ.)ના (નાફરમાન) બેટાને અલ્લાહ તઆલાએ (અઝાબના) પાણીમાં ડૂબાડી દીધો હતો અને નૂહ (અ.)એ પોતાની સગી આંખે તેને પાણીમાં ડૂબતો જાયો હતો.)

**સહી લાઓ બાલી દરગાહ[૩] એસી રબ હો કેરી,**
**એ સુન સુન ડરના નસદન સવેરી.**

(હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.)

---

[૧]**ફાતેમા**—આ નામ એટલા માટે રાખવામાં આવ્યું છે કે તેમને તથા તેમના ફરજંદોને દોઝખની અગ્નિથી નજાત બક્ષી છે. [૨]**સૈયદ**—સરદાર [૩]**લાઓબાલી દરગાહ**—બેપરવાહ દરગાહ

ફરમાવે છે કે અલ્લાહની દરગાહ – અલ્લાહનો દરબાર લાઉબાલી એટલે કે બેપરવાહ છે તેથી આ સાંભળીને તેનાથી હંમેશાં ડરતા રહેવું જોઈએ.)

**સુનો ઉમેદને ડર બીચ હે મોમિન ઇમાના,**
**તો ડરના રબસુ એ હે મોમિન નીશાના.**

(હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) એવું પણ ફરમાવે છે કે મોમિનનું ઈમાન ડર અને ઉમેદની વચ્ચે રહેલું છે. તેથી જ તો અલ્લાહથી ડરતા રહેવું એ મોમિનની નિશાની છે.)

**તો નસદન ડર ડર હોવે રે બંદા,**
**ભી ઉમેદ કે ઉસકુ, રબ બેહિશ્ત દેહંદા.**

(તેથી જ તો બંદાએ અલ્લાહથી ડરતા રહેવું જોઈએ અને તેનો રબ તેને બેહિશ્ત આપશે તેવી ઉમ્મીદ પણ રાખવી જોઈએ.)

**–: રે તુહી :–**

**બેટી સરવર કેરડી,**
**બીબી ફાતેમા નામ રે, બીબી ફાતેમા નામ;**
**ખાતુન અનુકુ જાનીએ,**
**કયામત કેરે ઠામ રે કયામત કેરે ઠામ.**

(સરવરે દોઆલમ (સ.)નાં બેટી કે જેમનું નામ ફાતેમા (અ.) છે, કયામતના મેદાનમાં તેઓ ખાતૂને કયામત છે એવું તમે જાણજો.)

**બયાન નં.૨**

**સહી ખાતમ નબીકી, બેટી રે જાનો,**
**સો બીબી ફાતેમા, નામ રે પછાનો.**

(હઝરત પીર મશાયખ (રહે.અ.) ફરમાવે છે કે ઈસ્લામના અંતિમ નબી (સ.)ની બેટીનું નામ હઝરત બીબી ફાતેમા (અ.) છે તે તમે જાણી લો અને ઓળખી લો.)

**સહી ફાતેમા બોલકે, એસે માયને સુનાએ,**
**સો કીતાબુ માંહાં, હે ખોલને લખાએ.**

('ફાતેમા' શબ્દનો અર્થ શું થાય છે એ સાંભળવા પણ મળ્યું છે અને કિતાબોમાં તેનો અર્થ ખોલીને (સ્પષ્ટ કરીને) બતાવેલ છે.)

**એ આતશ સુ પીછે રખાએ જાનો,**
**એ ફાતેમા કેરે માયને પછાનો.**

('ફાતેમા' શબ્દનો અર્થ એવો થાય છે કે આપ (અ.)ને (જહન્નમની) આગથી દૂર રાખવામાં આવ્યાં છે તે બાબત જાણી લો.)

**સહી બીબી સાહેબકા એ ધરીઆ નામા,**
**ભી ઝેહરા[૧] કહીએ, જનુ નામ ઠામા.**

(હઝરત બીબી ફાતેમા (અ.)નું બીજું એક (ઉપ)નામ 'ઝેહરા' પણ ધરવામાં આવ્યું છે.)

**બીબી ફાતેમા તુઝ ઝેહરા, નામ રે કહીએ,**
**ભી બુતુલ[૨] કા બોલ નામ સાથ રે લહીએ.**

(તેથી જ તો આપને બીબી ફાતેમા તુઝ ઝેહરાના નામથી ઓળખવામાં આવે છે એમના નામની સાથે બીજું એક નામ બુતૂલ પણ જોડાયેલું છે.)

**તો નામ હો કેરી હુઇ એસી રે રીતા,**
**સો સુન યાદ રખના, મન કરને પીતા.**

---

૧ **ઝેહરા**–આ નામ એટલા માટે અર્પણ થયું છે કે આપ જ્યારે ઈબાદત માટે ઊભાં થતાં હતાં ત્યારે આપનું નૂર આકાશને પ્રકાશિત કરતું હતું. ૨ **બુતુલ**–આ નામ એટલા માટે રાખવામાં આવ્યું છે કે સામાન્ય સ્ત્રીઓને જે નાપાકી થાય છે તેનાથી આપ બિલકુલ પવિત્ર હતાં.

(તો આપ (અ.)ના નામની રીત આ મુજબ છે તો તમે આ નામને મોહબ્બત સાથે મનમાં રાખીને યાદ રાખજો.)

**બીબી ફાતેમા તુઝ ઝેહરા બુતુલ રે જાનો,**
**બીબી સાહેબ કેરા એ નામ રે પછાનો.**

(હઝરત બીબી ફાતેમા તુઝ ઝેહરા (અ.)ને બુતૂલના નામથી પણ ઓળખજો. આપ (અ.)ને આ નામથી પણ ઓળખજો.)

**હે બુતુલકે માયને કતહ[1] હો કેરે,**
**સો કેતું સુ જુદાઇ બુઝીઓ સવેરે.**

('બુતૂલ' શબ્દનો અર્થ કતહ એટલે કે જુદા પડવું એવો થાય છે એટલે કે આપ (સ.) બીજી બધી ઓરતોથી જુદાં પડે છે.)

**ઓરતુ સુ જુદાઇ રબ્બે બીબીકી કીતી,**
**એસી ખુબી તો રબ્બને, બીબી સાહેબકુ દીતી.**

(અલ્લાહ તઆલાએ બીબી સાહેબને બીજી બધી ઓરતોથી અલગ જ બનાવ્યાં છે. સામાન્ય ઓરતોને જે નાપાકી થાય છે તેનાથી આપ (અ.) પવિત્ર છે. અલ્લાહે આપ (અ.)ને આવી ખૂબી આપેલી છે.)

**તો બુતુલકા બોલ નામ બીબીકે આયા,**
**બીબી ફાતેમા તુઝ ઝેહરા, બુતુલ નામ રે ધરાયા.**

(તો હઝરત બીબી ફાતેમા ઝેહરા (અ.)ના નામની સાથે બુતૂલ શબ્દ જોડાયેલો છે. આપ (અ.)નું એક નામ બુતૂલ પણ ધરવામાં આવ્યું છે.)

**એ બીબી સાહેબકા, સહી બુઝો રે નામા,**
**અને એક કર રબકુ રાખો દલકે ઠામા.**

(હઝરત બીબી ફાતેમા (અ.)નાં આવાં નામો ધરવામાં આવ્યાં છે તે તમે સાચાં કરીને જાણો અને અલ્લાહને એક સમજીને તે વાત તમારા દિલમાં રાખજો.)

**–: રે તુહી :–**

**બીબી કેરે નામસુ,**
**ખુબી સુન સુન જાન રે, ખુબી સુન સુન જાન;**
**સૈયદ સાચે હે બેહિશ્તમાં,**
**સહી એ સાચા માન રે સહી એ સાચા માન.**

(હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) ફરમાવે છે કે હઝરત બીબી ફાતેમા (અ.)નાં નામોની આવી ખૂબીઓ છે તે સાંભળીને તમે જાણો. સૈયદો સાચે જ બેહિશ્તમાં જવાના છે તે બાબતને તમે સાચી માનજો.)

[1] **કતહ**—જુદું પડવું


**મંજુરઅહેમદ આઈ. ભાગળીયા** (કાકોશીવાળા)
**ફોન : ૦૨૭૬૬ - ૨૨૦૪૨૯**
**મો. : ૯૪૨૯૩ ૮૪૧૨૪**



# ગેલેક્સી ઈન્ફોટેક

- **કોમ્પ્યુટર વેચાણ અને રીપેરીંગ.**
- **લેપટોપ વેચાણ અને રીપેરીંગ.**
- **જુના તથા નવા કોમ્પ્યુટર અને લેપટોપ મળશે.**
- **કોમ્પ્યુટરને લગતી તમામ એસેસરીઝ મળશે.**
- **દરેક કંપનીના કોમ્પ્યુટર એસેમ્બલીંગ અને લેપટોપ મળશે.**
- **Hotels & office & college CCTV Camera installation**

**ડેસ્ટોપ, લેપટોપ, પ્રિન્ટર, સ્કેનર, સોફ્ટવેર એસેસરીઝ**

(અમારા ત્યાં દરેક રીપેરીંગ કામકાજ સંતોષકારક કરી આપવામાં આવશે)

૧૦૬, પહેલો માળ, પાલિકા બજાર, રાજમહેલ રોડ, પાટણ.

# જાફરી પંચાંગ

**ચાંદ દેખાય તે પ્રમાણે અમલ કરવો.**

| અંગ્રેજી તારીખ | ઈસ્લામી તારીખ | વાર | તા.૧૬ માહે જાન્યુઆરી–૨૦૧૩ થી તા. ૧૫, માહે ફેબ્રુઆરી–૨૦૧૩ મુ.તા. ૩, રબી.અવ્વલ–૧૪૩૪ થી મુ.તા. ૪, રબી.આખર–૧૪૩૪ |
|---|---|---|---|
| જાન્યુ. | રબી.અ. | – | |
| 20 | ૭ | રવિ | વિલાદત : પીર સૈયદ એહમદ હાદી (રહે.અ.) |
| 21 | ૮ | સોમ | શહાદત : ઈમામ હસન અસ્કરી (અ.) |
| 22 | ૯ | મંગળ | ઈદે ઝહરા * બારમા ઈમામની ઈમામતનો પ્રથમ દિવસ |
| 23 | ૧૦ | બુધ | હઝરત રસૂલે ખુદા (સ.)ના નિકાહ જનાબે ખદીજતુલ કુબરા સાથે થયા. |
| 25 | ૧૨ | શુક્ર | ઈદે મિલાદ |
| 26 | ૧૩ | શનિ | પ્રજાસત્તાક દિન |
| 27 | ૧૪ | રવિ | વિલાદત : જનાબા સૈયદા ખૈરૂન્નિસા બેગમ સાહેબા |
| 28 | ૧૫ | સોમ | વિલાદત : પીર સૈયદ રહેમતુલ્લાહ (રહે.) |
| 30 | ૧૭ | બુધ | વિલાદત : હઝરત રસૂલે ખુદા (સ.) અને ઈમામ જાફર સાદિક (અ.) * હાજરપીર સૈયદ મો. મુજાહિદહુસૈન બાવા સા. (મદ્દે.)ના જન્મની ઉજવણી |
| 31 | ૧૮ | ગુરૂ | વિલાદત : જનાબે ઉમ્મે કુલસૂમ (અ.) |
| ફેબ્રુ.4 | ૨૨ | સોમ | વિલાદત પીર સૈયદ ઈસ્માઈલ સાની (રહે.) * વિંછુડો બેસે સવારે : ૧૧–૦૮ |
| 5 | ૨૩ | મંગળ | વિંછુડો |
| 6 | ૨૪ | બુધ | વિંછુડો ઉતરે બપોરે : ૧–૪૩ |

## શું તમે આ જાફરી આવાઝ વાંચ્યું ?

## લ્યો ત્યારે, આપો આના જવાબ.

**સંપાદક : મો.અકબરઅલી અબ્બાસભાઈ મસી (ઈલોલ તલાવ)**

(૧) મોમિનનું ઈમાન કઈ બે બાબતો વચ્ચે રહેલું હોય છે ? (૨) મૌલા અલી (અ.) હઝરત રસૂલે ખુદા (સ.)ના હુકમથી એક ખીણમાં કોની સામે જંગ કરવા ગયા હતા ? (૩) 'લુગાત'નો અર્થ શું થાય? (૪) જંગે ઓહદમાં રસૂલે ખુદા (સ.) પહાડી ઉપર જે મુસલમાનોને ચોકી કરવા મૂકયા હતા તે ટુકડીના સરદાર કોણ હતા ? (૫) કોઈ જડેલી રકમ હોય તો તેના માલિકને પહોંચાડવા માટે કેટલા સમય સુધી રાહ જોવાનું રસૂલે ખુદા (સ.) ફરમાવે છે ? (૬) શું ચીનમાં પણ મોહિબ્બાને અહલેબૈત વસે છે ? (૭) અલ્લાહ આપણા ચહેરાઓને અને કાર્યોને નથી જોતો. તો પછી કઈ બાબતોને જુએ છે ? (૮) આપ (સ.)એ ફરમાવ્યું છે કે અય અલી તમારી મોહબ્બત............. છે અને તમારી તરફ નફરત કરવી .............. છે. (૯) સ્ત્રીઓ માટે સૌથી સારી બાબત શું છે ? (૧૦) અઝાન અને ઈકામત વચ્ચે કયો શબ્દ કહેવા જેટલું અંતર રાખવું કાફી છે ?

મૌલા અલી(અ.)ના જીવન પ્રસંગો પર આધારિત કિતાબ

# અલ ઈર્શાદ

:: લેખક ::
શેખ મુફીદ

## જંગે ઓહદ

(ગતાંકનું ચાલુ)

(ઝૈન બિન વહબ જહનીએ એ સનદોથી આ પ્રસંગનું વર્ણન કર્યું છે : અહમદ બિન અમ્મારે અમને બતાવ્યું, હમાનીએ અમને બતાવ્યું, શરીકે ઉસ્માન બિન મુગૈરાના હવાલાથી, તેમણે ઝૈદ બિન વહબના હવાલાથી બતાવ્યું કે તેઓ કહેતા હતા કે ) એક દિવસ અમે અબ્દુલ્લાહ બિન મસઊદને ખુશ જોયા તો અમોએ તેમને પૂછયું કે અમને જંગે ઓહદની વિગતોથી પરિચિત કરો. તેમણે કહ્યું, 'હા' બતાવું છું. તેમણે અહેવાલ બયાન કરવાનું શરૂ કર્યું અને જ્યારે તેઓ જંગના એક ખાસ મકામ પર આવ્યા તો બોલ્યા :)

''તમે બધા અલ્લાહનું નામ લઈને આગળ વધો.''

આ હુકમ મળતાંની સાથે જ અમે લોકો આગળ વધ્યા અને અમે લાંબી લાઈનો ગોઠવી. હુઝૂર (સ.)એ અન્સારના પચાસ તિરંદાઝોને પહાડી ઉપર ગોઠવી દીધા. તેમનાથી એકને સરદારી આપી અને તેમને હુકમ આપ્યો,

"કોઈ પણ હાલતમાં પહાડી ઉપરથી નીચે નહીં ઊતરવું. આપણામાંથી દરેક સિપાહીને કતલ કરી શકાશે જો તમે આ પહાડીને છોડી દેશો તો... અને દુશ્મન તેના ઉપર કબજો જમાવી દેશે.''

અબૂ સુફયાન શકર બિન હરબે ખાલિદ બિન વલીદને પહાડી પર ગોઠવવામાં આવેલ મુસલમાનોની ફોજની ટુકડીનો મુકાબલો કરવા મુકર્રર કર્યો. કુરૈશના લશ્કરી ઝંડો બની અબ્દુદ દારને સોંપવામાં આવ્યા અને બુતપરસ્તોએ પોતાના ઝંડા તલ્હા બિન અબી તલ્હાને આપ્યા કે જે તેની લશ્કરી ટુકડીનો સરદાર હતો. પયગમ્બરે ઈસ્લામ (સ.)એ ઈસ્લામી પરચમ હઝરત અલી ઈબ્ને અબીતાલિબ (અ.)ને આપ્યો. તેઓ પોતાના લશ્કરના માણસોને લઈને આગળ વધ્યા અને અન્સારના સિપાહીઓની નજીક સફમાં ગોઠવાઈ ગયા. ત્યારે અબૂ સુફયાન આગળ વધ્યો અને કુરૈશના પરચમ હેઠળ પહોંચીને બોલ્યો, "પરચમને સાચવનારાઓ ! તમે લોકો એ બાબતથી માહિતગાર થઈ જાઓ કે તમારા મુકાબલામાં જે લોકો છે તે લોકો માત્ર પરચમ પ્રાપ્ત કરવાની લાલચમાં આવ્યા છે. જંગે બદ્રમાં તમે લોકો પરચમ પ્રાપ્ત કરવાની લાલચમાં આવ્યા હતા. આ લાલચના કારણે તમારો પરાજય થયો હતો. અગર તમે તમારી જાતને નિર્બળ માનતા હો અને પોતાના લોકોની હિફાઝત કરી શકતા ન હો તો તે અમને આપી દો અમે તે બધા લોકોની હિફાઝત કરીશું.''

આ તકરીર સાંભળીને તલ્હા બિન અબી તલ્હા ગુસ્સે થઈ ગયો અને બોલ્યો, "તમે અમને

આ વાત કરી રહ્યા છો, ખુદાની કસમ, હું આ જંગમાં તમારા લોકોની સરદારી કરીશ અને તેમને મોતના દરિયામાં ધકેલી દઈશ.'' તલ્હા લશ્કરી સફોનો સરદાર કહેવાતો હતો.

આ સાંભળીને તે આગળ વધ્યો અને તેના મુકાબલા માટે અલી બિન અબીતાલિબ (અ.) આગળ વધ્યા. હઝરત અલી (અ.)એ સવાલ કર્યો, "તમે કોણ છો ?''

"હું તલ્હા બિન અબી તલ્હા છું, હું લશ્કરી ફોજોનો સરદાર છું અને તમે કોણ છો ?'' આપ (અ.)એ જવાબ આપ્યો, "હું અલી બિન અબીતાલિબ બિન અબ્દુલ મુત્તલિબ (અ.) છું.''

તેઓ એકબીજાની નજીક આવતા ગયા. અને ત્યાર પછી બન્નેની વચ્ચે તલવારોના વાર થવા લાગ્યા. હઝરત અલી બિન અબી તાલિબ (અ.)એ એક ઝર્બ તેની પેશાની પર લગાવી જેનાથી તેનું માથું ફાટી ગયું અને તેની આંખોના ખાડામાં ખૂન ભરાઈ ગયું અને ખૂબ જોરથી ચીસ પાડી (એવી ચીસ કે જે કદી સંભળાઈ નહોતી) કાફિરોનો ઝંડો તેના હાથોમાંથી છૂટી ગયો. તેનો ભાઈ કે જેનું નામ મુસઅબ હતું તે આગળ વધ્યો અને તેને (એટલે કે તલ્હાને) પકડી લીધો. એ જ વખતે આસિમ બિન સાબિતે એક તીર માર્યું અને તે (મુસઅબ) હલાક થઈ ગયો. ત્યાર પછી તેના ગુલામ સફવાને પરચમ સંભાળ્યો. તે અત્યંત ખૂંખાર ફાડી ખાનાર જાનવર જેવી સિફતોવાળો માણસ હતો. પરંતુ હઝરત અલી (અ.)એ તેને એક ઝર્બ લગાવી જેનાથી તેનો હાથ કપાઈ ગયો. તેણે પરચમને ડાબા હાથમાં

**કુરઆન શરીફમાં દુઆના સ્વરૂપે આવેલ આયતો**

## કુરઆની દુઆઓ

**૩૪**

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

رَبَّنَا هَبۡ لَنَا مِنۡ اَزۡوَاجِنَا وَ ذُرِّیّٰتِنَا قُرَّةَ اَعۡیُنٍ وَّ اجۡعَلۡنَا لِلۡمُتَّقِیۡنَ اِمَامًا ﴿۷۴﴾

**રબ્બના હબ્લના મિન્અઝવાજેના વ ઝુર્રિય્યાતેના કુર્રત અઅ્યોનીવ વજઅલ્ના લિલ મુત્તકીન ઇમામા.**

(પારો–૧૯, સૂરએ ફુરકાન, આયત–૭૪)

અર્થ : અય અમારા પરવરદિગાર ! અમને અમારી પત્નીઓ તરફથી તથા અમારી ઓલાદો તરફથી આંખોમાં ટાઢક અર્પણ કર, અને અમને પરહેઝગારોના આગેવાન બનાવી દે.)

લઈ લીધો. હઝરત અલી (અ.)એ બીજી ઝર્બ લગાવી અને તેનો ડાબો હાથ પણ કપાઈ ગયો. તેણે કપાયેલા હાથના સહારે પરચમ છાતી સાથે લગાવી દીધો. હઝરત અલી (અ.)એ એક ઝર્બ તેના માથા ઉપર લગાવી અને તે જમીન પર પડી ગયો.

મુશરિકોએ ત્યાંથી નાસી જવાનો રસ્તો અપનાવ્યો અને મુસલમાનો માલે ગનીમત પર ટૂટી પડયા. જ્યારે પહાડી પર તૈનાત કરેલા મુસલમાન સિપાહીઓએ માલે ગનીમતની લૂંટફાટ જોઈ તો અંદરો અંદર કહેવા લાગ્યા, "આ લોકો બધો માલે ગનીમત લૂંટી લેશે અને આપણે ખાલી હાથે પાછા જઈશું.'' તે લોકોએ પોતાના સરદાર અબ્દુલ્લાહ બિન ઉમૈર બિન હઝમને કહ્યું, "અમે પણ માલે ગનીમત લૂંટવા માગીએ છીએ કે જેવી રીતે આ લોકો લૂંટી

રહ્યા છે."

તેણે જવાબ આપ્યો, "પયગમ્બરે ખુદા (સ.)એ એવો હુકમ આપ્યો છે કે આ જગ્યાને છોડવામાં ન આવે."

તેમણે કહ્યું, "તમને આ હુકમ આપવામાં આવ્યો છે તેને તમે પૂરો કરો."

એટલું કહીને બધા લોકો પહાડી ઉપરથી નીચે આવી ગયા અને લૂંટમાર કરવા લાગ્યા. પરંતુ અબ્દુલ્લાહ બિન ઉમૈર પોતાની જગ્યાએથી ન ખસ્યા. ખાલિદ બિન વાલિદ ત્યાં આવી ગયો અને તેણે અબ્દુલ્લાહ બિન ઉમૈરને હલાક કરી દીધા. તેમને હલાક કર્યા પછી ખાલિદ બિન વલીદ તે જગ્યાએ આવ્યો કે જ્યાં પયગમ્બરે ઈસ્લામ (સ.) હતા. કેટલાક અસ્હાબોએ પયગમ્બરે ઈસ્લામ (સ.)ની તરફ ઈશારો કરતાં કહ્યું, "આ એ જ આદમી છે કે જેની તમે લોકો ઈચ્છા કરો છો. તમારું નિશાન આ છે."

બધાએ ભેગા મળીને હુઝૂર (સ.) ઉપર હુમલો કરી દીધો. કોઈ તલવાર મારી રહ્યો હતો, કોઈ નેઝો મારી રહ્યો હતો, કોઈ તીર મારી રહ્યો હતો અને બાકીના લોકો પથ્થર મારી રહ્યા હતા. પયગમ્બર (સ.)ના સિત્તેર અસ્હાબો શહીદ થઈ ગયા. એ વખતે ત્યાં અમીરુલ મોમિનીન (અ.), અબૂ દજાના અને સુહૈલ બિન હનીફ આવી ગયા અને પયગમ્બર (સ.)નું રક્ષણ કરવા લાગ્યા. કાફિરોએ બીજી વખત ફરીથી હુમલો કર્યો. પયગમ્બરે ઈસ્લામ ઉપર એક એવો પ્રહાર થયો કે આપ તે જખમને સહન કરી ન શકવાથી બેભાન થઈ ગયા. જ્યારે આપને હોશ આવ્યો તો આપે આંખો ખોલીને અમીરુલ મોમિનીન (અ.)ને જોયા. હુઝૂર (સ.)એ પૂછયું, "અલી ! લોકોએ શું કર્યું છે ?"

આપ (અ.)એ જવાબ આપ્યો, "તે લોકોએ બયઅત તોડી નાખી છે અને નાસી જવાનો રસ્તો અપનાવી લીધો છે. પરંતુ જે લોકો મકસદ ઉપર કાયમ છે તેઓ આપણા મકસદને પૂરો કરવા માટે કાફી છે."

ત્યાર બાદ અમીરુલ મોમિનીન (અ.)એ કુફ્ફાર ઉપર હુમલો કર્યો અને દુશ્મનોને પીછેહઠ કરાવી દીધી. આપ (અ.) ફરીથી પયગમ્બર (સ.) ની પાસે આવ્યા કે જેમના ઉપર બીજી તરફથી કુફ્ફારે કુરૈશે હુમલો કરી દીધો હતો. આપ (અ.) એ તેમના ઉપર હુમલો કરીને તેમને નાસી જવા માટે મજબૂર કરી દીધા. અબૂ દુજાના અને સુહૈલ બિન હનીફ આપની સાથે હતા. તે લોકોના હાથોમાં પણ તલવારો હતી. જે ચૌદ અસ્હાબે રસૂલ (સ.) જાન બચાવીને ભાગી ગયા હતા તેઓ પાછા આવી ગયા. તે લોકોમાં તલ્હા બિન અબ્દુલ્લાહ અને આસિમ બિન સાબિત હતા. બાકીના નાસી ગયેલા અસ્હાબો પહાડી પર ચઢી ગયા અને બીમો પાડી પાડીને કહેવા લાગ્યા,

"પયગમ્બર (સ.)ને કતલ કરી દેવામાં આવ્યા."

આ સાંભળીને મુસલમાનોમાં અફરાતફરી થઈ ગઈ અને તેઓ ભાગવા લાગ્યા. કોઈ પશ્ચિમ તરફ નાસી ગયો તો કોઈ પૂર્વ તરફ." (ક્રમશ:)



# હિજાબ

:::: લેખક ::::
સૈયદ મોહંમદ રિઝવી
:::: પ્રકાશક ::::
જાફરી ઈસ્લામિક સેન્ટર, કેનેડા

## પરિશિષ્ટ-બી

### હિજાબ અંગેના જોક્સ

By ayesha Broadcasted on BIC news 20, nov 1997

જોકે તમને કદાચ હસવું આવશે પરંતુ આ ભાઈઓ અને બહેનો માટેની રચનાત્મક ટીકા ટિપ્પણી છે. આના ઉપરથી આપણને એ શીખવા મળે છે કે ઈસ્લામ ધર્મમાં જે જાહેરી ક્રિયાઓ કરવાની જરૂર છે તે સાચી રીતે કરવી જોઈએ એટલે કે ફેશન ખાતર નહીં, અથવા તો કોઈ ટોળામાં બંધબેસતા થઈ જઈએ એટલા માટે નહીં. એટલે કે એ બધું માત્ર અલ્લાહ (સુ.વ.ત.) ખાતર જ થવું જોઈએ આ લેખનો હેતુ કોઈની લાગણી દુભવવાનો નથી પરંતુ એક મુદ્દો રજૂ કરવા માટે લખાયો છે. તેનો આનંદ માણો.

મેં એવું જોયું છે કે કેટલીક મુસ્લિમ છોકરીઓ અને સ્ત્રીઓ હિજાબ પહેરવા પાછળનો જે આશય છે તે સમજતી નથી. હિજાબ શબ્દ અરબી છે અને તે રક્ષણના અને ઢાંકવાના અર્થમાં છે. કેટલીક સ્ત્રીઓ પોતાના હિજાબ માટે પુષ્કળ પ્રયત્નો કરે છે પરંતુ તેનાથી હેતુ સરતો નથી હું એક મકસદ વગરના હિજાબનો સંદર્ભ આપી રહી છું કે જેવો હિજાબ અમુક છોકરીઓ પહેરતી હોય છે.

પ્રથમ મકસદ વગરના હિજાબમાં headband hijab તરીકેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આવો હિજાબ છે આશરે ચારેક ઈંચ પહોળી કાપડની પટ્ટી. આ પટ્ટી માથાના પાછળના ભાગને ઢાંકે છે અને બધા વાળને ખુલ્લા રહેવા દે છે. અદબની બાબતમાં આનાથી કંઈ વધારે હેતુ સરતો નથી. પરંતુ ટૅનિસની રમતમાં મહિલા ખેલાડીઓ પહેરે છે તેવું કંઈક લાગે છે.

બીજો મકસદ વગરનો હિજાબ છે દુપટ્ટાનો કે જે saran wrap hijab તરીકે જાણીતો છે. તે બધા વાળને ઢાંકે છે ખરો પરંતુ તે હિજાબ બિલકુલ આરપાર જોઈ શકાય તેવો હોય છે. વળી આ પણ અદબની દ્દષ્ટિએ હેતુ વગરનો છે પરંતુ એનાથી વાળ સુંદર અને તાજા રહે છે ખરા.

ત્રીજા પ્રકારનો હિજાબ મિકી માઉસ હિજાબ તરીકે જાણીતો છે. આ હિજાબ એવો હોય છે કે જ્યારે કોઈ છોકરી કાળા રંગનો સ્કાર્ફ પહેરે છે અને તેના કાનની પાછળની બાજુએ તેને ખોસી દે છે કે જેથી કાન બહાર નીકળેલા દેખાય છે. (માઉસની માફક)

હવે આપણે મારા મનપસંદ હિજાબોની વાત કરીએ અને તે છે yo-yo hijab. પ્રથમ પ્રકારનો યો-યો હિજાબ 'બેનઝીર ભુટ્ટો હિજાબ' તરીકે પણ ઓળખાય છે કે જેમાં એવો સ્કાર્ફ હોય છે કે જે વારંવાર માથા પરથી સરકી જાય છે જેને વારંવાર ઉપર ચઢાવવો પડે છે, પડી જાય છે, ચઢાવવો પડે છે, પડી જાય છે, ચઢાવવો પડે છે જેવી રીતે પેલો યો-યો ઉપર નીચે થતો રહે છે તેમ. બીજો યો-યો હિજાબ convertible hijabનો સંદર્ભ આપે છે. આ પ્રકારનો હિજાબ કોઈ પણ સામાજિક પ્રસંગે પ્રચલિત હોય છે, એટલે કે અકીકા વખતે, બિસ્મિલ્લાહની પાર્ટી, આમીન પાર્ટી, લગ્ન, વગેરે પ્રસંગે,

જ્યારે કે ઈમામ અથવા કારી માઈક્રોફોન પર આવે છે અને કુરાનની તિલાવત શરૂ કરે છે. આ તબક્કે બધા જ કન્વર્ટિબલ હિજાબ કામમાં આવી જાય છે, એટલે સુધી કે જ્યારે 'સદકલ્લાહુલ અઝીમ' કહેવામાં આવે. મને ચોક્કસ ખાત્રી નથી પરંતુ દેખીતી રીતે અમુક સમાજોમાં તેનું ભાષાંતર આવું થાય : 'ચાલો બહેનો ! હવે તમે તમારા સ્કાર્ફ કાઢી નાખો.'

મને ચોક્કસ ખાત્રી છે કે આ બધું કદાચ વિચિત્ર લાગશે પરંતુ તેના કરતાંય વધારે હસ્-ાવા જેવી બાબત તો એ છે કે જ્યારે બહેનો આવા સામાજિક પ્રસંગે તિલાવત તરફ ધ્યાન જ આપતી નથી તેમને સર્જનાત્મક બનાવવાનુ દબાણ કરવામાં આવે છે અને તેઓ હિજાબ તરીકે પોતાની પાસેની મદદગાર વસ્તુઓનો ઉપયોગ કરે છે જેવી કે માથું ઢાંકવા માટે પર્સ માથા પર મૂકી દે છે. મને એ જોઈને આશ્ચર્ય થયું કે એક બહેને તો હિજાબ તરીકે પોતાના માથા ઉપર પર્સ ધરી રાખ્યું હતું... જાણે કે તેણીની આજુબાજુમાં રહેલા પુરૂષો એટલા બધા સારા હતા કે તેમના માટે હિજાબ પહેરવાની જરૂર જ ન પડે. પરંતુ કેટલાક લોકો દુઆ પઢી રહ્યા હોય છે ત્યારે તેઓ પેલી બહેનને પોતાના માથા ઉપર પર્સ પકડી રાખવાની ફરજ પાડે છે. વળી તેની બહેનપણીઓ તો વધારે સર્જનાત્મક હતી. તેની એક બહેનપણીએ તો (હિજાબ તરીકે) ડિનર નેપકીન (જમતી વખતે વપરાતો કાગળનો રૂમાલ) વાપર્યો હતો.

મને હસવું તો ત્યારે આવ્યું કે જ્યારે મેં એક 'સહિયારો હિજાબ' જોયો. બે અથવા તેનાથી વધારે છોકરીઓએ કુરાનની તિલાવત વખતે એક ડિનર નેપકીન પોતાના માથાઓ ઉપર લટકાવી રાખ્યો હતો. તેમની બીજી બહેનપણી તો તેમના

## સ્ત્રી માટે સૌથી સારી બાબત કઇ?

હઝરત અલી (અ.)થી રિવાયત છે :

'એક દિવસ હું રસૂલે અકરમ (સ.)ની મજલિસમાં મૌજૂદ હતો એવામાં વાતવાતમાં આપ (સ.)એ અમને પૂછયું,

"એ બતાવો કે સ્ત્રીઓ માટે સૌથી સારી બાબત કઈ છે ?"

અમે આ સવાલનો જવાબ આપવા માટે અસમર્થ હતા. પરંતુ જ્યારે હું મારા ઘેર ફાતેમા (સ.અ.)ની પાસે આવ્યો તો મેં આ જ સવાલ તેમને પૂછયો.

ફાતેમા ઝહરા (સ.અ.)એ કહ્યું,

'અય અબુલ હસન ! આનો જવાબ એ કે સ્ત્રી માટે એના કરતાં વધારે સારી કોઇ બાબત નથી કે ન તો તે કોઇ પરાયા પુરૂષને જુએ અને ન કોઇ પરાયો પુરૂષ તેને જુએ.'

હઝરત અલી (અ.) ફરમાવે છે,

"જ્યારે હું ફરીથી બીજી વાર રસૂલલ્લાહ (સ.)ની ખિદમતમાં પહોંચ્યો તો અરજ કરી,

યા રસૂલલ્લાહ ! સ્ત્રી માટે સૌથી સારી બાબત તો એ છે કે કોઇ પરાયો પુરૂષ તેને ન જુએ અને ન તે કોઇ પરાયા પુરૂષને જુએ."

આં હઝરત (સ.)એ ફરમાવ્યું,

"આ જવાબ તમને કોણે આપ્યો ?"

મેં અરજ કરી,

"ફાતેમા ઝહરા (સ.)એ આપ્યો."

આં હઝરત (સ.)એ આ જવાબ ખૂબ પસંદ ફરમાવ્યો અને ત્યાર પછી ઈરશાદ ફરમાવ્યો,

'ફાતેમા બિઝઅતુ મિન્ની' – કેમ નહીં, ફાતેમા (સ.) પણ મારો જ એક અંશ છે ને ?'

(સંદર્ભ : કશફુલ ગુમ્મા, જિલ્દ–૨, સફા–૬૬ થી ૬૯

કરતાંય વધારે સર્જનાત્મક હતી. તેણે તો પોતાના માથાના પાછલા ભાગ ઉપર ચા-કૉફી પીવા માટેની રકાબી ધરી રાખી હતી. મને ચોક્કસ ખાત્રી ન હતી કે તે હિજાબ હતો કે પછી 'યામાકા'. મને ખબર નહોતી કે તેણી મુસલમાન હતી કે પછી યહૂદી હતી. મને તો એવું મન થઈ ગયું કે હું તેણીની પાસે જાઉં અને કહું: 'શલોમ અલૈકુમ બહેન !'

વળી લોકોએ એ પણ યાદ રાખવું જોઈએ કે હિજાબ માત્ર પુરૂષોથી રક્ષણ મેળવવા માટે જ નથી હોતો પરંતુ કોઈ છોકરીનો અહમ્ સંતોષવા માટે પણ હોય છે. હિજાબે છોકરીઓને પોતાના વાળની ગોઠવણી કરવા માટે કલાકો સુધી દર્પણની સામે ઊભા રહેવાથી પણ રોકવી જોઈએ. પરંતુ બદનસીબે તમે જુઓ છો કે છોકરીઓ દર્પણની સામે તો કલાકો સુધી પોતાના હિજાબની ગોઠવણી કરે છે અને વાળની લટો વગેરે મહેનતપૂર્વક ગોઠવે છે. મને તો એ બહેનની પાસે જવાની અને કહેવાની ઈચ્છા ય થઈ ગઈ કે શું તમારો હિજાબ કુદરતી રીતે જ વાંકળિયાળો છે? આવી બીજી એક છોકરીની પાસે જઈને કહેવાનું મન થયું, 'મને માફ કરજો, તમારો હિજાબ કુદરતી રીતે જ રંગીન છે કે પછી તમે તેને ડાઈ કરી છે?'

અચ્છા, તો યાદ રાખવા જેવો મુદ્દો એ છે કે કેટલાક લોકો હિજાબ પહેરવા માટે પ્રયત્નો કરે છે પરંતુ તે બાબતમાં નિષ્ફળ જાય છે કારણ કે તે હિજાબના હેતુને પૂરો કરતા નથી. આ તો જાણે એવું થયું કે કાણાવાળી છત્રી ઓઢવી. હિજાબ પુરૂષોથી અને સાથે સાથે છોકરીઓથી પણ રક્ષણ મેળવવામાટે વપરાય છે અને તેનો ઉપયોગ મદદગાર વસ્તુ તરીકે ન થવો જોઈએ અથવા તો પોતાની જાતને સુંદર બનાવવા ન થવો જોઈએ. ગમે તેમ હોય પણ આવું બધું થાય છે ખરું. *


પ્રો. જી. કે. સુણસરા
(સેવાણીવાળા)

બેસ્ટ રેડીમેડ
ક્લોથ એન્ડ ટેલર્સ

● રેડીમેડ ●
* જીન્સ * ટી.શર્ટ * શોર્ટ શર્ટ * સ્લીમ શર્ટ
* કારગો * ઝભ્ભા-લેંઘા * ટ્રાઉઝર્સ
* નાઈટ ડ્રેસ વિગેરે.

● કલોથ ●
શુટીંગ તથા શર્ટીંગ

● ટેલર્સ ●
પેન્ટ, શર્ટ, શુટ, સફારી ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે.

૧૨, આશિષ શોપીંગ સેન્ટર, જાફરીબાગ, સિધ્ધપુર.
ફોન : (૦૨૭૬૭) (દુ.) ૨૨૨૪૪૦ (ઘર) ૨૮૪૪૪૦

ભોરણીયા સાદિકઅલી આર.
મો.૯૯૨૪૪૧૮૨૪૩
બાલીસણા ઝાકિરહુસૈન જી.
મો.૯૪૨૯૫૨૯૪૧૦
૯૪૨૮૮૪૯૪૭૭
(રસુલપુર-ખેરાલુવાળા)

ન્યુ ચિરાગ ઈલેકટ્રીક
(સેલ્સ & સર્વિસ)

અમારે ત્યાં LED મુવીંગ ડીસપ્લે, LED ક્લોક, હોટલ-દુકાનને લગતાં એક્રેલીક & LED બોર્ડ તેમજ હોટલ, ઈમામવાડા, ઝરીહ મુબારક કે દરગાહના માપ પ્રમાણે LED સીરીઝ, LED પટ્ટા, LED બોર્ડ તેમજ LEDને લગતું દરેક પ્રકારનું કામ હોલસેલ તેમજ રીટેઈલ ભાવે કરી આપવામાં આવશે.

LED સ્પેશ્યાલિસ્ટ

બસ સ્ટેન્ડની બાજુમાં, રીગલ શોપીંગ સેન્ટર, વડનગર.

## કુરઆને મજીદના સૂરાઓનો પરિચય

સૂરા નં.૭૬ સૂરએ દહર

(ગતાંકનું ચાલું)

ત્યાર પછીની આયતોનો અનુવાદ : (અને તેમને કહેવામાં આવશે કે) બેશક આ તમારો બદલો છે. અને તમારા પ્રયત્નોની કદર કરવામાં આવી છે. (૨૨)

(હે રસૂલ !) નિ:સંશય અમોએ તારા ઉપર આ કુરઆન કટકે કટકે ઊતાર્યું છે. (૨૩)

માટે તું તારા પરવરદિગારના હુકમથી ધીરજથી રાહ જો, અને તેઓમાંથી કોઇ ગુનેહગાર અથવા અનુપકારીનું કહેવું ન માન. (૨૪)

અને તું સવાર સાંજ તારા પરવરદિગારનું નામ લેતો રહે. (૨૫)

અને રાત્રિના કોઇ ભાગમાં તેને સિજદો કર, તથા રાત્રિમાં લાંબો વખત તેની તસ્બીહ પઢ્યા કર. (૨૬)

જ્યારે નેક લોકોને આ નેઅમત આપવામાં આવશે તો કહેવામાં આવશે કે આ તમારો બદલો છે અને તમારા પ્રયત્નોની કદર કરવામાં આવી છે. અય મોહંમદ (સ.) અમોએ તારા ઉપર કુરઆન થોડું થોડું કરીને ઊતાર્યું છે.

જો કાફરો તારી સહાય ન કરે અથવા વિલંબ કરે તો તું પરવરદિગારના હુકમ પર સબ્ર કર, જેમકે અકબા અને વલીદ હઝરત (સ.)ને કહેતા હતા કે તું અમારી વાત માન તો અમો તને અમારો માલ અને પુત્રી આપીએ. કુદરત તેનો ઉપર મુજબ જવાબ આપે છે.

તું સવાર–સાંજ તારા પરવરદિગારનું નામ લેતો રહે અને રાતના કેટલાક ભાગમાં ખુદાને સજદો કર અને લાંબી રાત સુધી તેની તસ્બીહ કર. હઝરત ઈમામ રિઝા (અ.)ને અહમદ બિન મોહંમદે પૂછયું કે આ તસ્બીહ કરવાનો હુકમ આવ્યો છે તો તેનો અર્થ શું છે? આપે ફરમાવ્યું કે તેથી મુરાદ નમાઝે શબ છે. ઘણા તફસીર કરનારા કહે છે કે આ આયતમાં સવારમાં ખુદાને યાદ કરવાનું કહેવામાં આવ્યું છે. રાતના ભાગમાં સજદો કરવાથી મુરાદ મગરીબ–ઈશાની નમાઝ છે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : નિ:સંશય આ લોકો આ ક્ષણભંગુર (દુનિયા)ને દોસ્ત રાખે છે, અને ભારે દિવસને પોતાની પાછળ મૂકી દે છે. (૨૭)

અમોએ તેમને પેદા કર્યા અને અમોએ જ તેમના બાંધા મજબૂત કરી દીધા, અને જ્યારે અમે ચાહીએ ત્યારે તેમની જગ્યાએ (તેમને બદલીને) તેમના જેવા બીજા લઇ આવીએ. (૨૮)

નિ:સંદેહ આ (કુરઆન) એક નસીહત છે, માટે જે ચાહે તે પોતાના પરવરદિગાર તરફનો પહોંચવાનો માર્ગ ગ્રહણ કરી લે. (૨૯)

અને જ્યાં સુધી અલ્લાહની મરજી નહીં હોય તમે (એવું) ચાહશો જ નહીં, નિ:સંશય અલ્લાહ મહાજ્ઞાની (અને) હિકમતવાળો છે : (૩૦)

જેને ચાહે છે પોતાની રહમત (કૃપા)માં દાખલ કરી લે છે; અને જુલમગારો માટે તેણે દુ:ખદાયક શિક્ષા તૈયાર કરી રાખી છે. (૩૧)

કાફરોની કોમ જલ્દી ફના થનાર દુનિયાને દોસ્ત રાખે છે અને ભારે દિવસ એટલે કયામતને પાછળ મૂકી આપે છે.

અમોએ તેમનું સર્જન કર્યું અને અમોએ જ તેમના બાંધા મજબૂત કરી દીધા અને જ્યારે ચાહીએ ત્યારે તેમની જગ્યાએ બીજાને લઈ આવીએ.

આ સૂરામાં નસીહત અને હિકમત છે, તે સમજે અને આખેરતને યાદ કરે અને જે ચાહે તે પોતાના પરવરદિગારની પાસે પહોંચવાનો માર્ગ ગ્રહણ કરી લે.

જ્યાં સુધી અલ્લાહની મરજી નહીં હોય તમો એવું ચાહશો નહીં. ખરેખર અલ્લાહ જાણનારો અને હિકમતવાળો છે.

જેને ચાહે તેને પોતાની રહમત અને બક્ષિસમાં દાખલ કરે છે અને તે હિદાયત અને તોફીકથી પ્રાપ્ત થાય છે અને જાલિમો માટે તેણે દુ:ખદાયક શિક્ષા તૈયાર કરી રાખી છે. ✻


SUPER WIRE PRODUCT



**સુપર વાયર પ્રોડક્ટ**

અમારે ત્યાં હોટલ/રેસ્ટોરન્ટના કંપાઉન્ડ, પાર્ટી પ્લોટ અને ખેતરની ફરતે તારની વાડ (જાળી)નું ફેન્સીંગ વ્યાજબી ભાવે સંતોષકારક કરી આપવામાં આવશે.

કાંટા તારનું જાતે પ્રોડક્શન કરીને હોલસેલના ભાવે જાળીનું ફેન્સીંગ કરી આપીશું.

**સુલતાનઅલી ડી. પલસાણીયા**
**મો. ૯૮૭૯૩૩૮૫૭૮, ૮૪૮૫૯૩૩૮૨૨**
**મોહસિનઅલી જી. પલસાણીયા**
**મો. ૯૪૨૮૬૦૯૪૩૦**
**(વાઘરોલવાળા)**

૧૧, જલારામ એસ્ટેટ, રેલ્વે ક્રોસીંગની બાજુમાં, સરખેજ–સાણંદ રોડ, અમદાવાદ – ૩૮૨ ૨૧૦



અસ્સલામો અલયકુમ

આથી હોટલ અને રેસ્ટોરન્ટના પાન પાર્લર ચલાવતા તમામ ભાઈઓને જણાવતાં આનંદ અનુભવીએ છીએ કે સતત બે વર્ષથી આપ સૌનો સાથ સહકાર અમોને મળી રહ્યો છે તે બદલ આપ સૌનો દિલોજાનથી ખૂબ ખૂબ આભાર. આવનાર વર્ષોમાં પણ આપનો સહકાર મળતો રહેશે એવી અપેક્ષા રાખીએ છીએ.

ભાવ બાબતે અમારી સાથે મુક્તપણે ચર્ચા કરી શકો છો.

અમારો હેતુ સમાજના હિતમાં રહ્યો છે અને રહેશે.

**યાદગાર હોજીયરી** — **મો.૯૦૩૩૧૨૭૪૪૦**

**સહયોગ ફૂટવેર** — **મો.૭૮૭૪૮૮૪૬૫૭**

**વાઘરોલવાળા**

**જુમ્આ મસ્જિદની સામે, બગડીયા માર્કેટ, પહેલા માળે,**
**સન્માન રેસ્ટોરન્ટની બાજુમાં, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧**

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

મૌલાના ઓબયદુલ્લાહ અમૃતસરી
દ્વારા સંપાદિત
'અર્જહુલ મતાલિબ'નો અનુવાદ

## જનાબે અમીર(અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### ઔલાદે સાલેહ

(ગતાંકનું ચાલુ)

**આં હઝરત(સ.)એ જનાબે ઇમામ હુસૈન(અ.)ની શહાદતની ખબર આપવી. :**

(૭) જનાબે ઉમ્મે સલમા (રઝી.અ.)થી રિવાયત છે કે એક દિવસ પયગમ્બરે ખુદા (સ.) આરામની ઊંઘ લઈને ઉઠયા. એમના મુબારક હાથમાં માટી હતી કે જેને મસળી રહ્યા હતા. મેં અરજ કરી, યા રસૂલિલ્લાહ ! આ માટી શાની છે ? આપ (સ.)એ ઈરશાદ કર્યો કે જિબ્રઈલ (અ.)એ મને ખબર આપી છે કે હુસૈન ઈરાકની જમીનમાં શહીદ થશે અને આ ત્યાંની માટી છે.

(૮) જનાબે ઉમ્મુલ મોમિનીન ઉમ્મે સલમા (રઝી.અ.)થી રિવાયત છે કે જનાબે હુસૈન (અ.) મારા ઘરમાં રમી રહ્યા હતા એટલામાં જિબ્રઈલ (અ.) નાઝિલ થયા અને કહેવા લાગ્યા, યા મોહંમદ (સ.) ! યકીનપૂર્વક આપની ઉમ્મત આપના આ ફરઝંદને આપના પછી કતલ કરશે અને આં હઝરત (સ.)ને ત્યાંની માટી લાવીને બતાવી. આપ (સ.)એ તેને સૂંઘીને ફરમાવ્યું, આમાંથી તકલીફ અને રંજની બૂ આવે છે અને આં હઝરત (સ.)એ મને ફરમાવ્યું, અય ઉમ્મે સલમા ! જ્યારે તમે આ માટીને જુઓ અને ખૂનમાં બદલાઈ ગયેલી જુઓ ત્યારે સમજી લેજો કે મારો આ ફરઝંદ શહીદ થઈ ગયો છે. મેં એ માટીને એક શીશીમાં ભરી લીધી.

(૯) મઆઝ બિન જબલ કહે છે કે જનાબે પયગમ્બરે ખુદા (સ.)એ ફરમાવ્યું છે કે મને હુસૈન (અ.)ની શહાદતથી માહિતગાર કરી દેવામાં આવ્યો છે અને મને તેની માટી બતાવવામાં આવી છે અને તેના કાતિલની ખબર આપવામાં આવી છે.

(૧૦) ઈબ્ને અબ્બાસ (રઝી.અ.) કહે છે કે અમે અને અહલેબૈતમાંથી ઘણા કદી પણ એ બાબતમાં શંકા કરતા ન હતા કે હુસૈન (અ.)ને તફની જમીનમાં શહીદ કરવામાં આવશે.

(૧૧) ઈબ્ને અબ્બાસ (રઝી.અ.) કહે છે કે એક દિવસ જનાબે રસૂલલ્લાહ (સ.) ઘરમાંથી બહાર તશરીફ લાવ્યા. વિખરાયેલા બાલ ધૂળવાળા, હાથમાં એક શીશી હતી. એમાં માટીમાં ભળેલું ખૂન હતું. હુઝૂર (સ.)ને પૂછવામાં આવ્યું તો આપ (સ.)એ ફરમાવ્યું, હુસૈન અને તેના દોસ્તોનું ખૂન છે. ઈબ્ને અબ્બાસ કહે છે કે હું હંમેશાં તેને જોયા કરતો હતો. એક દિવસે તેને જોયું તો બિલકુલ ખૂન

થઇ ગયું છે. ત્યાર પછી ખબર પડી કે જનાબે ઈમામ હુસૈન (અ.) શહીદ થઇ ગયા છે.

(૧૨) અનસ (રઝી.અ.) કહે છે કે મૈનાન ફરિશ્તાએ પરવરદિગારે આલમ પાસે નબી (સ.)ની ઝિયારત કરવા માટે પરવાનગી માગી. ખુદાવંદે આલમે તેને પરવાનગી આપી. એ દિવસે જનાબે રસૂલલ્લાહ (સ.) ઉમ્મુલ મોમિનીન ઉમ્મે સલમા (રઝી.અ.)ના ઘેર તશરીફ ફરમાવી રહ્યા હતા. આં હઝરત (સ.)એ ફરમાવ્યું, અય ઉમ્મે સલમા ! દરવાજો બંધ કરી દે જેથી કોઇ આપણી પાસે ન આવે. એટલામાં જનાબે હુસૈન (અ.) તશરીફ લાવ્યા અને દરવાજાને ધકેલીને આં હઝરત (સ.) ઉપર કૂદી પડયા. હુઝૂર (સ.) તેમને ચૂમવા લાગ્યા. ફરિશ્તાએ અરજ કરી, યા રસૂલલ્લાહ ! શું આપ તેમની સાથે મોહબ્બત ધરાવો છો ? આપ (સ.)એ ફરમાવ્યું, હા. તેણે અરજ કરી, આપની ઉમ્મત તેને કતલ કરશે. જો આપ ચાહતા હો તો હું આપને તે સ્થળ બતાવું કે જ્યાં તેઓ શહીદ થશે. ત્યાર પછી આં હઝરત (સ.)ને તે જમીન બતાવી અને હુઝૂર (સ.)ને નરમ માટી અથવા ખાક ત્યાંથી લાવીને આપી. ત્યાર પછી એ માટીને જનાબે ઉમ્મે સલમાએ પોતાના કપડાંમાં મૂકી દીધી. બગવીએ મોઅજ્જિમમાં અને અબૂ હાતિમે પોતાની જામેઅ સહીહ (નામની કિતાબ)માં અને અબૂ નઈમે હુલ્યા અલ અવસિયામાં આ હદીસની રિવાયત કરી છે અને ઈમામ એહમદે પણ આવી રીત રિવાયત કરી છે અને મુલ્લાએ પોતાની સીરતમાં આ હદીસને એટલી વધારીને કરી છે કે જનાબે ઉમ્મે સલમા રિવાયત કરે છે કે પછી આં હઝરત (સ.)એ એક મુઠ્ઠી ભરેલી લાલ માટી મને આપી અને કહ્યું કે આ માટી એ જમીનની છે કે જ્યાં તેઓ શહીદ થશે. ત્યાર પછી જ્યારે તે ખૂન બની જાય તો તમે જાણી લેજો કે તેઓ કતલ થઇ ગયેલ છે. જનાબે ઉમ્મે સલમા કહે છે કે મેં તેને એક શીશીમાં મૂકી દીધી અને હું તેને ઉપર નીચે કરતી રહી. એક દિવસે જ્યારે મેં તેને પલ્ટાવી તો તે ખૂન બની ગઇ હતી.

(૧૩) શઅબી (અ.ર.) ફરમાવે છે કે સિફ્ફીન તરફ જતી વખતે જનાબે અમીર (અ.) કુર્યા નયનવાની સામે ફુરાતના કિનારા ઉપર થઇને પસાર થયા અને સીધા ઊભા રહીને પૂછયું કે આ જમીનનું શું નામ છે ? લોકોએ કહ્યું, કરબલા. આપ રોવા લાગ્યા એટલે સુધી કે આપનાં આંસુથી જમીન ભીની થઇ ગઇ. ત્યાર પછી ફરમાવ્યું કે હું એક દિવસ જનાબે રસૂલલ્લાહ (સ.)ની ખિદમતમાં ગયો. હુઝૂર (સ.) રડી રહ્યા હતા. મેં અરજ કરી, અય જનાબ! શા માટે રડી રહ્યા છો ? હઝરત (સ.) એ ફરમાવ્યું, અત્યારે હાલ જિબ્રઈલ (અ.) મારી પાસે આવ્યા હતા. મને કહેવા લાગ્યા કે મારા ફરઝંદ હુસૈનને ફુરાતના કિનારા પર શહીદ કરી દેવામાં આવશે કે જે સ્થળનું નામ કરબલા છે. ત્યાર પછી જિબ્રઈલ (અ.)એ ત્યાંની માટી મુઠ્ઠી ભરીને મને સૂંઘાડી. (ક્રમશ:)

| Blog બ્લૉગ | : લેખન : |
| --- | --- |
| Ref : Wayfaring (My search for Truth) | હાજર પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) |

- **Give and Take**

  Do you want the society to treat you fairly? Make sure you treat the society fairly.

  (આપો અને લો)

  શું તમે એવું ઈચ્છો છો કે કોમ તમારી સાથે સારો વ્યવહાર કરે ? તો ચોક્કસપણે તમે પણ કોમ સાથે સારો વ્યવહાર રાખો.

- **Roll Model**

  If someone's your role model, try seeing the reality that he is seeing. Never try to copy his style or else you will end up being not more than a mimicry artist.

  (આદર્શ નમૂનો)

  જો કોઈ માણસ તમારો આદર્શ નમૂનો હોય તો એવી વાસ્તવિકતાને જોવાનો પ્રયત્ન કરો કે જે તે જોઇ રહ્યો હોય. તેની રીતભાતની નકલ કરવાનો કદીય પ્રયત્ન ન કરતા નહિતર તમારો અંત મિમિક્રીના આર્ટિસ્ટથી વિશેષ કંઇ નહીં હોય.

- **Truth**

  Is there no such thing as the Ultimate Truth? Well, I am a believer in it. If you're not a believer, at least believe in the highest degree of whatever Truth you can perceive. Else, be ready to fail in whatever work that you undertake.

  (સચ્ચાઇ)

  શું પરમ સત્ય જેવી કોઈ વસ્તુ જ નથી ? સારૂં, હું તો એમાં માનું છું. જો તમે એમાં ન માનતા હો તો ઓછામાં ઓછું તમે જે કાંઇ સત્યનો અનુભવ કરો તેની ઊંચામાં ઊંચી માત્રામાં ઈમાન રાખજો નહિતર તમે જે કાર્ય હાથમાં લીધું હોય તેમાં નિષ્ફળ જવાની તૈયારી રાખજો.

- **<u>History</u>**

  History would be a very easy and exciting subject to study if political correctness didn't prevent it from being credible.

  (ઈતિહાસ)

  જો રાજકીય ચોકસાઈ ઈતિહાસને ભરોસાપાત્ર બનવાથી રોકતી ન હોત તો ઈતિહાસનો અભ્યાસ કરવો ખૂબ જ સહેલો અને ઉત્તેજક બની જાત.

- **<u>The World</u>**

  Are there a few intelligent people and more dumb people in the world? Are there a few knowledgeable people and more ignorant people in the world? Are there a few brave people and more coward people in the world? Are there a few decent people and more naughty people in the world? Are there a few rich people and more poor people in the world? Are there a few responsible people and more irresponsible people in the world? If that's so, so be it. It's beautiful as it is with an Intelligent, Knowledgeable, Brave, Decent, Rich, Responsible God taking care of it.

  (દુનિયા)

  શું દુનિયામાં બુધ્ધિશાળી માણસો ઓછા છે અને મૂંગા માણસો વધારે છે ? શું દુનિયામાં જ્ઞાની માણસો ઓછા અને અજ્ઞાની માણસો વધારે છે ? શું દુનિયામાં બહાદુર માણસો ઓછા અને કાયર માણસો વધારે છે ? શું દુનિયામાં સંસ્કારી માણસો ઓછા અને તોફાની માણસો વધારે છે? શું દુનિયામાં પૈસાદાર લોકો ઓછા અને ગરીબ માણસો વધારે છે ? શું દુનિયામાં જવાબદાર માણસો ઓછા અને બેજવાબદાર માણસો વધારે છે ? જો એવું જ હોય તો એમને એવા રહેવા દો. બુધ્ધિશાળી, જ્ઞાની, બહાદુર, સંસ્કારી, પૈસાદાર, જવાબદાર લોકોની સાથે અલ્લાહ દુનિયાની કાળજી રાખતો હોય તો તે (દુનિયા) સુંદર જ છે.

**જાફરી આવાઝના ગ્રાહકના સરનામામાં ફેરફાર કરવાનો હોય કે અંક ન મળતો હોય તો મો.અકબરઅલી મસી (મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨)નો સંપર્ક કરવો**

ફારસીના મહાન કવિ શેખ સાઅદીની

# શાયરીનો રસાસ્વાદ

‘ગુલિસ્તાન’માંથી પસંદ કરેલ પંક્તિઓ

## TIMELY EFFORT (સમયસરની કોશિશ)

درختی که اکنون گرفتست پای
به نیروی شخصی برآید ز جای
وگر همچنان روزگاری هلی
به گردونش از بیخ بر نگسلی
سرِ چشمه شاید گرفتن به بیل
چو پُر شد، نشاید گذشتن به پیل

**દરખ્તી કે અકનૂન ગર ફતસ્ત પાઇ**
**બેનૈરવી શખ્સી બરામદ ઝ ખાઇ**
**વગર હમચુનાન રોઝગારી હેલી**
**બે ગરદુનશ અઝ બૈખ બર નગસલી**
**સરે ચશ્મા શાયદ ગિરફ્તન બે બીલ**
**ચૂ પુર શદ, નશાયદ ગુઝશતન બે પીલ**

(જે ઝાડના છોડવાએ હજુ હમણાં જ મૂળ નાખ્યાં હોય તેને માણસની તાકાતથી જડમૂળથી ઉખેડી નાખવા શક્તિમાન ન બનો. ઝરણાના મુખ પાસે પાણીના પ્રવાહને કોદાળીની મદદથી રોકી લેવો શક્ય છે પરંતુ પાણી જ્યારે પૂર ઝડપે વહેતું હોય ત્યારે તેને હાથીની મદદથી પણ રોકી શકાતું નથી.)

## TOLERANCE (સહનશીલતા/ધૈર્ય)

در خاک بیلقان برسیدم به عابدی
گفتم: مرا به تربیت از جهل پاک کن
گفتا: برو چو خاک تحمّل کن ای فقیه
یا هرچه خوانده ای، همه در زیرِ خاک کن

**દર ખાક બીલ્કાન બર સૈદમ બે આબેદી**
**ગુફ્તમ : મરા બે તરબીયત અઝ જહલ પાકકુન**
**ગુફ્તા : બરુ ચૂ ખાક તહમ્મુલ કુન અય ફકીહા**
**યા હર ચે ખ્વાનદા અય હમા દર ઝેરે ખાક કુન**

(બીલ્કન નામના પ્રદેશમાં હું એક પવિત્ર ચુસ્ત અનુયાયીને મળ્યો કે જેને મેં કહ્યું, ‘આપની હિદાયતથી મારી અજ્ઞાનતાને દૂર કરો.’ તેમણે જવાબ આપ્યો, ‘અય વિદ્‌વાન ફકીહ (ધર્મશાસ્ત્રના જાણનાર) ! જાઓ અને ધરતીની માફક સહનશીલ બનો નહિતર તમે જે કંઇ શીખ્યા હો તેને ધરતીમાં દાટી દો.’

## TRAINING (તાલીમ)

هر که در خُردیَش ادب نکنند
در بزرگی فلاح از او برخاست
چوب تر را چنانکه خواهی پیچ
نشود خشک جز به آتش راست

**હર કે દર ખુરદીશ અદબ નકનદ**
**દર બુઝુર્ગી ફલાહ અઝ અવ બરખાસ્ત**
**ચૂબતર રા ચુનાન્કા ખ્વાહી પેચ**
**નશૂદ ખુશ્ક જુઝ બે આતિશ રાસ્ત**

(જે કોઇને બાળપણમાં તાલીમ આપવામાં ન આવી હોય અને કંઇ શીખવાડવામાં ન આવ્યું હોય, તે જ્યારે મોટો થશે ત્યારે સુખચેનથી વંચિત રહેશે. લીલી ડાળીને જેવો આકાર આપવો હોય તેવો આકાર આપી શકાય છે.

પરંતુ જ્યારે તે સૂકાઇ જાય છે ત્યારે તે આગથી પણ સીધી નહીં થાય.

## TRUTH (સત્ય)

**تا نیک ندانی که سخن عین صواب است**
**باید که به گفتن دهن از هم نگشایی**
**گر راست سخن گویی و در بند بمانی**
**بِه زانکه دروغت دهد از بند رهایی**

**તા નેક નદાની કે સુખન ઐન સવાબ અસ્ત**
**બાયદ કે બ ગુફ્તન દહન અઝ હમ નગશાઇ**
**ગર રાસ્ત સુખન ગવી વ દર બંદ બમાની**
**બે ઝાન્કા દર વગત દહદ અઝ બંદ રિહાઇ**

(જ્યાં સુધી તમને ખાત્રી ન હોય કે તમે જે કંઇ કહો છો તે ચોક્કસપણે સાચું છે ત્યાં સુધી તે કહેવા માટે તમારું મોઢું ખોલતા નહીં. અસત્ય બોલવા માટે છૂટકારો પ્રાપ્ત કરવો તેના કરતાં તો સત્ય બોલવા માટે બેડીમાં બંધાયેલા રહેવું વધારે સારું છે.)

**یکی را که عادت بود راستی**
**خطایی رَوَد، درگذارند از او**
**وگر نامور شد به قول دروغ**
**دگر راست باور ندارند از او**

**યકી રા કે આદત બુવદ રાસ્તી**
**ખતાઇ રવદ, દર ગુઝારનદ અઝ અવ**
**વગર નામૂર શદ બ કૌલ દરૂગ**
**દિગર રાસ્ત બાવર નદારનદ અઝ અવ**

(જ્યારે કોઇને સત્ય બોલવાની ટેવ પડી જાય છે ત્યારે તેનાથી જો દોષ થઇ જાય છે તો તેને ધ્યાનમાં લેવામાં આવતો નથી પરંતુ જો કોઇ જૂઠ્ઠું બોલવામાં નામચીન બની જાય છે ત્યારે તે સત્ય બોલે તો પણ કોઇ માનવા તૈયાર હોતું નથી.)

## TYRANNY (જુલમ/અત્યાચાર)

**نکند جور پیشه سلطانی**
**که نیاید زگرگ چوپانی**
**پادشاهی که طرحِ ظلم فکند**
**پای دیوار ملکِ خویش بکند**

**ન કુનદ જોર પેશા સુલતાની**
**કે નયાયદ ઝિગરગ ચોપાની**
**પાદશાહી કે તરહે ઝુલ્મ ફકુનદ**
**પાઇ દીવાર મલકે ખવીશ બકુનદ**

(કોઇ પણ જાલિમ મુલક ઉપર સારી રીતે શાસન કદી કરી શકે નહીં, જેવી રીતે કે કોઇ વરૂ (રક્ષણ કરનાર) ભરવાડ બની શકે નહીં. એવો રાજા કે જે જુલમી શાસન સ્થાપિત કરે છે તે પોતાના રાજ્યના પાયા જ હચમચાવી નાખે છે.)

**જો શય હૈ ફના ઉસે બકા સમઝા હૈ,**
**જો ચીઝ હૈ કમ ઉસે સવા સમઝા હૈ.**
**હૈ બહરે જહાંમેં ઉમ્ર માનિંદે હુબાબ,**
**ગાફિલ ઇસ ઝિંદગી કો ક્યા સમજા હૈ.**

**—મીર બબ્બરઅલી અનીસ**

# નબવી અદાલત

**કિતાબ નહજુલ ફસાહતમાંથી : અલ્લામા સૈયદ નસીરૂલ ઈજ્તેહાદી**

**ચુકાદો નંબર-૨૪**

**જ્યારે ગુલામને દુઃખ આપવામાં આવે**

મદવ્વનામાં અબ્દુલ્લાહ બિન ઉમરથી રિવાયત છે કે તે કહે છે :

ઝન્બાનો એક ગુલામ હતો કે જેને લોકો સન્દરા કહેતા હતા. એક વખત ઝન્બાએ સન્દરાને પોતાની કનીઝના બોસા લેતો જોયો. તેણે ગુલામને પકડીને તેના કાન અને નાક કાપી લીધા. તે રસૂલિલ્લાહ (સ.)ની ખિદમતમાં આવ્યો. આપ (સ.)એ ઝન્બાને બોલાવ્યા અને ફરમાવ્યું,

'આ ગુલામ ઉપર એટલો બધો ભાર ન નાખો કે જેની તાકાત તેમનામાં ન હોય. તેમને એ ખવડાવો કે જે તમે ખાતા હો, એ પહેરાવો કે જે તમે પહેરતા હો. જે ગુલામોને તમે પસંદ ન કરતા હો તેને વેચી દો અને જેને પસંદ કરતા હો તેને રાખી લો અને અલ્લાહની મખ્લૂકને અઝાબ ન આપો.'

ત્યાર પછી આપ (સ.)એ ફરમાવ્યું,

'જેની સૂરતને બગાડી નાખવામાં આવે અથવા તો આગમાં જલાવવામાં આવે તો તે આઝાદ છે અને તે અલ્લાહ અને તેના રસૂલનો આઝાદ કરેલો ગુલામ છે.'

આથી રસૂલે કરીમ (સ.)એ તેને આઝાદ કરી દીધો. તેણે અરજ કરી,

'યા રસૂલિલ્લાહ ! મને કંઇ વસિયત ફરમાવો.'

આપ (સ.)એ ફરમાવ્યું,

'હું તારી બાબતમાં દરેક મુસલમાનને વસિયત કરું છું.'

વળી કિતાબ મુસ્લિમમાં સવીરથી રિવાયત છે કે એક વખત તેની લૌંડીને કોઇ માણસે તમાચો માર્યો તો સવીરે કહ્યું,

'તને ખબર નથી કે ચહેરો એહતેરામ કરવાને પાત્ર હોય છે અને તને મારા મામલાની ખબર છે કે જે રસૂલે કરીમ (સ.)ની સાથે ગુજર્યો હતો કે અમારી પાસે એક ખાદિમ હતો. તો અમારામાંથી એક જણે તેને તમાચો માર્યો તો રસૂલે કરીમ (સ.)એ હુકમ કર્યો કે તેને આઝાદ કરી દો.'

(અને બીજી હદીસમાં જરા વધારે સ્પષ્ટતાપૂર્વક આવું છે કે)

અમોએ કહ્યું,

'યા રસૂલિલ્લાહ ! અમારી પાસે માત્ર આ એક જ ગુલામ છે.'

તો આપ (સ.)એ ફરમાવ્યું,

'તેનાથી લાભ ઉઠાવી ચૂકો તો તેને છોડી દો.'

વળી અબ્દુલ્લાહ બિન ઉમરે કહ્યું કે રસૂલે કરીમ (સ.)એ ફરમાવ્યું,

'જે માણસ પોતાના ગુલામને મારે અથવા

તમાચો મારે તો એનો કફ્ફારો એ જ છે કે તેને આઝાદ કરી દે.'

### ચુકાદો નંબર-૨૫

### જડેલી વસ્તુ

એક માણસ રસૂલે ખુદા (સ.)ની પાસે આવ્યો અને તેણે આપને નીચે પડેલી વસ્તુની બાબતમાં સવાલ કર્યો તો આપ (સ.)એ ફરમાવ્યું,

'તેની થેલી અને મોઢું બાંધવાની દોરીને સારી રીતે ઓળખી લેવી પછી એક વર્ષ સુધી તેનું એલાન કરતા રહેવું. જો તેનો માલિક આવી જાય તો તેને આપી દેવી નહિતર તેનો ઉપયોગ કરી લેવો.'

તેણે કહ્યું,

'અગર કોઇ ખોવાઇ ગયેલી બકરી મળી જાય તો શું કરવું ?'

તો આપ (સ.)એ ફરમાવ્યું,

'તે તારા માટે છે કે તારા ભાઇ માટે છે અથવા તો વરૂ માટે છે.'

બીજી કિતાબોમાં એવું લખવામાં આવ્યું છે કે આપ (સ.)એ એવું ફરમાવ્યું,

'પોતાના ભાઇની ખોવાયેલી વસ્તુ તેને પાછી આપી દેવી.'

પૂછવાવાળાએ એવું પૂછયું,

'અગર કોઇને ઊંટ મળે તો...?'

આ સાંભળીને આપને ગુસ્સો આવી ગયો અને ચહેરો લાલ થઇ ગયો. આપે ફરમાવ્યું,

'તને શું મુસીબત છે ?'

આપ (સ.)એ ફરમાવ્યું,

'તે ઊંટની સાથે તેની મશ્ક છે, તેનો સામાન છે. તે ઝરણા પર પહોંચી જાય છે. ઝાડનાં પાંદડાં ખાય છે એટલે સુધી કે તેનો માલિક તેને (શોધતો શોધતો) આવીને લઇ જાય છે.'

સુવૈર બિન ગફલાથી રિવાયત છે કે તે કહે છે:

હું ઉબી બિન કઅબને મળ્યો તો તેમણે કહ્યું,

'મને એક વખત એક થેલી મળી જેમાં એકસો દીનાર હતા. હું તે થેલીને રસૂલે કરીમ (સ.)ની ખિદમતમાં લઇ જઇને હાજર થયો. હઝરત (સ.)એ ફરમાવ્યું,

'એક વર્ષ સુધી તેનું એલાન કરવાની કોશિશ કરો.'

મેં આપના હુકમ મુજબ તેનું એલાન કરવાનો પ્રયત્ન કર્યો પરંતુ કોઇ મળ્યું નહીં કે જે તેને ઓળખી લે અને તેની માલિકીનો દાવે કરે. પછી હું તે થેલી લઇને હઝરત (સ.) ની ખિદમતમાં હાજર થયો. આપ (સ.)એ ફરમાવ્યું,

'આ થેલીને, તેની ગણતરી (ની રકમ)ને અને તેની દોરીને સુરક્ષિત રાખો. હજુ પણ જો તેનો માલિક આવી ગયો તો તેને આપી દેજો નહિતર એનાથી ફાયદો ઉઠાવો.'

આથી મેં તેનાથી ફાયદો ઉઠાવ્યો. પછી મારે તે માણસ સાથે મુલાકાત થઇ. ખબર નથી કે એક વરસ પછી કે ત્રણ વરસ પછી.

અબુ હુરૈરાથી રિવાયત છે કે જ્યારે અલ્લાહે રસૂલ (સ.)ને મક્કા ઉપર ફતેહ એનાયત કરી તો રસૂલે કરીમ (સ.) ખુત્બો આપવા માટે ઊભા થયા અને ખુદાની હમ્દો સના પછી ફરમાવ્યું,

'અલ્લાહે મક્કામાં કતલ કરવાની મનાઇ ફરમાવી દીધી અને તેના ઉપર પોતાના રસૂલને અને મોમિનીનને સ્થિરતા અર્પણ કરી છે. આ મક્કા મારા પહેલાં કોઇના માટે હલાલ થયું ન હતું અને મારા માટે પણ દિવસના થોડાક ભાગમાં હલાલ થયું હતું અને મારા પછી કોઇના ય માટે હલાલ નહીં થાય. તેના શિકારને ભગાડી નહીં શકાય. તેનાં વૃક્ષો કાપી નહીં શકાય કે ન તો તેની ઝાડીઓને કાપવામાં આવશે અને ન તો તેના કાંટા તોડી શકાશે અને ન તો ત્યાં પડેલી વસ્તુને ઉઠાવવી જાઇઝ હશે. હાં, પોકારવાવાળો પડેલી વસ્તુને ઉઠાવી શકશે અને જે માણસના આદમીને મારી નાખવામાં આવે તે બે રસ્તાઓમાંથી કોઇ પણ બેહતર રસ્તો અપનાવી શકે છે; કાંતો ફિદીયો લઇ લે અથવા તો કિસાસ.'

અબ્બાસ (રઝી.અ.) કહે છે કે રસૂલે કરીમ (સ.)એ "અઝખર" (ખૂબ જ તીવ્ર વાસવાળા ઘાસ)ને અપવાદરૂપ બનાવી દીધું હતું (અર્થાત તેને ચૂંટવાનું જાઇઝ કરી દીધું હતું) અને ફરમાવ્યું હતું,

'આ આપણી કબરોના માટે અને આપણા ઝવેરીઓ (સોનીઓ) માટે છે.'

યમનના લોકોમાંથી એક આદમી અબૂશાહે કહ્યું,

'યા રસૂલિલ્લાહ ! આ ખુત્બો મને લખાવી દો.'

રાવી કહે છે કે એ ખુત્બો તેના માટે લખાવી દેવામાં આવ્યો. *


# સુકૂન પ્રસુતિગૃહ અને સોનોગ્રાફી કલીનીક

**ડો. આબિદઅલી એચ. મોમિન**
એમ.બી.ડી.જી.ઓ. (ગાયનેક)

ઉપલબ્ધ સુવિધાઓ :

❀ પ્રસુતિ ગૃહ ❀ નોરમલ ડિલેવરી મશીન દ્વારા, ચિપીયા દ્વારા અને સિઝીરીયન ઓપરેશન સુધીની તમામ સુવિધાઓ ❀ ગર્ભાશયનું ટાંકાવાળુ અને ટાંકા વગરનું ઓપરેશન ❀ સોનોગ્રાફીની સુવિધા ❀ વ્યંધત્વ નિવારણ સેન્ટર ❀ કેન્સર નિદાન ❀ દૂરબીનથી તપાસ અને ઓપરેશન ❀ સ્પેશ્યલ તથા સેમી. સ્પેશ્યલ તથા જનરલ રૂમની સુવિધા ❀ ફિટલ, મોનીટરની સુવિધા. તદઉપરાંત તમામ પ્રકારના સ્ત્રી રોગના નિદાન અને સલાહ સૂચન કેન્દ્ર

**::::: સ્થળ :::::**

**ડીવાઈન પ્લાઝા કોમ્પલેક્ષ, બસ સ્ટેશનની સામે, કમાલપુર રોડ, વડનગર, જિ.મહેસાણા.**

ફોન : (હો.) ૩૨૦૪૪૦ email : drabidali@rockmail.com

# જ્ઞાન ગોષ્ઠિ

: સંપાદક :

'મોમિન રત્ન'

## ઈસ્લામી શિષ્ટાચાર

### અઝાન, ઇકામત અને અઝાન પોકારનારા વિષે

(ગતાંકનું ચાલું)

હસન બિન સરીએ હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત કરી છે કે આપ (અ.) એ ફરમાવ્યું કે અગર કોઈ માણસ અઝાન કહે તો તે પોતાની આંગળીઓ પોતાના કાનોમાં નાખી દે તે સુન્નત છે. (૮૭૩)

ખાલિદ બિન નજીહે એ જ ઈમામ (અ.) થી રિવાયત કરી છે કે આપે ફરમાવ્યું, અઝાન અને ઈકામત બન્ને ચોક્કસ અને આવશ્યક છે અને એક બીજી હદીસમાં છે કે બન્ને નિશ્ચિત તયશુદા (નક્કી થયેલ) છે. (૮૭૪)

ઝરારાએ ઈમામ મોહંમદ બાકિર (અ.) થી રિવાયત કરી છે કે આપ (અ.)એ ફરમાવ્યું કે અઝાન કરવામાં તમારા માટે એટલો પણ અવાજ જાએઝ છે કે જેટલો તમે પોતાને સંભળાવી રહ્યા હો અથવા તો પોતાને સમજાવી રહ્યા હો અને (અલ્લાહુ અકબરમાં) **'હા'** અને **'અલિફ'** ફસાહત (મીઠા અવાજે) અને વઝાહત (સ્પષ્ટતા)થી કહો. અને જ્યારે તમે આં હઝરત(સ.)નું નામ લો તો અથવા તમારી સામે કોઈ (તે) નામ લે તો તમે દુરૂદ મોકલો નબી (સ.) અને તેમની આલ ઉપર, ભલેને પછી તે અઝાનમાં નામ (આવતું) હોય અથવા તો અઝાન સિવાય. (૮૭૫)

અને પોતાના નફ્સ ઉપર જોર આપ્યા વગર તમારો અવાજ જેટલો પણ તેજ હોય કે જેને કેટલાક લોકો સાંભળે, એટલો તમારો સવાબ વધારે હશે.

મોઆવિયા બિન વહબે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી અઝાનની બાબતમાં પૂછયું તો આપ (અ.)એ ફરમાવ્યું, તેને ખુલ્લી રીતે બુલંદ અવાજથી કહો અને જ્યારે ઈકામત કહો તો તેને ઓછી અને ધીમા અવાજથી કહો અને અઝાન અને ઈકામતમાં તમે ફકત દુખૂલે વકતની વાટ જુઓ અને ઈકામતમાં જલ્દી કરો. (૮૭૬)

વળી અમ્માર સાબાતીએ એ જ જનાબ (અ.)થી રિવાયત કરી છે કે આપ (અ.)એ ફરમાવ્યું કે જ્યારે તમે વાજિબ નમાઝ માટે ઊભા થાઓ તો અઝાન કહો અને ઈકામત કહો અને અઝાન અને ઈકામતની વચ્ચે અંતર પાડો ભલેને પછી બેસી જઈને અથવા તો કોઈ બીજી બાબત કરીને અથવા તસ્બીહ પઢીને. રાવીનું બયાન છે કે મેં આં જનાબ (અ.)ને પૂછયું કે અઝાન અને ઈકામતની વચ્ચેના અંતર માટે કેટલી બાબત કાફી છે ? તો આપ (અ.) એ ફરમાવ્યું કે અલ્હમ્દોલિલ્લાહ (કાફી છે).

(૮૭૭)

મોહંમદ બિન મુસ્લિમે હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)ને એક એવા માણસની બાબતમાં પૂછ્યું કે જે પગપાળા ચાલી રહ્યો છે અને તાહિર નથી અથવા તો તે સવારીની પીઠ ઉપર હોય અને અઝાન કહી રહ્યો હોય. આપ (અ.)એ ફરમાવ્યું, હા, અગર તે શહાદતનો કલમો પઢવાવાળો કિબ્લા તરફ મોઢું કરેલ હોય તો કંઈ વાંધો નથી. (૮૭૮)

અને ઝરારાએ એ જનાબ (અ.)થી રિવાયત કરી છે કે આપ (અ.)એ ફરમાવ્યું કે જ્યારે નમાઝ માટે ઈકામત કહી દેવામાં આવે તો પછી ઈમામ અને સઘળા મસ્જિદવાળાઓ માટે વાત કરવી હરામ છે સિવાય કે ઈમામને આગળ બોલાવવા કંઈ કહેવામાં આવે. (૮૭૯)

હઝરત અલી (અ.)નું બયાન છે કે રસૂલલ્લાહ (સ.)એ ઈરશાદ ફરમાવ્યો કે જે તમારામાંથી સૌથી સારો કારી (કુરઆનની મખ્રજ સાથે તિલાવત કરનાર) હોય, તે તમારી નમાઝમાં ઈમામત કરે અને જે તમારામાંથી સારા લોકો હોય તે અઝાન કહે અને એક હદીસમાં છે કે જે તમારામાં સૌથી ફસીહ (મીઠી જબાનવાળો) હોય (તે અઝાન કહે). (૮૮૦)

અને રસૂલલ્લાહ (સ.)એ ઈરશાદ ફરમાવ્યો છે કે જે માણસ મુસલમાનોના શહેરોમાંથી કોઈ એક શહેરમાં એક વર્ષ સુધી અઝાન કહે તો તેના માટે જન્નત વાજિબ છે. (૮૮૧)

અને હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)એ ઈરશાદ ફરમાવ્યો કે મોઅઝ્ઝિનની અલ્લાહ તઆલા મગ્ફેરત કરશે. તેની નજર આસમાન સુધી પહોંચી છે અને તેનો અવાજ આસમાન પર ગુંજે છે અને દરેક સૂકી અને ભીની વસ્તુ કે જે તેના અવાજને સાંભળે છે તે તેનું સમર્થન કરે છે અને મસ્જિદમાં જે કોઈ તેની સાથે નમાઝ પઢે છે તેમાં તેનો ભાગ છે અને જે પણ તેનો અવાજ સાંભળીને નમાઝ પઢે છે તેમાં પણ તેના માટે એક નેકી છે. (૮૮૨)

અને ઈમામ (અ.)એ ફરમાવ્યું, જે માણસ સાત વર્ષ સુધી માત્ર સવાબની નઝથી અઝાન કહેશે તો તે કયામતના દિવસે એવી રીતે આવશે કે તેના માથે કોઈ ગુનાહ (બાકી) નહીં હશે. (૮૮૩)

રિવાયત કહેવામાં આવી છે કે જ્યારે મલાઇકા જમીનવાસીઓની અઝાન સાંભળે છે

**અલી ઇમામે મનસ્તો મનમ ગુલામે અલી,**
**હઝાર જાન ગિરામી ફિદાએ નામે અલી.**
(હઝરત અલી (અ.) મારા ઈમામ છે અને હું હઝરત અલી (અ.)નો ગુલામ છું. મારી હજાર જાન હઝરત અલી (અ.)ના નામ પર કુરબાન છે.)

તો કહે છે, આ ઉમ્મતે મોહંમદ (સ.)નો અવાજ છે કે જે અલ્લાહની વહદાનિયતની ગવાહી દઈ રહ્યો છે. પછી તે અલ્લાહથી મોહંમદ (સ.)ની ઉમ્મત માટે મગ્ફેરતની દુઆ માગતા રહે છે ત્યાં સુધી કે તે લોકો નમાઝથી ફારેગ ન થઇ જાય. (૮૮૪)

અને રસૂલલ્લાહ (સ.)એ અરફાતના સ્થળે નમાઝે ઝોહર અને અસર ભેગી એક અઝાન અને બે ઈકામત સાથે પઢી અને મુઝદલેફામાં મગરિબ અને ઈશાની નમાઝોને ભેગી કરીને એક અઝાન અને બે ઈકામત સાથે પઢી છે. (૮૮૫)

અને અબ્દુલ્લાહ બિન સિનાન હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત કરે છે કે આપ (અ.)એ ફરમાવ્યું, રસૂલલ્લાહ (સ.) એ ઝોહર અને અસરની નમાઝ એક સાથે ભેગી કરીને એક અઝાન અને બે ઈકામતોની સાથે અને મગરિબની અને ઈશાની નમાઝને એક સાથે ભેગી કરીને એક અઝાન અને બે ઈકામતોની સાથે (સફરમાં નહીં પરંતુ) હઝરમાં કોઈ પણ કારણ કે ઉઝ્ર વગર પઢી હતી. (૮૮૬)

અને રિવાયત કરવામાં આવી છે કે જે માણસ અઝાન અને ઈકામતની સાથે નમાઝ પઢે તેની પાછળ મલાઈકાની બે સફો નમાઝ પઢે છે અને જે માણસ અઝાન વગર માત્ર ઈકામતની સાથે નમાઝ પઢે છે તેની પાછળ મલાઈકાની માત્ર એક સફ નમાઝ પઢે છે અને સફની હદ પૂર્વથી પશ્ચિમ વચ્ચે હોય છે. (૮૮૭)

અને અબ્બાસ બિન હિલાલની રિવાયતમાં છે કે હઝરત ઈમામ રિઝા (અ.)થી રિવાયત છે કે આપ (અ.)એ ફરમાવ્યું, જે માણસે અઝાન અને ઈકામત કહી તેની પાછળ મલાઈકાની બે સફો નમાઝ પઢે છે અને અગર તેણે અઝાન વગર માત્ર ઈકામત કહી તો તેની જમણી બાજુએ એક ફરિશ્તો અને ડાબી બાજુએ એક ફરિશ્તો પઢે છે. પછી ફરમાવ્યું કે તે સફોને મૂલ્યવાન (ગનીમત) સમજો. (૮૮૮)

અને ઈબ્ને અબી લયલાની રિવાયતમાં

## નુસ્ખા

**બાળ રોગો**

(ગતાંકનું ચાલુ)

* લસણની કળીઓને કચડી, પોટલી બનાવી, બાળકના ગળામાં બાંધી રાખવાથી બાળકની કાળી ખાંસી (હૂફીંગ કફ–હડખી ઉધરસ) મટે છે.
* બાળકની છાતી કફથી ભરાઈ ગઈ હોય તો તુલસીના પાનનો રસ મધમાં મેળવી બે–ત્રણ વાર પાવાથી તથા તુલસીના રસને ગરમ કરી છાતી, નાક તથા કપાળે લગાડવાથી શરદી અને કફમાં ખૂબ રાહત મળે છે.
* છાસમાં વાવડીંગનું ચૂર્ણ પાવાથી નાના બાળકોના કરમ મટે છે.
* મધમાં કાળીજીરીનું ચૂર્ણ ચટાડવાથી બાળકોના કરમ મટે છે.

હઝરત અલી (અ.)થી રિવાયત છે કે આપ (અ.) એ ફરમાવ્યું, જે માણસ અઝાન અને ઈકામતની સાથે નમાઝ પઢે છે તેની પાછળ મલાઈકાની બે સફો નમાઝ પઢે છે. (તે સફો એટલી બધી લાંબી હોય છે કે તેના બન્ને છેડા નજરે પડતા નથી અને જે માણસ માત્ર ઈકામતની સાથે નમાઝ પઢે છે તેની પાછળ માત્ર એક ફરિશ્તો નમાઝ પઢે છે.) (૮૮૯)

હારિસ બિન મુગૈરા નઝરીએ હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત કરી છે કે આપ (અ.)એ ફરમાવ્યું, જે માણસ મોઅઝ્ઝિનને એવું કહેતો સાંભળે કે **અશ્હદો અલ્લાઇલાહા ઇલ્લલ્લાહ વ અશ્હદો અન્ન મોહંમદુર્રસૂલુલ્લાહ** તો તે પણ તેનું સમર્થન કરતાં કરતાં સવાબના નઝથી કહે કે **વ અના અશ્હદો અલ્લાઇલાહા ઇલ્લલ્લાહ વ અશ્હદો અન્ન મોહંમદુર્રસૂલુલ્લાહ** તો આ બન્ને શહાદતો (ગવાહીઓ) દરેક કાફિર અને દરેક મુન્કરથી મુક્તિને પ્રગટ કરવા માટે તેના માટે કાફી છે અને તે અને તે બન્ને શહાદતોની વચ્ચે તે એવા દરેક માણસનો સહાયક અને મદદગાર હશે કે જે અલ્લાહની વહદાનિયતનો અને મોહંમદ (સ.)ની રિસાલતનો ઈકરાર કરતાં અને તેની શહાદત આપતાં તેને તમામ કાફિરો અને મુન્કરોની સંખ્યાના પ્રમાણમાં અને સઘળા ઈકરાર કરવાવાળા અને તેની શહાદત આપવાવાળાની સંખ્યાના પ્રમાણમાં સવાબ અને બદલો મળશે. (૮૯૧)

હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)એ મોહંમદ બિન મુસ્લિમને ફરમાવ્યું કે અય મોહંમદ બિન મુસ્લિમ ! તમે કોઈ પણ

## શબ્દ પરિચય

### તારીખ

**તારીખ** : (تاریخ) અરબી ભાષાનો શબ્દ છે તેના અર્થ આ મુજબ થાય છે : (૧) રાત અને દિવસ મળીને ચોવીસ કલાકનો સમય, મહિનાની તારીખ (ઈસ્લામી/ઈસવી) (૨) એક આખો દિવસ કે તેનો ક્રમિક આંકડો, રોજ (૩) કોઈ કાર્ય માટે નક્કી કરેલો દિવસ (૪) ઈતિહાસ, સમયાનુક્રમ અનુસાર રાજાઓની કારકિર્દીનો હેવાલ, તારીખનું બહુવચન **તવારીખ** એટલે રાજકીય હેવાલ કે વિગત તેના ઉપરથી રૂઢિપ્રયોગ **તારીખ કહેના** – કોઈ પ્રસંગ કે ઘટનાની પદ્યમાં અથવા ગદ્યમાં મૂળાક્ષરો (ના અબ્જદની કિંમત) પ્રમાણે ગોઠવણી કરવી કે જેના આધારે ઘટના કે બનાવનું વર્ષ જાણી શકાય **તારીખગો** – (૧) કોઈ ઐતિહાસિક પ્રસંગની તિથિ દર્શાવતી પંક્તિની રચના કરનાર કવિ (૨) ઈતિહાસનું વર્ણન કરનાર **તારીખ ઠહેરાના** – દિવસ નક્કી કરવો (ખાસ કરીને લગ્ન માટે) **તારીખદાં** – ઈતિહાસવિદ **તારીખ નવીસ** – ઈતિહાસ લેખક, ઈતિહાસ લખનાર **તારીખ પડના** –મુકદ્દમાની સુનાવણી માટેની તારીખ નક્કી થવી. **તારીખ મુકર્રર કરના** – મુકદ્દમાની સુનાવણી માટેનો દિવસ નક્કી કરવો. **તારીખ લિખના** – ઐતિહાસિક ગ્રંથ રચવો, તવારીખ લખવી.

પરિસ્થિતિમાં પણ હો તો પણ ખુદાનો ઝિક્ર કદાપિ છોડતા નહીં. જો તમે સંડાસમાં પણ હો અને મોઅઝિઝનની અઝાન સાંભળો તો અલ્લાહ તઆલાનો ઝિક્ર કરો અને તે કહો કે જે મોઅઝિઝન કહેતો હોય છે. (૮૯૨)

અને હઝરત અલી (અ.)એવું ફરમાવ્યા કરતા હતા કે અગર કોઇ છોકરો બાલિગ થવા પહેલાં અઝાન કહે તો કંઇ વાંધો નથી અને અગર કાંઇ જનાબતની હાલતમાં હોય અને અઝાન કહે તો કોઇ વાંધો નથી પરંતુ ગુસ્લ કર્યા પહેલાં તે ઈકામત ન કહે. (૮૯૬)

અબ્દુર્રહેમાન બિન અબી અબ્દુલ્લાહે ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત કરી છે કે આપ (અ.)એ ફરમાવ્યું કે સફરમાં અઝાન વગર ઈકામત કહી લેવાની રજા છે. (૯૦૦)

અબૂ બશીરે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત કરી છે કે આપ (અ.)એ ફરમાવ્યું કે અગર તમે રસ્તામાં અથવા તો પોતાના ઘરમાં અઝાન કહો ત્યાર પછી મસ્જિદમાં પહોંચીને ઈકામત કહો તો આ તમારા માટે જાઇઝ છે.

રિવાયત કરવામાં આવી છે કે જે માણસ અઝાન સાંભળે અને એવું કહેતો રહે કે જે મોઅઝિઝન કહે છે તો તેની રોઝીમાં વધારો થશે. (૯૦૪)

વળી (ઈમામ જાફર સાદિક (અ.)એ) ફરમાવ્યું કે જ્યારે કોઇ બાળકનો જન્મ થાય તો તેના જમણા કાનમાં અઝાન અને ડાબા કાનમાં ઈકામત કહો. (૯૧૧)

(સંદર્ભ : મલ્લા યહઝરૂલ ફકીહ, ભાગ–૧, પેજ–૧૫૫ થી ૧૬૫)


ચોથા વર્ષમાં મંગલ પ્રવેશ

આયુર્વેદિક દવા શરીરમાં આડઅસર કર્યા વિના રોગને જડમૂળથી મટાડે છે.

**શિફા આયુકેર કલીનીક**

**ડો.આબિદઅલી ટી. ઘરખડ**

(જન.ફીઝીશીયન એન્ડ આયુ.કન્સલ્ટન્ટ)

દરેક જાતના સ્ત્રી રોગો, ચામડીના રોગો, પાચનતંત્રના રોગો, મસા, હરસ, વજન વધારવા-ઘટાડવા, હાડકાના રોગો, શ્વસનતંત્રના રોગોની આયુર્વેદિક સારવાર માટે ખાસ મળો.

**નોંધ :** બહારના દર્દીઓએ ફોન કરીને જ આવવું.

**સરનામુ**

મસ્જિદની સામે, બાદરપુર, તા. વડનગર, જિ. મહેસાણા. મો. ૯૮૨૪૧ ૧૪૮૨૭

**અલ-શિફા**

**ડાયાબીટીસ ચુર્ણ**

**માત્રા ૧-૧ ચમચી સવાર-સાંજ દરરોજ જમ્યાના અડધા કલાક પહેલા**

Control your Diabetes. For Life.

કિંમત રૂા.૬૫/–

**:: નોંધ ::**

એલોપેથીક દવા ચાલુ રાખીને આ દવા ચાલુ રાખી શકાય અને ધીમે ધીમે બંધ કરીને આ દવાનું સેવન ચાલુ રાખવું.

**:: ઉત્પાદન કર્તા ::**

શિફા આર્યુવેદિક સ્ટોર્સ, હિંમતનગર (સા.કાં.) મો. ૯૪૨૭૪ ૮૩૪૪૦

શિફા આયુકેર કલીનીક, બાદરપુર (મહેસાણા) મો. ૯૮૨૪૧ ૧૪૮૨૭

# આપણા ઘરની વાતો


**● વડુ મુકામે ઇલ્મી ઇસ્લામિક પરીક્ષાનું આયોજન :**

વડુથી મો.અમ્મારહૈદર રસુલભાઇ સુણસરાની યાદી જણાવે છે કે વડુ મુકામે અઝાખાના–એ–અબુતાલિબમાં ૧૧, મોહર્રમ–૧૪૩૪, તા.૨૬–૧૧–૨૦૧૨ને સોમવારના રોજ સવાર ૯–૦૦ કલાકે 'ઇલ્મી ઇસ્લામિક પરીક્ષા'નું આયોજન કરવામાં આવ્યું હતું જેનો હેતુ અઝાદાર ભાઇ–બહેનોમાં દીની ઇલ્મમાં વધારો થાય અને ઇસ્લામી જ્ઞાનની ચકાસણી કરવાનો હતો. આ પરીક્ષામાં ૩૪ ભાઇઓ અને ૨૬ બહેનોએ ભાગ લીધો હતા. ભાઇઓ બહેનોની બેસવાની વ્યવસ્થા અલગ અલગ કરવામાં આવી હતી. આ પરીક્ષાના પ્રશ્નો જ્ઞાનગોષ્ઠિ ભાગ–૧ અને ૨ તથા મકતૂલનામામાંથી લેવામાં આવ્યા હતા. પરીક્ષાની શરૂઆત કરબલાના પાક શહીદોને નજરાણું પેશ કરીને કરવામાં આવી હતી. બહેનોમાં સુપરવાઇઝર તરીકે બહેનો અને ભાઇઓમાં ભાઇઓ રહ્યા હતા. આ પરીક્ષામાં ૧ થી ૩ નંબરે આવનાર ભાઇઓને હાજી મો. અબ્બાસભાઇ દાઉદભાઇ અધારીયા અને બહેનોમાં ૧ થી ૩ નંબરે આવનાર બહેનોને હાજી મો.શરીફભાઇ અલીમદભાઇ અધારીયા તરફથી ઇમાન આપવામાં આવ્યાં હતાં. તમામ ભાગ લેનાર ભાઇઓ–બહેનોને બન્ને દાતાએ તરફથી બોલપેનનું ઇનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. કાર્યક્રમના અંતે અઝાદાર ભાઇ–બહેનોનો આભાર માનવામાં આવ્યો હતો અને અઝાદાર ભાઇઓ તરફથી ન્યાઝે હુસૈન રાખવામાં આવ્યું હતું.


**● અભિનંદન :**



મો.અબ્બાસઅલી અકબરઅલી મોમિન (ગણેશપુરા) બરોડા ક્રિકેટ એસોસીએશન તરફથી પસંદગી પામી વર્ષ : ૨૦૧૨–૧૩માં BCCI Under-16ની ટીમમાં રણજી ટ્રોફી રમી રહ્યા છે. જાફરી આવાઝ માસિક પરિવાર તરફથી અભિનંદન.⟶



⟵મો.સાજેદાબેન અબ્બાસભાઇ સુણસરા (સેવાલણી) સિકકીમ મણીપાલ યુનિવર્સિટી દ્વારા લેવાયેલ MBAમાં 58.58% ગુણ મેળવી એકસટર્નલ સ્ટુડન્ટ તરીકે પાસ થયેલ છે. જાફરી આવાઝ માસિક પરિવાર તરફથી અભિનંદન.



● **ઇન્નાલિલ્લાહે..:**


← મોલીપુર નિવાસી મર્હૂમ મો.વલીભાઈ સાવદીભાઈ ચંપા મુ.તા.૧૨, મોહર્રમ–૧૪૩૪, તા.૨૭–૧૨–૨૦૧૨ને મંગળવારના રોજ ૭૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. તેઓ નિખાલસ, મિલનસાર, ઈબાદતગુઝાર તથા મોહંમદ વ આલે મોહંમદના ચાહક હતા. તેઓ જમાઅતમાં કફનની વ્યવસ્થાનું કાર્ય સંભાળતા હતા. તેઓ ધાર્મિક કામોમાં હંમેશાં અગ્રેસર રહેતા હતા.




બાદરપુર નિવાસી મર્હૂમા મો.ઝયનબબેન ગુલામહુસૈન ભગત મુ.તા.૧૮, ઝિલહજ–૧૪૩૩, તા.૫–૧૨–૨૦૧૨ને સોમવારના રોજ ૫૯ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે મિલનસાર, સહનશીલ અને ઈમામ હુસૈન (અ.)નાં અઝાદાર તથા પીરો મુરશિદનાં ચાહક હતાં. તેઓ ઉમરા હજ–ઝિયારતથી મુશર્રફ થયેલાં હતાં. →



← બાદરપુર નિવાસી મર્હૂમા જીજીબેન દાઉદભાઈ બટ્ટી મુ.તા.૫ શવ્વાલ–૧૪૩૩, તા.૨૪–૮–૨૦૧૨ને શુક્રવારના રોજ આશરે ૮૫ વર્ષની વયે અલ્લાહ તઆલની રહમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે ભોળા, નેક, આશિકે હુસૈન (અ.) અને મોહંમદ વ આલે મોહંમદનાં ચાહક હતાં



વાઘરોલ ગામના મુખી મો.મંજૂરઅલી ઈસ્માઈલભાઈ સુણસરાના દાદા મર્હૂમ મો.મુખી યૂસુફભાઈ સુલેમાનભાઈ સુણસરા મુ.તા.૪, મોહર્રમ–૧૪૩૪, તા.૧૯–૧૧–૨૦૧૨ને સોમવારના રોજ ૯૦ વર્ષની વયે લાંબી માંદગી બાદ અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. મર્હૂમના જનાઝામાં લોકોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. તેમની બીમારીની હાલતમાં કોઈ ખબર પૂછવા જતું તો પીર મશાયખ બાવા (રહે.અ.)ના બયાનની કડીઓ બોલીને જવાબ આપતા હતા અને તેમની આંખમાંથી આંસુ ટપકી પડતાં હતાં. →



← કિશોરગઢ નિવાસી મર્હૂમ મો.અલજીભાઈ જલાલભાઈ ગોદડ મુ.તા. ૪ મોહર્રમ–૧૪૩૪, તા.૧૯–૧૧–૨૦૧૨ને સોમવારના રોજ ૬૬ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. મર્હૂમ ખૂબ જ નેક, ઉદાર તેમજ સામાજિક તથા ધાર્મિક કાર્યોમાં અગ્રેસર રહેતા હોવાથી આપની ઈમાનદારી અને સેવાઓની કદર એ વાતથી સાબિત થાય છે કે મર્હૂમના જનાઝામાં તથા ફાતિહાખ્વાનીમાં ખૂબ જ મોટી સંખ્યામાં લોકોએ હાજરી આપી હતી.



કેસીમ્પા નિવાસી મર્હૂમ મો.શબ્બીરભાઈ વજીરભાઈ નાગલપરા મુ.તા.૨, ઝિલહજ–૧૪૩૨, તા.૧૯–૧૦–૨૦૧૨ને શુક્રવારના રોજ અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. →


સુરપુર નિવાસી મર્હૂમ મો.ગુલામહુસૈન અમદાભાઇ ભોવણીયા મુ.તા.૧૯, ઝિલહજ–૧૪૩૨, તા.૧૧–૧૧–૨૦૧૨ને રવિવારના રોજ અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. તેઓ મોહંમદ વ આલે મોહંમદ (સ.) અને પીરો મુરશિદના ચાહક હતા. →





← સેવાલણી નિવાસી મર્હૂમા મો.સકીનાબેન ઈબ્રાહીમભાઇ સુણસરા મુ.તા.૨૧, ઝિલહજ–૧૪૩૩, તા.૭–૧૧–૧૦૧૨ને બુધવારના રોજ ૬૭ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે. મર્હૂમા નરમ અને મિલનસાર સ્વભાવનાં હતાં. તેઓ ઉમરા હજ–ઝિયારતથી મુશર્રફ થયેલાં હતાં. તેઓ મોહંમદ વ આલે મોહંમદ (સ.) અને શહીદાને કરબલાનાં આશિક હતાં.

ઈલોલ તલાવ નિવાસી મર્હૂમ મો.યૂસુફભાઈ નશીરભાઇ વાઘ મુ.તા.૯, મોહર્રમ–૧૪૩૪, તા.૨૪–૧૧–૨૦૧૨ને શનિવારના રોજ ૬૨ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે હસમુખા, માયાળુ અને મહેમાનનવાઝ હતા. →



અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.


**રહેમત સેલ્સ**

અમદાવાદ સીટી, રીંગ રોડ, સાણંદ, રાજસ્થાન એરીયા તેમજ મહેસાણા જિલ્લાના ગામોમાં જમીન લે-વેચ માટે તથા મકાનના પ્લોટ તથા ફ્લેટ બુકીંગ માટે મળો.

નોંધ : હોટલ માટે જમીન તથા ચાલુ હાલતમાં હોટલ આપવા-લેવા માટે મળો.

**અબ્બાસઅલી એન. હીરા(બાદરપુરવાળા)**
મોબાઈલ : ૯૯૦૪૧૫૧૧૪૭

Akbarali V. Suthar Mo. 9426281856
Mikdadali Mo. 9429358118

**FAMOUS**

**ALUMINIUM SECTION**

- **Aluminium Composit Panel,**
- **Glass Fitting**
- **Sliding Windows**

**Near Bus Station, Rigal Shopping Centre, Vadnagar (Gujarat)**

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૧/- મો.ફિરોઝહુસૈન કાસિમભાઇ (કઠોર)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.અ.) તથા મર્હૂમ કાસિમભાઈની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- મો.મર્હૂમ કરીમદભાઇ અલાદભાઇ નાગલપુરા તથા મર્હૂમા કલીબેન કરીમદભાઇ નાગલપુરા (રસુલપુર–ખેરાલુ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.

રૂા.૪૨૯/- મો.મર્હૂમ અલજીભાઇ જલાલભાઇ ગોદડ (કિશોરગઢ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.

રૂા.૧૦૦૧/- મો.મર્હૂમ શબ્બીરભાઇ વજીરભાઇ નાગલપરા (કેસીમ્પા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.

રૂા.૧૦૦૦/- મો.મર્હૂમ સુલેમાનભાઇ ઈબ્રાહીમભાઇ માસ્તર (જેઠીપુરા)ના પરિવાજનો તરફથી તેમના ચિરંજીવી ડૉ. મકબૂલઅલી તાલિબઅલી બી. જે. મેડીકલ કોલેજ, અમદાવાદ ખાતે આસી.પ્રોફેસર (ફોરેન્સીક સાયન્સ) તરીકે નિયુક્તિ પામ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.મર્હૂમ ગુલામહુસૈન અમદાભાઇ ભોવણીયા (સુરપુર)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.

રૂા.૨૫૦/- મો.મર્હૂમા સકીનાબેન ઈબ્રાહીમભાઇ સુણસરા (સેવાલાણી)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.

રૂા.૧૦૦/- મો.સાજેદાબેન અબ્બાસભાઇ સુણસરા તરફથી તેમણે સિકકીમ મણીપાલ યુનિવર્સિટી દ્વારા MBAમાં 58.58% ગુણ મેળવી એકસટર્નલ તરીકે પાસ થયાં તેની ખુશાલી પ્રસંગે.

મર્હૂમ યૂસુફભાઇ નશીરભાઇ વાઘ (ઈલોલ તલાવ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.

રૂા.૨૦૦/- મો.હસનઅબ્બાસ યૂસુફભાઇ વાઘ
રૂા.૧૫૦/- મો.ગુલામહુસૈન નશીરભાઇ વાઘ
રૂા.૧૫૦/- મો.ગુલામમહંમદ નશીરભાઇ વાઘ
રૂા.૧૦૦/- મો.કુલસુમબેન અબ્બાસઅલી દાંત્રેલિયા
રૂા.૧૦૦/- મો.શીરીનબેન તાલિબઅલી દાંત્રેલિયા
રૂા.૧૦૦/- મો.ફાતેમાબેન આબિદઅલી ખાણશીયા
રૂા.૧૦૦/- મો.તાહેરાબેન અકબરઅલી દાવડા
રૂા.૧૦૦/- મો.રાબીયાબેન અલીમોહંમદ સાવદી
રૂા.૧૦૦/- મો.આબેદાબેન આબિદઅલી દેધરોટીયા
રૂા.૧૦૦/- મો.નજમાબેન હસનઅલી કાયલા
રૂા.૧૦૦/- મો.રહમતફાતેમા અકબરઅલી દાવડા
રૂા.૫૦/- મો.આબેદાબેન નજરમહંમદ દાંત્રેલિયા
રૂા.૫૦/- મો.શાહેદાબેન મકસૂદઅલી દાવડા
રૂા.૫૦/- મો.સાબેરાબેન મંજૂરમહંમદ હોલ્ડા
રૂા.૫૦/- મો.સાજેદાફાતેમા ગુલામમહંમદ વાઘ
રૂા.૨૫/- મો.તાહેરાફાતેમા હસનઅબ્બાસ વાઘ
રૂા.૨૫/- મો.આરેફાબાનુ હસનઅબ્બાસ વાઘ
રૂા.૫૦/- મો.નઝમાબાનુ ગુલામઅબ્બાસ વાઘ
રૂા.૫૦/- મો.મેઅરાજફાતેમા સાબિરઅલી વાઘ
રૂા.૫૦/- મો.અબ્બાસઅલી અકબરઅલી વાઘ
રૂા.૧૦૦/- મો.ઈબ્રાહીમભાઇ દાઉદભાઇ વાઘ
રૂા.૫૦/- મો.અકબરઅલી જલાલભાઇ દાવડા

રૂા.૫૦/- મો.આબિદઅલી ઈસ્માઈલભાઈ દેધરોટીયા
રૂા.૫૦/- મો.અનવરઅલી નૂરમહંમદ વાઘ
રૂા.૫૦/- મો.આફતાબઅલી કમરઅલી વાઘ
રૂા.૫૦/- મો.સુલમાનભાઈ દાઉદભાઈ વાઘ
રૂા.૫૦/- મો.ઈમદાદઅલી દાઉદભાઈ વાઘ
રૂા.૨૫/- મો.અઝમતફાતેમા અકબરલી દાવડા
રૂા.૨૫/- મો.મંજૂરફાતેમા અકબરઅલી દાવડા
રૂા.૫૦/- મો.ગુલામઅબ્બાસ ગુલામહુસૈન વાઘ
રૂા.૫૦/- મો.સાબિરઅલી ગુલામહુસૈન વાઘ
રૂા.૫૦/- મો.અકબરઅલી ગુલામહુસૈન વાઘ
રૂા.૫૦/- મો.ઈસ્હાક ઈસ્માઈલભાઈ વાઘ
રૂા.૫૦/- મો.અકબરઅલી યાકુબભાઈ વાઘ

રૂા.૧૦૦/- મો.એહમદઅલી ઈસ્માઈલભાઈ સુથાર (સાલડી) તરફથી તેમને અકબરી હજ નસીબ થઈ તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.શબ્બીરઅલી મહંમદભાઈ સુથાર (ખાટાઆંબા) તરફથી તેમને અકબરી હજ નસીબ થઈ તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- શબ્બીરભાઈ વિરાની (ખાંડના વહેપારી) તરફથી જાફરી આવાઝ (માસિક)ને ઉત્તેજન અર્થે.

મર્હૂમ મો.વલીભાઈ સાવદીભાઈ ચંપા (મોલીપુર)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.

રૂા.૧૦૧/- મો.સલમાનભાઈ વલીભાઈ ચંપા
રૂા.૫૧/- મો.ઝોહરાબેન સલમાનભાઈ ચંપા
રૂા.૨૧/- મો.અબ્બાસઅલી સલમાનભાઈ ચંપા
રૂા.૨૧/- મો.સાબેરાબેન અબ્બાસઅલી ચંપા
રૂા.૨૧/- મો.આબિદઅલી સલમાનભાઈ ચંપા
રૂા.૨૧/- મો.અઝમતફાતેમા આબિદઅલી ચંપા
રૂા.૨૧/- મો.અનીસફાતેમા આબિદઅલી ચંપા
રૂા.૧૦૧/- મો.ઝયનબબેન ઈમદાદઅલી બળ્યા
રૂા.૧૦૧/- મો.હુસૈનાબેન અહમદઅલી પનિયા
રૂા.૧૦૧/- મો.જલાલભાઈ સાવદીભાઈ ચંપા
રૂા.૫૧/- મો.અમીનાબેન જલાલભાઈ ચંપા
રૂા.૫૧/- મો.ગુલામહુસૈન જલાલભાઈ ચંપા
રૂા.૫૧/- મો.ફાતમાબેન ગુલામહુસૈન ચંપા
રૂા.૨૯/- મો.ઈમદાદઅલી ગુલામહુસૈન ચંપા
રૂા.૨૧/- મો.હબીબાબાનુ નજરઅલી
રૂા.૨૧/- મો.રૂકૈયાબાનુ અહેસાનઅલી બળ્યા
રૂા.૨૧/- મો.સકીનાબેન અહેસાનઅલી બળ્યા
રૂા.૨૧/- મો.રહમતફાતમા ગુલામહુસૈન ચંપા
રૂા.૨૧/- મો.સકીનાબેન કરીમદભાઈ ભોરણીયા
રૂા.૨૧/- મો.ઝોહરાબેન ઈસુબભાઈ ચંપા
રૂા.૨૧/- મો.કુલસુમબેન ગુલામહુસૈન બળ્યા
રૂા.૫૧/- મો.રસુલભાઈ સાવદીભાઈ ચંપા
રૂા.૨૧/- મો.શહઝાદીબેન રસુલભાઈ ચંપા
રૂા.૧૧/- મો.ખાદિમહુસૈન રસુલભાઈ ચંપા
રૂા.૧૧/- મો.ઝોહરાબેન ખાદિમહુસૈમ ચંપા
રૂા.૧૧/- મો.શબ્બીરઅલી ખાદિમહુસૈન ચંપા
રૂા.૧૧/- મો.સાકેરાબેન ખાદિમહુસૈન ચંપા
રૂા.૧૦૧/- મો.રહીમભાઈ સાવદીભાઈ ચંપા
રૂા.૧૦૧/- મો.કુલસુમબેન રહીમભાઈ ચંપા
રૂા.૫૧/- મો.ઈમદાદઅલી રહીમભાઈ ચંપા
રૂા.૨૫/- મો.સાકેરાબેન ઈમદાદઅલી ચંપા
રૂા.૨૫/- મો.શાહિદઅલી ઈમદાદઅલી ચંપા
રૂા.૫૦/- મો.અહેસાનઅલી રહીમભાઈ ચંપા
રૂા.૨૫/- મો.સકીનાબેન અહેસાનઅલી ચંપા
રૂા.૧૧/- મો.ફાતમાબેન કમરઅલી માણસીયા
રૂા.૧૧/- મો.ઝોહરાબેન અલીરઝા માઠા
રૂા.૧૧/- મો.તાહેરાબેન મકબૂલહુસૈન બળ્યા

રૂા.૧૧/- મો.સુગરાબેન મહંમદઅલી બળ્યા
રૂા.૧૧/- મો.આબેદાબેન ઈબ્રાહીમભાઇ પટેલ
રૂા.૧૧/- મો.નજમાબેન નજરઅલી પનિયા
રૂા.૫૦/- મો.કુલસૂમફાતેમા ઈમદાદઅલી બળ્યા

રૂા.૧૧૧૧/- મો.હસનભાઇ રાજાભાઇ તાજવાલા (કાણોદર)ને તા.૩૦/૬/૧૨ના રોજ નોકરીમાંથી વયનિવૃત્તિ મળી તેની ખુશાલી પ્રસંગે જાફરી આવાઝ (માસિક)ને ઉત્તેજન અર્થે.

રૂા.૧૧૧૦/- મો.મર્હૂમા જીજીબેન દાઉદભાઇ બટ્ટી (બાદરપુર)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી મળેલ ડોનેશન.

રૂા.૧૦૦/- મો.મર્હૂમ ઈસ્માઇલભાઇ કરીમભાઇ રાબડી (બાદરપુર)ની રૂહના સવાબ અર્થે.

મર્હૂમા મો.ઝયનબબેન ગુલામહુસૈન ભગત (બાદરપુર)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.

રૂા.૨૫૦/- મો.ગુલામહુસૈન સુલેમાનભાઇ ભગત
રૂા.૨૫૦/- મો.સાબિરહુસૈન ગુલામહુસૈન ભગત
રૂા.૧૦૦/- મો.ઈસ્માઈલ સુલેમાન ભગત
રૂા.૧૦૦/- મો.કુલસુમબેન સુલેમાનભાઇ ભગત
રૂા.૧૦૦/- મો.સુગરાબેન સાબિરહુસૈન ભગત
રૂા.૫૦/- મો.સાજેદાબેન સાબિરહુસૈન ભગત
રૂા.૫૦/- મો.મેઅરાજફાતેમા સાબિરહુસૈન ભગત
રૂા.૫૦/- મો.કામયાબઅલી સાબિરહુસૈન ભગત
રૂા.૫૦/- મો.ખુદેજાબેન ગુલામમહંમદ સુથાર
રૂા.૫૦/- મો.હુસૈનાબેન આબિદઅલી સથાર
રૂા.૫૦/- મો.ફાતમાબેન ઈસુબભાઇ સુથાર
રૂા.૨૫૦/- મો.ઈસ્માઈલભાઇ ઈબ્રાહીમભાઇ સુથાર
રૂા.૨૫૦/- મો.ગુલામહુસૈન ઈબ્રાહીમભાઇ સુથાર
રૂા.૨૫૦/- મર્હૂમ અબ્બાસભાઇ ઈબ્રાહીમભાઇ સુથાર
રૂા.૨૫૦/- મો.મહંમદઅલી ઈબ્રાહીમભાઇ સુથાર

મો.હસનઅબ્બાસ ગુલામઅલી સુથાર (પારસાવાળા) સિવિલ એન્જિનિયરીંગ (M.E.) ના બીજા વર્ષમાં ૭૫% ગુણ મેળવી પાસ થયા તેની ખુશાલી પ્રસંગે મળેલ ડોનેશન.

રૂા.૫૧/- મો.હસનઅબ્બાસ ગુલામભાઇ રહીમભાઈ સુથાર (પારસા)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા (રહે.અ.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૧/- મો.ગુલામઅલી રહીમભાઇ સુથાર (પારસા)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા (રહે.અ.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૧/- મો.ફાતમાબેન ગુલામઅલી સુથાર (પારસા)તરફથી જનાબા સૈયદા ઈતરતફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦/- મો.હસનઅબ્બાસ કાસિમઅલી મસી (મોલીપુર–અમદાવાદ)તરફથી કરબલાના શહીદોની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૧/- મો.ગુલામહુસૈન રસૂલભાઈ મહેસાણીયા (બાદરપુર)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા (રહે.અ.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૩૦/- મો.શબ્બીરઅલી શરીફભાઈ ભટ્ટા (ઈલોલ, હૈદરીગાબ–જુહાપુરા) તરફથી તેમના પુત્ર મો.હુસૈનમહંમદે પોતાની C.A.ની નવીન ઓફિસ ૨૦૪/૪, અનિકેત બિલ્ડીંગ, ગીરીશ કોલ્ડ્રીંક્સ ચાર રસ્તા, સી. જી. રોડ, અમદાવાદ (૯૯૭૪૩૭૨૫૪૫) ખાતે ૧૮મી ઝિલહજથી શુભારંભ કર્યો તેની ખુશાલી પ્રસંગે.